શ્રી ઉમાસ્વાતિવાચકવર વિરચિત

# શ્રી પ્રશમરતિપ્રકરણ

(સંસ્કૃત-ગુજરાતી)

卐

: અનુવાદક-સંપાદક :

પંન્યાસ શ્રી રાજશેખર વિજયજી ગણી

श्री शंखेश्वर पार्श्वनाथाय नमः

વાચકવર શ્રી ઉમાસ્વાતિ મહારાજ રચિત

# પ્રશમરતિ પ્રકરણ

( સંસ્કૃત-ગુજરાતી )

卐

* અનુવાદક-સંપાદક *


પ. પૂ. આચાર્યદેવ શ્રી હીરસૂરીશ્વરજી મ. ના શિષ્ય
પ. પૂ. પંન્યાસ શ્રી લલિતશેખર વિ. ગણીના શિષ્ય
પંન્યાસ શ્રી રાજશેખરવિજયજી ગણી


卐


-: પ્રકાશક :-

બોરડી જૈન સંઘ

સ્ટે. ઘોલવડ, જિ. થાણા

પીન ૪૦૧૭૦૧

卐

ત્રીજી આવૃત્તિ-નકલ ૧૦૦૦ વિ. સં. ૨૦૪૪

મુદ્રક : જગત ટ્રેડર્સ, ૨૧/એ, શાંતિ કો., ઘીકાંટા.

બોરડીમાં જૈનમંદિર–ઉપાશ્રયનો હિસાબ
સંભાળનાર તથા દેખરેખ રાખનાર
શ્રાદ્ધવર્ય શ્રી કેવળચંદજી લાલચંદજી
દ્વારા બોરડી જૈન સંઘ તરફથી
આ પુસ્તકના પ્રકાશન માટે
જ્ઞાનખાતાની રકમ
મળી છે.
આથી આ પુસ્તકનું પ્રકાશન
બોરડી જૈન સંઘ તરફથી
કરવામાં આવ્યું છે.

— આર્થિક સહાયક —

આ પુસ્તક મુમુક્ષુઓને ભણવા માટે
ભેટ આપવા સ્વ. જશીબહેન કાંતિલાલ મશરૂવાળા
શ્રુતજ્ઞાનવૃદ્ધિ ફંડ તરફથી
૩૦૦/- રૂપિયા મળ્યા છે.

— પંચાશક પ્રકાશન સમિતિ

# પ્રશમ

## ( પ્રથમ આવૃત્તિમાંથી )

માનવના મગજમાં, કાળ, પરિસ્થિતિ, સંયોગ આદિના આધારે અનેક ઇચ્છાઓ જન્મે છે અને વિલય પામે છે, જેમ મહાસાગરમાં મોજાં. પણ એક મહા ઇચ્છા એવી છે કે, જે સદા રહે છે, કોઇ પણ સંયોગોમાં, કોઇ પણ કાળમાં કે કોઈપણ પરિસ્થિતિમાં તેનું પરિવર્તન થતું નથી. એ મહાઇચ્છા છે "સદા સંપૂર્ણ શાંતિમય જીવનની." જગતનો કોઇ માનવી એવો નથી કે, જેનામાં આ ઇચ્છા સદા ન હોય.

સર્વ મનુષ્યોને જીવન ગમે છે. કોઇ પણ મનુષ્યને મરવું ગમતું નથી. તે નિરુપાયે જ મરે છે. કેટલીક વાર કોઈ મનુષ્યમાં મરવાની ઇચ્છા પ્રગટે છે, પણ તે ઇચ્છા કોઇ દુ:ખના કારણે જન્મે પણ છે, નહિ કે મરણ પ્રિય છે માટે. આથી જ એ પણ સિદ્ધ થાય છે કે મનુષ્યને સદા જીવન જોઈએ છે, પણ શાંતિ હોય તો. શાંતિ પણ અમુક ટાઇમ પુરતી જ જોઇએ છે એમ નથી, કિંતુ સદા માટે જોઇએ છે. સદા શાંતિ પણ સર્વ પ્રકારના દુ:ખથી રહિત જોઇએ છે. દુ:ખનો એક અંશ પણ ગમતો નથી. આથી મનુષ્યોને "**સદા સંપૂર્ણ શાંતિમય જીવનની**" ઇચ્છા છે એમાં કોઇથી પણ ના કહી શકાય તેમ નથી.

મનુષ્યોને સદા સંપૂર્ણ શાંતિમય જીવનની ઇચ્છા હોવા છતાં મોટા ભાગના મનુષ્યો દુ:ખની–અશાંતિની આગમાં ભડથું થઈ રહ્યા છે એમ માનવ જગત ઉપર દૃષ્ટિપાત કરતાં જણાઈ

આવે છે. તેઓની પૂર્ણ શાંતિ તો દૂર રહી, અપૂર્ણ શાંતિ પણ પામતા નથી, તેમનું જીવન અશાંતિમય હોય છે.

જીવનમાં અશાંતિ કેમ છે અને તેને કેવી રીતે દૂર કરી શકાય એ પ્રશ્નોનું સમાધાન આ ગ્રંથમાં વિસ્તારથી કરવામાં આવ્યું છે. અહીં આપેલું એ સત્ય સમાધાન દુનિયાના ભૌતિક કોઈ શાસ્ત્રમાંથી નહિ મળે.

**અશાંતિમય જીવનનું પ્રધાન કારણ મોહ અને અજ્ઞાનતા છે. રેશમનો કીડો કે કરોળિયો સ્વયં ઉત્પન્ન કરેલી જાળમાં ફસાય છે, તેમ જીવો અજ્ઞાનતાના યોગે જાતે જ ઉત્પન્ન કરેલાં અનેક પ્રકારનાં દુ:ખોની જાળમાં અટવાઈ જાય છે.**

અજ્ઞાન જીવો દુ:ખનાં કારણોને સુખનાં કારણો માને છે. બાહ્ય ભૌતિક પદાર્થોથી સુખ મળે છે અને તેના અભાવે દુ:ખ મળે છે એવી તેમની માન્યતા છે. પોતાને સુખી માનનાર અજ્ઞાન માનવને પૂછવામાં આવે કે તમે સુખી કેમ છો, તો તે ઝટ કહેશે કે, મારી પાસે સંપત્તિ છે, સત્તા છે, સૌન્દર્ય છે, સ્વજન સ્નેહીઓ છે, મોટર છે, બંગલો છે, ટેલિફોન વગેરે પણ છે. પોતાને દુ:ખી માનનાર કોઈ વ્યક્તિને દુ;ખનું કારણ પૂછવામાં આવે તો તે તેના જવાબમાં મારી પાસે ધન નથી, મોટર, બંગલો વગેરે સુખનાં સાધનો નથી...આવું જ સાંભળવા મળે.

આથી સુખનાં સાધનો મળતાં, એમનો ઉપયોગ કરતાં અને એમનું રક્ષણ કરતાં આનંદ–રાગ કરે છે અને સુખનાં સાધનો ન મળે કે જતાં રહે ત્યારે શોક–દ્વેષ કરે છે.

પ્રસ્તુત ગ્રંથકાર મહાપુરુષ કહે છે કે-**સંસારસુખ અને તેનાં સાધનો ઉપર રાગ તથા દુ:ખ અને દુ:ખનાં**

---

* ૪૦ મી ગાથા જુઓ.

**સાધનો ઉપર દ્વેષ એ જ જીવોના દુઃખનું મૂળ છે.** રાગ-દ્વેષના યોગે કર્મબંધ થાય છે. કર્મના યોગે જન્માદિ રૂપ સંસાર છે. સંસારના કારણે દુઃખનો અનુભવ કરવો પડે છે. આમ દુઃખનું મૂળ + રાગ-દ્વેષ છે. આથી રાગ-દ્વેષ દૂર થતાં દુઃખ દૂર થાય છે અને સત્ય સુખનો અનુભવ થાય છે.

રાગ-દ્વેષનો અભાવ એ જ પ્રશમ છે. પ્રશમના યોગે પ્રાપ્ત થતું સુખ જ સત્ય સુખ છે. જીવોને પ્રશમસુખ મળે એ જ ઇરાદાથી પ્રસ્તુત ગ્રંથની રચના કરવામાં આવી છે. ગ્રંથકાર મહર્ષિએ આ ગ્રંથમાં પ્રશમસુખ એ જ સત્ય સુખ છે, આથી પ્રશમસુખ માટે જ પ્રયત્ન કરવો જોઇએ, એમ વારંવાર ઉપદેશ આપ્યો છે.

**વર્તમાનમાં આપણા માટે સ્વર્ગનું સુખ દૂર છે, મોક્ષનું સુખ તો એથી ય વધારે દૂર છે. પણ પ્રશમ સુખ તો આપણી પાસે જ છે. સ્વર્ગસુખ અને મોક્ષસુખ તો મળશે ત્યારે મળશે, પણ પ્રશમસુખ તો વર્તમાન જીવનમાં મળી શકે છે. ભોગસુખો ભયથી ભરેલા છે, જ્યારે પ્રશમ સુખ નિર્ભય છે. ભોગસુખ માટે ભૌતિક સાધનોની ભીખ માગવી પડે છે, જ્યારે પ્રશમસુખ સ્વાધીન છે. ભોગસુખમાં શરીરશ્રમ અને ધનવ્યય કરવો પડે છે, જ્યારે પ્રશમસુખમાં નથી તો શરીરશ્રમની જરૂર અને નથી તો ધનવ્યયની જરૂર, જરૂર છે માત્ર મનને કેળવવાની. ***

પ્રશમસુખનો અનુભવ કરવા મનને કેળવીને અત્યારસુધી ગુંથેલી રાગ-દ્વેષની જટિલ જાળને છેદી નાખવી જોઇએ.

---

+ ૫૩ થી ૫૭ ગાથા જુઓ.

* ૨૩૭ મી ગાથા જુઓ.

પ્રસ્તુત ગ્રંથમાં રાગ-દ્વેષની આ જાળને કોણ છેદી શકે એના ઉત્તરમાં **જિનાજ્ઞાપૂર્વક અપ્રમત્તપણે ચારિત્રનું પાલન કરનાર સાધુ મહાત્મા રાગ-દ્વેષની જાળને છેદી શકે** છે એમ જણાવ્યું × છે. ત્યાર બાદ જિનાજ્ઞા પૂર્વક અપ્રમત્તપણે ચારિત્રપાલન કરનાર સાધુ કેવો હોય, એના હૃદયની ભાવના કેવી હોય, એનું વર્તન કેવું હોય, આદર્શ સાધુ બનવા માટે કયા કયા ગુણો જોઈએ, નમ્રતા કેવી જોઈએ વગેરે વિષયોનું હૃદયંગમ વર્ણન છે. આથી દરેક સાધુ ભગવંતે અને સાધ્વીજી મહારાજે આ ગ્રંથને કંઠસ્થ કરીને વારંવાર તેનું અધ્યયન અને અધ્યાપન કરવું જોઈએ.

સાધુના આચારોનું પાલન સાધુતાનું ભૂષણ છે. જેમ જેમ સાધુના આચારોનું પાલન મજબૂત બને છે તેમ તેમ સાધુતા અધિક ખીલે છે. સાધુના આચારોનું પાલન વૈરાગ્ય આદિના આધારે થાય છે. સાધુમાં જેમ જેમ વૈરાગ્ય પ્રબળ બને તેમ તેમ આચારોના પાલનનો ઉત્સાહ પણ પ્રબળ બને છે. વૈરાગ્ય પ્રબળ બનાવવા આવા ગ્રંથોનું અધ્યયન ઘણું જ જરૂરી છે. જો પૂ. સાધુ ભગવંતો અને સાધ્વીજી મહારાજો વૈરાગ્ય અને આચારના ઉપદેશથી છલકાતા આવા ગ્રંથોને કંઠસ્થ કરીને તેના અર્થને આત્મસાત્ કરે તો સાધુના આચારોમાં શિથિલતા ન આવે અને આવેલી શિથિલતા ભાગવા માંડે. પૂ. સાધુ-સાધ્વી સમુદાયમાં ઓછાવત્તા અંશે આચારોની શિથિલતા આવી છે એ અંગે કોઈનાથી ના કહી શકાય તેમ નથી. આ શિથિલતાનું મુખ્ય કારણ આવા ગ્રંથોનું અધ્યયન કરીને આત્મસાત્ બનાવવાની ખામી છે. તેવા પ્રકારના શરીર આદિના કારણે પણ શિથિલતા આવે એ સહજ છે પણ એ કારણ સામાન્ય છે. આ વિષય ઘણી જ વિચારણા માગી લે છે.

---

× ૫૮ મી (વગેરે) ગાથા જુઓ.

જેમ સાધુઓના આચારમાં શિથિલતા આવી છે તેમ શ્રાવકોના આચારમાં પણ શિથિલતા ઠીક ઠીક આવી છે. વર્તમાન જૈન કુટુંબો ઉપર દૃષ્ટિપાત કરતાં જૈન ગણાતાં મોટા ભાગનાં કુટુંબોમાં વૈરાગ્યની અને શ્રાવકને છાજે તેવા આચારોની ખોટ જોવામાં આવે છે. જૈન કુળોમાં દિન પ્રતિદિન વૈરાગ્ય અને જૈનાચારો ઘટતા જાય છે. સારા કહેવાતાં જૈન ઘરોમાં પણ આજે અભક્ષ્યભક્ષણ, રાત્રિભોજન આદિ અનીચ્છનીય પ્રવૃત્તિ વધી રહી છે.

આજે જૈન યુવાનો અને યુવતિઓ બાહ્ય શિક્ષણ માટે ઠેઠ કોલેજ સુધી પહોંચે છે. પણ તેમનામાં ધાર્મિક શિક્ષણનો પ્રાયઃ અભાવ હોય છે. બાહ્ય શિક્ષણને પામેલા જૈન યુવાનો અને યુવતિઓને જૈન તત્ત્વોનું અને આચારોનું જ્ઞાન ન મળે તો વર્તમાનમાં જૈન કુટુંબોમાં જૈન આચારોની જેટલી હાનિ થઈ રહી છે, તેનાથી પણ અધિક હાનિ ભવિષ્યમાં થાય એ સુસંભવિત છે.

ઘરોમાં આચારોના પાલનનો અધિક આધાર સ્ત્રીઓ ઉપર રહે છે. જે ઘરમાં ગૃહિણી વૈરાગ્ય અને જૈન આચારોથી ભાવિત હોય છે તે ઘરમા જૈન આચારો ન હોય તો આવે છે અને હોય તો વૃદ્ધિ પામે છે. જે ઘરમાં ગૃહિણી વૈરાગ્ય અને જૈન આચારોથી વંચિત હોય છે તે ઘરમાં જૈન આચારોની વૃદ્ધિ તો ન થાય, બલ્કે કદાચ હાનિ પણ થાય એ શંકય છે, આથી જૈન કુટુંબોમાં જૈન આચારોના પાલનમાં શ્રેષ્ઠ ગૃહિણી ઘણો જ મહત્ત્વનો ભાગ ભજવે છે. બાહ્ય શિક્ષણથી શિક્ષિત બનેલી જૈન યુવતિઓને જો જૈન તત્ત્વો અને આચારો સમજાવીને તેના હૃદયમાં ઠસાવવામાં આવે તો, તે યુવતિઓ ત્યાગમાર્ગ તરફ વળે; સંપૂર્ણ ત્યાગમાર્ગ ન સ્વીકારી શકે તો

પણ એક આદર્શ ગૃહિણી તરીકેનું જીવન જીવે અને સ્વકુટુંબને જૈન આચારોથી મઘમઘતું બનાવી દે. પોતાના સંતાન આદિનું જીવન સદાચારમય બને એ માટે પણ ઘટતું અવશ્ય કરે.

સ્ત્રીઓમાં અમુક દુર્ગુણો હોવા છતાં અમુક સુગુણો એવા હોય છે કે જે પુરુષોમાં દુર્લભ હોય છે. સ્ત્રીઓમાં સ્વાભાવિક રીતે જ પુરુષને (પતિ આદિને) આકર્ષવાની શક્તિ રહેલી હોય છે. એટલે જો સ્ત્રી જૈન આચારોથી ભાવિત હોય તો કુટુંબના અન્ય માણસોને પણ આકર્ષીને જૈન આચારોથી ભાવિત બનાવે આથી જૈન યુવતિઓને જૈન તત્ત્વો અને આચારો વ્યવસ્થિત રીતે સમજાવીને તેના હૃદયમાં ઠસાવવામાં આવે તો જૈન આચારોના પાલનમાં આવેલી શિથિલતા ઘટવા માંડે.

યદ્યપિ, જૈન યુવાનો માટે પણ આ જરૂરી છે, પણ તેના કરતાં જૈન યુવતિઓ માટે વધુ જરૂરી છે. યુવતિમાં જૈન આચારો હોય તો તેણીના સંપર્કથી યુવાન ઉપર પણ તે આચારોની પ્રાયઃ અસર થાય છે. યુવાનોને જૈન આચારોથી ભાવિત બનાવવાનું કામ સુસંયમી સાધુઓનું છે, તો યુવતિઓને જૈન આચારોથી ભાવિત બનાવવાનું કામ સ્વાચારના પાલનમાં તત્પર સાધ્વીજી મહારાજોનું છે. જૈન યુવતિઓને જૈન તત્ત્વો અને આચારો સમજાવવાનું કામ પૂ. સાધ્વીજી મહારાજો સહેલાઈથી સુંદર રીતે કરી શકે. સાધુ ભગવંતો સ્ત્રીઓને અમુક મર્યાદામાં રહીને જ બોધ આપી શકે. જ્યારે સાધ્વીજી મહારાજો યુવતિઓની બહુ જ નિકટમાં (સંપર્કમાં) આવીને તેમને સમજાવી શકે છે. આથી સાધ્વીજી મહારાજોએ આ અંગે સ્વશક્તિ અને સંયોગ પ્રમાણે સ્વમર્યાદામાં રહીને જ ઘટતું કરવું જોઈએ.

સાધ્વીજી મહારાજો સંસ્કૃત–પ્રાકૃત ભાષાનું, પ્રકરણ ગ્રંથોનું અને શ્રાદ્ધવિધિ, ધર્મસંગ્રહ, ધર્મબિંદુ, ધર્મરત્નપ્રકરણ, યોગ-

શાસ્ત્ર વગેરે આચાર ગ્રંથોનું સંગીન અધ્યયન કરીને, પોતાના આત્માને સાધુના આચારોથી ભાવિત બનાવે અને જૈન યુવતિઓને (સ્વમર્યાદામાં રહીને) જૈન તત્ત્વો અને આચારો સમજાવીને તેના પાલન માટે પ્રેરણા આદિ કરવાનો પ્રયત્ન કરે તો જૈન આચારોની આવેલી ઓટ દૂર થાય એ સુશક્ય છે. જૈન કુટુંબોમાં જૈન આચારોની શિથિલતાને દૂર કરવાના અનેક ઉપાયોમાં આ ઉપાય ઘણો જ સુંદર છે. વર્તમાનમાં આ ઉપાયની ખાસ જરૂર છે. આ ઉપાયને સફલ બનાવવા સાધ્વી સમુદાયમાં સંસ્કૃત પ્રાકૃત ભાષાનું જ્ઞાન તથા પ્રકરણ ગ્રંથો અને આચારગ્રંથોનું સંગીન અધ્યયન અનિવાર્ય છે.

પ્રવ્રજ્યા દિનથી જ ગુર્વાજ્ઞા મુજબ સ્વાધ્યાય તરફ અધિક લક્ષ્ય રાખવામાં આવે તો જ સંગીન અધ્યયન થઈ શકે. આનો અર્થ એ નથી કે બીજા યોગો તરફ દુર્લક્ષ્યવાળા બની જવું. પણ કેવળ બાહ્ય તપ તરફ લક્ષ્ય રાખીને, કેવળ જાપ ઉપર જ લીન બનીને, નિષ્કારણ આમથી તેમ અને તેમથી આમ વિહારને મુખ્ય બનાવીને, કે નિદ્રા-વિકથા આદિ પ્રમાદમાં પડીને સ્વાધ્યાયને ખીંટીએ લટકાવી દેવો એ હિતાવહ નથી. જેમ સાધુ ભગવંતો માટે પ્રતિદિન સ્વાધ્યાય અનિવાર્ય છે, તેમ સાધ્વીજી મહારાજો માટે પણ દરરોજ સ્વાધ્યાય આવશ્યક છે. યદ્યપિ વર્તમાનમાં સાધ્વીસમુદાયોમાં પઠન-પાઠનની પ્રવૃત્તિ વધી રહી છે, તે છતાં જોઈએ તેટલી નથી. સાધ્વીજી મહારાજોએ પ્રશમરતિ જેવા વૈરાગ્યોત્પાદક અને આચાર પ્રતિપાદક ગ્રંથોનું અધ્યયન અવશ્ય કરવું જોઈએ.

પ્રસ્તુતગ્રંથમાં મુખ્યતયા વૈરાગ્ય, આચાર અને તત્ત્વ એ ત્રણ વિષયોનો ઉપદેશ છે આ ગ્રંથ મુખ્યતયા સાધુને ઉદ્દેશીને લખાયો હોવા છતાં સાધુ અને ગૃહસ્થ બંનેને એકસરખો ઉપયોગી છે. આમાં પ્રારંભમાં કરેલું વિષયોની વિષમતાનું વર્ણન

ગૃહસ્થોના વિષયરાગના વિષને નિચોવી નાખનાર પરમમંત્રરૂપ છે. આ ગ્રંથના પાછળના ભાગમાં તત્ત્વજ્ઞાનનો વિષય આવે છે. ગૃહસ્થો એ વિષયનું સમ્યગ્ અધ્યયન કરે તો તેમના આત્મામાં સમ્યગ્દર્શનરૂપ પ્રદીપ પ્રગટે અને પ્રગટેલું સમ્યગ્દર્શન વિશુધ્ધ બને. તથા અંતે ૩૦૨ થી ૩૦૮ એ સાત ગાથાઓમાં ગૃહસ્થ ધર્મનું વર્ણન પણ સંક્ષેપમાં સુંદર રીતે કર્યું છે.

મેં વર્ષો પૂર્વે સંપૂર્ણ કંઠસ્થ કરીને આ ગ્રંથનો અલ્પ સ્વાદ ચાખ્યો હતો. એ સ્વાદનો ચટકો લાગી જવાથી તેની ટીકા વાંચવાની ઈચ્છા થયા કરતી હતી. પણ સંજોગવશાત્ તે ઇચ્છા અત્યાર સુધી અપૂર્ણ જ રહી હતી. ભાગ્યયોગે અત્યારે આ ગ્રંથની બે ટીકા અને એક અવચૂરિ એ ત્રણને એકી સાથે વાંચવાનો સુયોગ સાંપડયો. એ ત્રણના આધારે પ્રસ્તુત અનુવાદ કરવામાં આવ્યો છે. સંસ્કૃતના અભ્યાસીઓ મૂળ શ્લોકના આધારે અર્થ કરી શકે એ માટે જ્યાં જરૂર જણાઇ ત્યાં ટીકાના આધારે નીચે ટીપ્પણ કરી છે. આ અનુવાદમાં અનુપયોગ આદિથી કંઇ અઘટિત લખાયું હોય તો ત્રિવિધે મિચ્છામિ દુક્કડં.

વાપી — મુનિ રાજશેખરવિજય.

૨૦૨૫, આ. સુ. ૧૨

# શુદ્ધિપત્રક

| પાનું | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧ | ૧૮ | ગ્રથમાં | ગ્રંથમાં |
| ૭ | ૧૮ | અને | અનેક |
| ૧૧ | ૧૨ | પ્રચંડ | પ્રચંડન |
| ૨૪ | ૩ | निवृत्ति | निर्वृत्तिः |
| ૨૪ | ૧૮ | કોઇ | કંઈ |
| ૨૬ | ૨૦ | –कारि | कारी |
| ૩૬ | ૪ | પ્રાણી | પાણી |
| ૪૦ | ૨ | छाशरम्भा | छाशारम्भा |
| ૫૧ | ૨ | આદિના | આદિ |
| ૫૭ | ૬ | अन्योऽह | अन्योऽहं |
| ૧૦૪ | ૫ | षीरः | धीरः |
| ૧૦૯ | ૨ | पञ्चास्रवा | पञ्चास्रवा |
| ૧૧૩ | ૪ | तद्ब्रह्म | तद् ब्रह्म |
| ૧૧૩ | ૫ | मूर्च्छा | मूर्च्छां |
| ૧૧૫ | ૫ | प्रसादजननी | प्रसादजननीं |
| ૧૨૦ | ૫ | मुक्ता | मुक्ताः |
| ૧૨૨ | ૨૦ | કાય | ત્રસકાય |
| ૧૨૫ | ૬ | પંચેંદ્રિય | સંજ્ઞી પંચેંદ્રિય |
| ૧૬૩ | ૨૧ | –ऽभिहितमू | –ऽभिहितम् |
| ૧૬૪ | ૧૬ | સથે | સાથે |
| ૨૦૯ | ૧૭ | સિક. | સિદ્ધ |

# વિષયાનુક્રમણિકા


| અધિકાર | ગાથા | અધિકાર | ગાથા |
|---|---|---|---|
| ૧ પીઠબંધ | ૧-૧૯ | ૧૫ મોક્ષસાધન | ૨૨૨-૨૩૪ |
| ૨ કષાય | ૨૦-૩૨ | ૧૬ પ્રશમસુખ | ૨૩૫-૨૪૨ |
| ૩ કર્મ | ૩૩-૩૮ | ૧૭ શીલાંગ | ૨૪૩-૨૪૫ |
| ૪ ઇંદ્રિય-વિષય | ૩૯-૫૭ | ૧૮ ધ્યાન | ૨૪૬-૨૪૮ |
| ૫ દોષવિનાશોપાય | ૫૮-૬૫ | ૧૯ ક્ષપકશ્રેણિ | ૨૪૯-૨૭૧ |
| ૬ વિનય | ૬૬-૮૦ | ૨૦ સમુદ્ઘાત | ૨૭૨-૨૭૬ |
| ૭ મદ | ૮૧-૧૦૨ | ૨૧ યોગનિરોધ | ૨૭૭-૨૮૧ |
| ૮ ઇંદ્રિયજય | ૧૦૩-૧૧૧ | ૨૨ શૈલેશી | ૨૮૨-૨૯૦ |
| ૯ આચાર | ૧૧૨-૧૩૩ | ૨૩ શિવગમન | ૨૯૧-૨૯૫ |
| ૧૦ કલ્પ્યાકલ્પ્ય | ૧૩૪ ૧૪૮ | ૨૪ સાધુધર્મફલ | ૨૯૬-૩૦૧ |
| ૧૧ ભાવના | ૧૪૯-૧૬૬ | ૨૫ ગૃહસ્થધર્મફલ | ૩૦૨-૩૦૯ |
| ૧૨ ધર્મ | ૧૬૭-૧૮૦ | ૨૬ સજ્જનપ્રાર્થના | ૩૧૦-૩૧૨ |
| ૧૩ ધર્મકથા | ૧૮૧-૧૮૮ | ૨૭ અંતિમમંગલ | ૩૧૩ |
| ૧૪ નવતત્ત્વ | ૧૮૯-૨૨૧ | | |

॥ श्रीमदुमास्वातिवाचकभगवत्प्रणीतः ॥

# ॥ श्रीप्रशमरतिग्रन्थः ॥

## (१) પીઠબંધ અધિકાર

नाभेयाद्याः सिद्धार्थराजसूनुचरमाश्चरमदेहाः ।
पञ्च नव दश च दशविध–धर्मविधिविदो
जयन्ति जिनाः ॥ १ ॥
जिनसिद्धाचार्योपाध्यायान् प्रणिपत्य सर्वसाधूंश्च ।
प्रशमरतिस्थैर्यार्थं, वक्ष्ये जिनशासनात्किञ्चित् ॥२॥

---

મંગલાચરણ અને ગ્રંથવિષય નિર્દેશ–

[ ૧–૨ ] આદિનાથથી મહાવીરસ્વામી સુધીના, ચરમ શરીરી અને ક્ષાંતિ આદિ [૧] દશ પ્રકારના યતિધર્મની વિધિના જ્ઞાતા, ચોવીશ તીર્થંકરો જયવંતા વર્તે છે.

તીર્થંકરો, સિદ્ધો, આચાર્યો, ઉપાધ્યાયો અને સર્વ સાધુઓને નમસ્કાર કરીને **પ્રશમરસના પ્રેમને પ્રબળ બનાવવા** જિનશાસનને અનુસરીને કંઈક (–લઘુ પ્રશમરતિ પ્રકરણ) કહીશ.

---

૧ આ ગ્રંથમાં ગા. ૧૬૭ વગેરે.

यद्यप्यनन्तगमपर्ययार्थहेतुनयशब्दरत्नाढ्यम् ।
सर्वज्ञशासनपुरं, प्रवेष्टुमबहुश्रुतैर्दुःखम् ॥ ३ ॥
श्रुतबुद्धिविभवपरिहीणकस्तथाप्यहमशक्ति-
मविचिन्त्य ।
द्रमक इवावयवोञ्छक[२]-मन्वेष्टुं तत्प्रवेशेप्सुः ॥४॥

---

પ્રશમ=શાંતિ. પ્રતિકૂળતામાં ઉદ્વેગ-હાય વોય કે ક્રોધ આદિ ન કરવું એટલો જ શાંતિનો અર્થ નથી, અનુકૂળતામાં પણ હર્ષ આદિને વશ ન થવું એ પણ શાંતિ છે. અર્થાત્ પ્રતિકૂળતામાં ઉદ્વેગ આદિને અને અનુકૂળતામાં હર્ષ આદિને વશ ન બનવું-સમભાવ રાખવો એ જ સાચી શાંતિ છે.

[ ૩-૪ ] અનંત ગમ, પર્યય, અર્થ, હેતુ, નય અને શબ્દ રૂપ રત્નોથી સમૃદ્ધ સર્વજ્ઞ શાસનરૂપ નગરમાં પ્રવેશ અલ્પજ્ઞાનિઓ માટે કઠીન છે; તેમાં પણ હું આગમાભ્યાસ અને બુદ્ધિરૂપ ધનથી અત્યંત રહિત છું, એટલે મારા માટે તો સર્વજ્ઞ શાસનરૂપ નગરમાં પ્રવેશ અત્યંત કઠીન છે. આમ છતાં, જેમ [સંપત્તિથી સમૃદ્ધ નગરમાં શ્રીમંત માણસો જ

---

२ अवयवानां परिशाटितानां धान्यकणाना-
मुञ्छकं संचयनम् ।

**बहुभिर्जिनवचनार्णवपारगतैः कविवृषैर्महामतिभिः ।**
**पूर्वमनेकाः प्रथिताः प्रशमजननशास्त्रपद्धतयः[३] ॥५॥**

---

ખુશીથી પ્રવેશ કરી શકતા હોવા છતાં] નગરમાં જ્યાં ત્યાં એકઠા થયેલા ધાન્યના કણોને શોધવા રંક મનુષ્ય પોતાની અશક્તિનો વિચાર કર્યા વિના નગરમાં પ્રવેશ કરે છે તેમ, પૂર્વ મહાપુરુષોના પ્રભાવે જ્યાં ત્યાં એકઠા થયેલા પ્રવચનાર્થના કણોને શોધવા હું મારી અશક્તિનો વિચાર કર્યા વિના સર્વજ્ઞ શાસનમાં પ્રવેશ કરવાને તલપાપડ છું.

ગમ=સમાન પાઠો અથવા સપ્તભંગી. પર્યય (પર્યાય)=એક વસ્તુના જુદા જુદા નામો અથવા જુદી જુદી અવસ્થાઓ. અર્થ=શબ્દનો કે વાક્યનો ભાવ. હેતુ=કારણ કે યુક્તિ. નય=અપેક્ષા. નયો સંક્ષેપથી નૈગમ આદિ સાત છે, વિસ્તારથી અનેક-અનંત છે. શબ્દ=અર્થવાળા એક કે વધારે અક્ષરોનો સમૂહ. (બાળક, યુવાન વગેરે શબ્દો.)

## પ્રસ્તુત ગ્રંથરચનાનો આધાર અને હેતુ-

[૫-૭] જિનવચનરૂપ સમુદ્રને પાર પામેલા

---

૩ पद्धतयो=रचनाः ।

ताभ्यो विसृताः श्रुतवाक्-पुलाकिकाः[४] प्रवचना-
श्रिताः काश्चित् ।
पारम्पर्यादुच्छेषिकाः कृपणकेन संहृत्य ॥ ६ ॥
तद्भक्तिबलार्पितया, मयाप्यविमलाल्पया
स्वमतिशक्त्या ।
प्रशमेष्टतयानुसृता,[५] विरागमार्गैकपदिकेयम्[६] ॥७॥

---

અનેક મહામતિ ચૌદ પૂર્વધર કવિવરોએ પૂર્વે પ્રશમરસને ઉત્પન્ન કરનાર અનેક શાસ્ત્રોની રચના કરી છે. તેમાંથી ફેલાયેલા કેટલાક આગમ વચનરૂપ કણો (બિંદુઓ) પ્રવચનને અનુસરનારા છે. ગુરુપરંપરાથી અત્યંત અલ્પ બચેલા એ શ્રુતવચનરૂપ કણોને મેં રંકે ભેગા કરીને, મલિન અને અલ્પ

---

૪ પુલાક શબ્દનો સાર વગરના ધાન્યના કણો વગેરે અર્થ થાય છે. તેને અલ્પ અર્થમાં ક પ્રત્યય લાગતાં સ્ત્રીલિંગમાં પુલાકિકા શબ્દ બન્યો હોય એમ લાગે છે. उच्छेष=બાકી રહેલું. અલ્પ અર્થમાં ક પ્રત્યય લાગતાં સ્ત્રીલિંગમાં उच्छेषिका.

૫ अनुसृता-कृता ।

૬ એકપદી શબ્દનો અર્થ માર્ગ થાય છે. તેને અલ્પ (નાનો માર્ગ) અર્થમાં ક પ્રત્યય લાગતાં સ્ત્રીલિંગમાં એક-પદિકા શબ્દ બન્યો હોય એમ લાગે છે.

**यद्यप्यवगीतार्था,[७] न वा कठोरप्रकृष्टभावार्था ।**
**सद्भिस्तथापि मय्यनुकम्पैकरसैरनुग्राह्या ॥ ८ ॥**

---

સ્વબુદ્ધિની શક્તિથી વૈરાગ્યમાર્ગની પગદંડી સમાન આ રચના કરી છે.

પ્રશ્ન :–તમે કહો છો કે હું આગમનો અભ્યાસ અને (श्रुतबुद्धिविभवपरिहीणकः) બુદ્ધિના વૈભવથી રહિત છું, તો વૈરાગ્યમાર્ગની પગદંડી બનાવવાની થોડી પણ શક્તિ ક્યાંથી આવી ?

ઉત્તર :–(तद्भक्तिबलार्पितया) શ્રુતવચન ઉપર બહુમાન રાખવાથી મને એ શક્તિ મળી છે.

પ્રશ્ન :–જો બુદ્ધિની શક્તિ મલિન અને અલ્પ છે, તો આ પ્રયત્ન શા માટે કર્યો ?

ઉત્તર :– (प्रशमेष्टतया) મને પ્રશમ–વૈરાગ્ય અત્યંત પ્રિય છે. પ્રશમના પ્રેમથી મેં આ પ્રયત્ન કર્યો છે.

## સજ્જનોને પ્રાર્થના—

[ ૮ ] હા, આ રચનામાં વિદ્વજ્જન ભોગ્ય ગંભીર અને ઉત્કૃષ્ટ ભાવો બિલકુલ ન હોવાથી આ રચના

---

૭ अवगीतोऽनादरणीयोऽर्थो यस्याः सा ।

कोऽत्र निमित्तं वक्ष्यति, निसर्गमतिसुनिपु-
णोऽपि वाद्यन्यत् ।
दोषमलिनेऽपि सन्तो, यद् गुणसारग्रहणदक्षाः ॥९॥
सद्भिः सुपरिगृहीतं, यत्किञ्चिदपि प्रकाशतां याति ।
मलिनोऽपि यथा हरिणः,प्रकाशते पूर्णचन्द्रस्थः ॥१०॥
बालस्य यथा वचनं, काहलमपि शोभते पितृसकाशे ।
तद्वत्सज्जनमध्ये, प्रलपितमपि सिद्धिमुपयाति ॥११॥

---

આદરને પાત્ર તો નથી, તો પણ દયાપાત્ર મારા ઉપર અનુકંપાથી તરબોળ સજ્જનોએ આ કૃતિનો સ્વીકાર કરવો.

સજ્જનોનો સ્વભાવ—

[૯–૧૧] સજ્જનો દોષોથી મલિન બનેલી વસ્તુમાં પણ ગુણ રૂપ સારને ગ્રહણ કરવામાં કુશળ હોય છે.

પ્રશ્ન :–આનું શું કારણ?

ઉત્તર :–સજ્જનોનો તેવો સ્વભાવ એ જ આનું કારણ છે. સ્વાભાવિક બુદ્ધિથી અત્યંત કુશળ પણ કયો વાદી આમાં સજ્જનોના સ્વભાવ સિવાય બીજું કારણ કહેશે? નહિ જ. સજ્જનો સ્વભાવથી જ દોષોનો

**ये तीर्थकृत्प्रणीता, भावास्तदनन्तरैश्च परिकथिताः ।**
**तेषां बहुशोऽप्यनुकीर्तनं भवति पुष्टिकरमेव ॥१२॥**
**यद्वद्विषघातार्थं, मन्त्रपदे न पुनरुक्तदोषोऽस्ति ।**
**तद्वद्रागविषघ्नं, पुनरुक्तमदुष्टमर्थपदम् ॥ १३ ॥**

---

ત્યાગ કરનારા અને ગુણોને ગ્રહણ કરનારા હોય છે.

સજ્જનો જે કંઈ (અસાર) પણ આદરથી ગ્રહણ કરે છે તે લોકમાં પ્રસિદ્ધિને પામે છે. અરે! સોળે કળાઓથી ખીલેલા પૂર્ણિમાના ચંદ્રમાના મધ્ય ભાગમાં બેઠેલું હરણ કાળું હોવા છતાં કેવું શોભે છે! (એમ મારી આ રચના અસાર હોવા છતાં સજ્જનોના હાથમાં જવાથી અત્યંત શોભા પામશે.)

જેમ બાળકનું કાલું પણ વચન માતા-પિતાની પાસે શોભે છે. તેમ સજ્જન પાસે ગમે તેવું અનર્થક વચન પણ પ્રસિદ્ધિને પામે છે.

## વૈરાગ્ય શાસ્ત્રનો વારંવાર અભ્યાસ—

[૧૨-૧૫] પ્રશ્ન :-પૂર્વના મહાપુરુષોએ વૈરાગ્યોત્પાદક અને શાસ્ત્રોની રચના કરી છે, એટલે તમારી આ શાસ્ત્રરચના પિષ્ટપેષણ (કહેલી વાતને ફરીથી કહેવી.) રૂપ હોવાથી પુનરુક્તિનો દોષ નહિ આવે?

यद्वदुपयुक्तपूर्वमपि भैषजं सेव्यतेऽर्तिनाशाय ।
तद्वद्रागार्तिहरं, बहुशोऽप्यनुयोज्यमर्थपदम् ॥१४॥
वृत्त्यर्थं कर्म यथा, तदेव लोकः पुनः पुनः कुरुते ।
एवं विरागवार्त्ता–हेतुरपि पुनः पुनश्चिन्त्यः ॥१५॥

---

ઉત્તર :–ના. તીર્થંકરોએ અર્થથી અને ગણધર વગેરેએ સૂત્રથી જે જીવાદિ ભાવો કહ્યા છે, તે ભાવોનું વારંવાર કથન પણ જ્ઞાન–દર્શન–ચારિત્રની પુષ્ટિ કરનાર જ બને છે.

જેમ વિષને ઉતારવા માટે મંત્રનું પદ વારંવાર ઉચ્ચારવામાં પુનરુક્તિ દોષ નથી, તેમ રાગ રૂપ વિષનો નાશ કરનાર અર્થપદનું–શાસ્ત્રનું વારંવાર કથન કરવામાં દોષ નથી.

જેમ પૂર્વે ઉપયોગ કર્યો હોવા છતાં પીડાની શાંતિ માટે ફરી તે જ ઔષધનું સેવન કરવામાં આવે છે, તેમ રાગરૂપ પીડાનો નાશ કરનાર અર્થપદનો –શાસ્ત્રનો વારંવાર પણ પાઠ કરવો જોઇએ.

જેમ લોક આજીવિકા માટે તે જ ધંધો વારંવાર –પ્રતિદિન કરે છે, તેમ જેનાથી વૈરાગ્ય ઉત્પન્ન થાય તેનો વારંવાર અભ્યાસ કરવો જોઇએ.

दृढतामुपैति वैराग्यभावना येन येन भावेन ।
तस्मिँस्तस्मिन् कार्यः, कायमनोवाग्भिरभ्यासः ॥१६॥
माध्यस्थ्यं वैराग्यं, विरागता शान्तिरुपशमः प्रशमः ।
दोषक्षयः कषाय–विजयश्च वैराग्यपर्यायाः ॥१७॥
इच्छा मूर्च्छा कामः स्नेहो गार्ध्यं ममत्वमभिनन्दः ।
अभिलाष इत्यनेकानि रागपर्यायवचनानि ॥१८॥

---

**વૈરાગ્યને લાવવાનો અને દઢ કરવાનો ઉપાય–**

[ ૧૬ ] જે જે ભાવથી (–જન્માદિની વિચારણાથી) વૈરાગ્યભાવના દઢ બને તે તે ભાવમાં મન–વચન–કાયાથી અભ્યાસ કરવો જોઇએ.

**વૈરાગ્યના પર્યાયો–નામો**

[ ૧૭ ] માધ્યસ્થ્ય, વૈરાગ્ય, વિરાગતા, શાંતિ, ઉપશમ, પ્રશમ, દોષક્ષય, કષાયવિજય–એ આઠ વૈરાગ્યના પર્યાયો(–સમાન અર્થવાળા શબ્દો) છે.

**રાગના પર્યાયો—**

[ ૧૮ ] ઈચ્છા, મૂર્છા, કામ, સ્નેહ, ગાર્ધ્ય, મમત્વ, અભિનંદ, અભિલાષ, એમ રાગના અનેક

ईर्ष्या रोषो दोषो, द्वेषः परिवादमत्सरासूयाः ।
वैरप्रचण्डमाद्या, नैके द्वेषस्य पर्यायाः ॥१९॥

---

પર્યાય વચનો છે.

ઇચ્છા=રમણીય રમણી આદિ ઉપર પ્રીતિ. મૂર્છા=બાહ્ય વસ્તુની સાથે એકાકાર બની જવું, અર્થાત્ બાહ્ય વસ્તુમાં ચિત્ત ચોંટી જવું. કામ=ઇષ્ટ વસ્તુની પ્રાર્થના-માગણી. સ્નેહ=પુત્રાદિ વિષે રાગ. ગાર્દ્ધ્ય=ગૃદ્ધિ-આસક્તિ. મમત્વ=અન્ય વસ્તુ પર આ વસ્તુ મારી છે, એમ મારાપણાનો ભાવ. અભિનંદ=ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિ થતાં થતો પરિતોષ-આનંદ. અભિલાષ=ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિ માટે મનોરથ-ઇચ્છા.

દ્વેષના પર્યાયો—

[ ૧૯ ] ઇર્ષ્યા, રોષ, દોષ, દ્વેષ, પરિવાદ, મત્સર, અસૂયા, વૈર, પ્રચંડ વગેરે અનેક દ્વેષના પર્યાયો છે.

ઇર્ષ્યા=પરની સંપત્તિ આદિ જોઇને ચિત્તની બળ-

## (૨) કષાય અધિકાર

रागद्वेषपरिगतो, मिथ्यात्वोपहतकलुषया दृष्टया ।
पञ्चास्त्रवमलबहुलार्त्तरौद्रतीव्राभिसन्धानः ॥२०॥

कार्याकार्यविनिश्चयसंक्लेशविशुद्धिलक्षणैर्मूढः ।
आहारभयपरिग्रह–मैथुनसंज्ञाकलिग्रस्तः ॥२१॥

---

તરા. એનાથી પરની સંપત્તિ આદિ દૂર થાય તો સારું એવો ભાવ જાગે છે. રોષ=રીસ, ક્રોધથી થતી નારાજી. દોષ=દ્વેષ. દ્વેષ=અપ્રીતિ. પરિવાદ=પરના દોષો બોલવા. મત્સર=બીજાનું સારું જોઇને તેના પર દ્વેષભાવ રાખવો. અસૂયા=ગુણમાં દોષનું આરોપણ. વૈર=પરસ્પર અણબનાવ. પ્રચંડ=અતિશય ક્રોધ.

### કષાયી (=કષાયવાળા) આત્માના ચિહ્નો—

[૨૦-૨૩] રાગ-દ્વેષથી ઘેરાયેલા જીવની દૃષ્ટિ (-બુદ્ધિ) મિથ્યાત્વથી કલુષિત બની જાય છે.

क्लिष्टाष्टकर्मबन्धन–बद्धनिकाचितगुरुर्गतिशतेषु ।
जन्ममरणैरजस्रं, बहुविधपरिवर्तनाभ्रान्तः ॥२२॥
दुःखसहस्रनिरन्तर-गुरुभाराक्रान्तकर्षितः करुणः ।
विषयसुखानुगततृषः, कषायवक्तव्यतामेति ॥२३॥

---

આથી તે પાંચ [૮]આસ્રવોથી બંધાતા કર્મ રૂપ મલથી વ્યાપ્ત બની જાય છે, [૯]આર્ત-રૌદ્ર ધ્યાનની તીવ્ર વિચારણા કરે છે, એનામાં શું કાર્ય છે અને શું અકાર્ય છે એનો નિર્ણય કરવાની તાકાત હોતી નથી, સંક્લેશ કોને કહેવાય અને વિશુદ્ધિ કોને કહેવાય એનું પણ એને ભાન હોતું નથી, એ સદા આહાર, ભય,

---

૮ પાંચ ઇન્દ્રિયો (રાગ-દ્વેષ કરવાથી) અથવા હિંસા આદિ પાંચ પાપો એ પાંચ આસ્રવો (કર્મોને આવવાનાં દ્વારો) છે.

૯ (૧) ઈષ્ટના સંયોગ માટે, (૨) અનિષ્ટના વિયોગ માટે (૩) અને વેદના દૂર કરવા માટે વિચારણા, તથા ધર્મના ફળ રૂપે આ લોક-પરલોકના સુખની માગણી એમ આર્તધ્યાનના ચાર ભેદ છે (૧) હિંસાના, (૨) અસત્યના, (૩) ચોરીના અને (૪) વિષયસુખનું (=વિષયસુખના સાધનોનું) સંરક્ષણ કરવાના ગાઢ વિચારો એમ રૌદ્રધ્યાનના ચાર ભેદ છે. આ બંને ધ્યાન અશુભ હોવાથી તીવ્ર અશુભ કર્મબંધનું કારણ છે.

પરિગ્રહ, અને મૈથુન એ ચાર સંજ્ઞારૂપ [10]કલહમાં પરોવાયેલો રહે છે, ક્લિષ્ટ આઠ કર્મોના બંધનથી અત્યંત મજબૂત બંધાયેલો હોવાથી ગુરુ (=ભારે) બની ગયો છે,[11] સેંકડો ગતિઓમાં વારંવાર જન્મ-મરણ કરીને અનેક પ્રકારના પરિભ્રમણથી ચકરાવામાં પડેલો છે, હજારો દુઃખોનો મોટો ભારો વહન કરીને બિચારો પીડિત અને દુબળો બની ગયો છે, બિચારો કેવો કરુણ(=દયાપાત્ર) છે ! એને વિષયસુખની તૃષ્ણા જોરદાર સતાવે છે ! વિષયસુખો એને ઘણાં મળ્યાં છતાં ભૂખડી બારસની જેમ ધરાતો જ નથી ! આવો જીવ કષાયી (=કષાયવાળો) કહેવાય છે.

---

૧૦ આહારાદિની સંજ્ઞા કલહનું કારણ હોવાથી ઉપચારથી કલહ રૂપ છે. ૧૧ અથવા, ક્લિષ્ટ આઠ કર્મના સ્પૃષ્ટ, બદ્ધ, નિધત્ત અને નિકાચિત એ ચાર પ્રકારના બંધથી ભારે બની ગયો છે એવો અર્થ પણ ટીકામાં કર્યો છે. સ્પૃષ્ટ-પરસ્પર અડેલી સોયો સમાન. જેમ પરસ્પર અડીને રહેલી સોયોને છૂટી કરવી હોય તો અડવા માત્રથી છૂટી કરી શકાય તેમ, કર્મો વિશેષ ફળ આપ્યા વિના સામાન્યથી (=પ્રદેશોદયથી) ભોગવાઈને આત્માથી છૂટા પડી જાય તેવો બંધ સ્પૃષ્ટ બંધ છે. જે જીવ પાપ કરવાની ઈચ્છા ન હોવા છતાં ચાલે તેમ ન હોવાથી દુભાતા દિલે પાપ કરે તેનો બંધ અત્યંત શિથિલ હોય છે. આવાં કર્મો હૃદયના પશ્ચાત્તાપથી નાશ પણ પામી

**स क्रोधमानमाया–लोभैरतिदुर्जयैः परामृष्टः ।**
**प्राप्नोति याननर्थान्, कस्तानुद्देष्टुमपि शक्तः ॥२४॥**

[ ૨૪ ] અત્યંત દુર્જય ક્રોધ, માન, માયા, લોભ

જાય. **બદ્ધ**–દોરામાં પરોવેલી સોયો સમાન. જેમ દોરામાં પરોવાયેલી સોયોને છૂટી કરવી હોય તો જરા પ્રયત્ન કરવો પડે તેમ, કર્મો થોડું ફળ આપીને છૂટાં થાય તેવો બંધ બદ્ધબંધ છે. ઈચ્છાથી કરેલાં પાપોથી આ બંધ થાય. **નિધત્ત**-દોરામાં પરોવેલી અને કટાઈ ગયેલી સોયો સમાન. આવી સોયોને છૂટી પાડીને ઉપયોગમાં લેવી હોય તો તેલમર્દન આદિ ઘણી મહેનત કરવી પડે છે, એ પ્રમાણે કર્મો ઘણું ફળ આપીને છૂટાં થાય તેવો બંધ તે નિધત્ત બંધ. ઈચ્છાથી અને રાજી થઈને કરેલાં પાપોથી આવો કર્મબંધ થાય. **નિકાચિત**-ઘણથી કુટીને એકમેક બનાવેલી સોયો સમાન. જેમ આવી સોયો ઉપયોગમાં ન લઈ શકાય, તેમાંથી નવી સોયો બનાવવાની મહેનત કરવી પડે, તેમ કર્મો પોતાનું અત્યંત ઘણું ફળ આપીને જ વિદાય થાય તેવો બંધ નિકાચિત બંધ. અત્યંત રાચી-માચીને રસપૂર્વક, આનંદ અને ઉત્સાહથી કરેલા પાપથી આવો બંધ થાય.

પ્રથમના ત્રણ પ્રકારના બંધના ફળમાં શુભાશુભ અધ્ય-વસાયના આધારે ફેરફાર (=વધારેમાંથી ઓછું અને ઓછા-માંથી વધારે) થઈ શકે, પણ નિકાચિત બંધમાં કોઈ જાતનું પરિવર્તન ન થાય. સામાન્ય રીતે જેવી રીતે બાંધ્યું હોય તેવી જ રીતે ભોગવવું જ પડે.

क्रोधात्प्रीतिविनाशं, मानाद्विनयोपघातमाप्नोति ।
शाठ्यात्प्रत्ययहानिः, सर्वगुणविनाशनं लोभात् ॥२५॥
क्रोधः परितापकरः, सर्वस्योद्वेगकारकः क्रोधः ।
वैरानुषङ्गजनकः, क्रोधः क्रोधः सुगतिहन्ता ॥२६॥
श्रुतशीलविनयसन्दूषणस्य धर्मार्थकामविघ्नस्य ।
मानस्य कोऽवकाशं, मुहूर्तमपि पण्डितो दद्यात् ॥२७॥

---

એ ચાર કષાયોને વશ બનેલો તે જીવ જે જે અનર્થો પામે છે, તેને કહેવાને પણ કોણ સમર્થ છે? (આથી એ અનર્થોને દૂર કરવાની વાત જ ક્યાં રહી!)

[ ૨૫ ] ક્રોધથી પ્રેમીઓની સાથે પ્રેમ રહેતો નથી. માનથી ગુણીઓનો વિનય થઈ શકતો નથી. માયાથી લોકોને વિશ્વાસ રહેતો નથી, લોભથી સઘળા ગુણો પલાયન થઈ જાય છે.

[ ૨૬ ] ક્રોધ સંતાપ (=તપારો) પેદા કરે છે, ચિત્તને વ્યાકુળ બનાવે છે, વૈરની પરંપરા સર્જે છે, સુગતિના દરવાજાને તાળું મારી દે છે. ક્રોધના સકંજામાં સપડાયેલો કોઈ પણ જીવ આ અનર્થોથી બચી શકતો નથી.

[ ૨૭ ] શ્રુત, શીલ અને વિનયને અત્યંત દૂષિત કરી નાખનાર, તથા ધર્મ, અર્થ અને કામમાં આડ-

ખીલી કરનાર માનને પોતાના આત્મામાં પેસવા કયો પંડિત ક્ષણવાર પણ તક આપે ? મૂર્ખ ભલે તેને તક આપે, પણ પંડિત કોઈ ન આપે હો !

શ્રુત એટલે આગમ. જ્ઞાન અને અભિમાન એ કેમ બને ? જ્ઞાન તો અભિમાનના ઝેરને નિચોવી નાખનાર પરમ મંત્ર છે. આથી જ્ઞાન હોવા છતાં અભિમાન ન ઓગળે તો જ્ઞાનને લાંછન ન લાગે ?

શીલ એટલે આગમાનુસાર ક્રિયા. એક તરફ આગમાનુસાર ક્રિયાઓ થાય અને બીજી તરફ અભિમાનનો પારો ઊંચે ચડે તો શું એ ક્રિયાઓની વગોવણી ન થાય ?

જ્યાં અહંકાર હોય ત્યાં વિનય હોય નહિ, અને હોય તો દેખાવનો કે સ્વાર્થનો હોવાથી દૂષિત હોય છે.

આગમનો પ્રકાંડ અભ્યાસી હોય, વિદ્યાસાધકને પણ શરમાવે તેવી અપ્રમત્તતાથી શુદ્ધ ક્રિયાઓનું સેવન કરતો હોય, અનેકના મોંમાં આંગળા ઘલાવે તેવો વિનય હોય, પણ અહંકાર....જેમ ઝેરનું એક જ બિંદુ પડ્યા પછી કઢેલું પણ દૂધ બગડી જાય છે; તેમ અહંકારથી આગમજ્ઞાન, ક્રિયા અને વિનય દૂષિત બની જાય છે.

**मायाशीलः पुरुषो, यद्यपि न करोति किञ्चिदपराधम् ।**
**सर्प इवाविश्वास्यो, भवति तथाप्यात्मदोषहतः ॥२८॥**

---

ધર્મનું મૂળ વિનય છે. જ્યાં અહંકાર હોય ત્યાં સાચો વિનય હોય નહિ. સાચા વિનય વિના ધર્મ ક્યાંથી હોય ! ધર્મ ન હોય તો ધર્મથી મળતા અર્થ-કામ પણ શી રીતે હોય ?

અહંકારી મનુષ્ય શેઠ, રાજા, વેપારી, ઘરાક આદિ પ્રત્યે તોછડાઈથી વર્તતો હોવાથી અર્થને (ધનને) અને સ્ત્રી આદિને અનુકૂળ ન રહેવાથી કામને (સંસાર સુખોને) મેળવી શકતો નથી.

આમ અહંકારથી ચારે પુરુષાર્થો સિદ્ધ થતા નથી.

[ ૨૮ ] માયાવી માણસ સદા મેલી રમત રમે છે એવું નથી, છતાં પોતાના માયાદોષને લીધે લોકમાં અવિશ્વસનીય જ રહે છે. માયાની આ કેવી વિડંબના ! શું સર્પ સદા કરડે જ છે ? નહિ. છતાં એને જોતાંની સાથે જ લોકો એનાથી દૂર ભાગે છે. માયાવી માણસ માટે પણ આવું જ બને છે.

सर्वविनाशाश्रयिणः, सर्वव्यसनैकराजमार्गस्य ।
लोभस्य के मुखगतः, क्षणमपि दुःखान्तरमुपेयात् ॥२९॥

एवं क्रोधो मानो, माया लोभश्च दुःखहेतुत्वात् ।
सत्त्वानां भवसंसारदुर्गमार्गप्रणेतारः ॥३०॥

ममकाराहंकारावेषां, मूलं पदद्वयं भवति ।
रागद्वेषावित्यपि, तस्यैवान्यस्तु पर्यायः ॥३१॥

मायालोभकषाय–श्चेत्येतद्रागसंज्ञितं द्वन्द्वम् ।
क्रोधो मानश्च पुन–र्द्वेष इति समासनिर्दिष्टः ॥३२॥

---

[ ૨૯ ] લોભ સર્વ અનર્થોનું મૂળ અને સઘળાં વ્યસનોનો અજોડ ધોરી માર્ગ છે. આવા લોભના વિકરાળ જડબામાં ગયેલો કયો જીવ ક્ષણવાર પણ સુખ પામે ?

[ ૩૦ ] આ પ્રમાણે ક્રોધ, માન, માયા, લોભ એ ચાર કષાયો જીવોના દુઃખનાં કારણ હોવાથી જીવોને જન્મરૂપ સંસારના હિંસાદિ અનાચાર રૂપ વિકટ માર્ગમાં લઈ જાય છે.

**કષાયોનું મૂળ—**

[ ૩૧–૩૨ ] મમકાર (મમતા) અને અહંકાર એ

બે કષાયોનું મૂળ છે. એ બેના અનુક્રમે રાગ અને દ્વેષ બીજાં નામો છે. માયા અને લોભનું મૂળ રાગ હોવાથી તે બે રાગસ્વરૂપ છે. ક્રોધ અને માનનું મૂળ દ્વેષ હોવાથી તે બે દ્વેષસ્વરૂપ છે. આ પ્રમાણે અહીં સંક્ષેપમાં કષાયનો નિર્દેશ કર્યો. વિસ્તારથી કષાયના સ્વરૂપને જાણવાની ઇચ્છાવાળાએ ગ્રંથાન્તરોથી જાણી લેવું.

પ્રશ્ન :–લોભ અને માન એ બે અનુક્રમે મમતાથી જ અને અહંકારથી જ ઉત્પન્ન થાય છે એ વાત બરોબર છે. પણ માયા અને ક્રોધ અનુક્રમે મમતા અને અહંકારથી જ ઉત્પન્ન થાય છે એવો નિયમ નથી. અહંકારથી પણ માયા થાય છે. મમતાથી પણ ક્રોધ ઉત્પન્ન થાય છે. જેમ દ્રવ્યાદિની પ્રાપ્તિ આદિ માટે માયા સેવવામાં આવે છે તેમ અહં ન ઘવાય એ માટે પણ માયા કરવામાં આવે છે. લક્ષ્મણા સાધ્વીએ આલોચના લેતાં માયા કરી તેનું શું કારણ? અહંના રક્ષણ માટે જ માયા કરી હતી ને? ક્રોધ પણ જેમ અહંકારનાં કારણે થાય છે તેમ મમતાના કારણે પણ થાય છે. દ્રવ્યોપાર્જન આદિમાં વિઘ્ન કરનાર ઉપર કે પોતાની સત્તા જમાવવામાં વિઘ્નભૂત થનાર ઉપર ક્રોધ થાય છે.

ઉત્તર:–વાત સત્ય છે. પણ અહીં મુખ્યતાની

## (૩) કર્મ અધિકાર

मिथ्यादृष्ट्यविरमण–प्रमादयोगास्तयोर्बलं दृष्टम् ।
तदुपगृहीतावष्टविध–कर्मबन्धस्य हेतू तौ ॥३३॥

દૃષ્ટિએ માયા મમતાથી અને ક્રોધ અહંકારથી ઉત્પન્ન થાય છે એમ કહેવામાં આવ્યું છે. એથી માયાનો લોભમાં અને ક્રોધનો અહંકારમાં સમાવેશ કરવામાં આવ્યો છે. અન્ય ગ્રંથોમાં માન, માયા અને લોભ એ ત્રણ રાગસ્વરૂપ અને ક્રોધ દ્વેષસ્વરૂપ છે એવો નિર્દેશ કર્યો છે.

### કર્મબંધનાં કારણો—

[ ૩૩ ] મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, યોગ એ ચાર રાગ–દ્વેષનું વફાદાર સૈન્ય છે. એની સહાયથી તે બે કર્મબંધના હેતુ બને છે.

આનો અર્થ એ થયો કે કર્મબંધમાં મુખ્ય કારણ રાગ–દ્વેષ છે. તે છતાં રાગ–દ્વેષને મિથ્યાત્વાદિની સહાય તો લેવી જ પડે છે, આથી મિથ્યાત્વાદિની જેટલી તીવ્રતા તેટલી રાગ–દ્વેષમાં તીવ્રતા આવે. મિથ્યાત્વાદિ જેટલે અંશે મંદ તેટલે અંશે રાગ–દ્વેષ મંદ હોય. સાથે સાથે એ વાત પણ ચોક્કસ છે કે,

**स ज्ञानदर्शनावरणवेद्यमोहायुषां तथा नाम्नः ।**
**गोत्रान्तराययोश्चे–ति कर्मबन्धोऽष्टधा मौलः ॥३४॥**

---

રાગ–દ્વેષમાં મંદતા આવ્યા વિના મિથ્યાત્વાદિમાં મંદતા આવે નહિ, કે મિથ્યાત્વાદિ દૂર ન થાય. એટલે મિથ્યાત્વાદિને મંદ કરવા કે દૂર કરવા રાગ–દ્વેષને મંદ બનાવવા જ જોઇએ. આમ રાગ–દ્વેષ અને મિથ્યા-ત્વાદિ પરસ્પર સાપેક્ષ છે, પણ તેમાં પ્રધાનતા રાગ–દ્વેષની છે.

મિથ્યાત્વ=જીવાદિતત્ત્વો પ્રત્યે અશ્રદ્ધા.

અવિરતિ=હિંસાદિ પાપોથી અનિવૃત્તિ.

પ્રમાદ=મદ્ય, વિષય, કષાય, નિદ્રા અને વિકથા એ પાંચ પ્રમાદ છે.

યોગ=મન, વચન અને કાયા એ ત્રણ યોગ છે.

[ ૩૪ ] કર્મબંધ મૂલ પ્રકૃતિની અપેક્ષાએ આઠ પ્રકારનો છે. (૧) જ્ઞાનાવરણ (૨) દર્શનાવરણ (૩) વેદનીય (૪) મોહનીય (૫) આયુષ્ય (૬) નામ (૭) ગોત્ર (૮) અંતરાય.

જ્ઞાનાવરણ આદિ આ આઠ પ્રકૃતિઓ ક્રમશઃ અનંત જ્ઞાન, અનંત દર્શન, અવ્યાબાધસુખ, સ્વભાવ

**पञ्चनवद्व्यष्टाविं–शतिकश्चतुःषट्कसप्तगुणभेदः ।**
**द्विपञ्चभेद इति सप्तनवतिभेदास्तथोत्तरतः ॥३५॥**
**प्रकृतिरियमनेकविधा, स्थित्यनुभावप्रदेशतस्तस्याः ।**
**तीव्रो मन्दो मध्य इति भवति बन्धोदयविशेषः ॥३६॥**

---

રમણુતા ૩૫ ચારિત્ર, અક્ષયસ્થિતિ, અમૂર્ત્ત્વ (રૂપનો અભાવ), અગુરુલઘુતા (ઉચ્ચ-નીચના ભેદનો અભાવ) અને અનંતવીર્ય–એ આત્માના આઠ ગુણને દબાવીને આત્મામાં અજ્ઞાનતા આદિ વિકૃતિ પેદા કરે છે.

[ ૩૫ ] એ આઠ મૂલ પ્રકૃતિઓના દરેકના અનુક્રમે ૫, ૯, ૨, ૨૮, ૪, ૪૨, ૨, ૫ ભેદો છે. આથી ઉત્તર પ્રકૃતિ બંધના ૯૭ ભેદો છે.

[ ૩૬ ] આ પ્રમાણે આ પ્રકૃતિઓના મૂલ અને ઉત્તર ભેદથી અનેક પ્રકારો છે. એ પ્રકૃતિઓના બંધની અને ઉદયની તરતમતાનો આધાર સ્થિતિબંધ, રસબંધ અને પ્રદેશબંધ છે, અર્થાત્ સ્થિતિ આદિ ઉત્કૃષ્ટ બંધાય તો પ્રકૃતિનો બંધ અને ઉદય પણ તીવ્ર હોય; તથા સ્થિતિ આદિ મધ્યમ કે મંદ હોય ત્યારે પ્રકૃતિનો બંધ અને ઉદય પણ મધ્યમ કે મંદ હોય.

(૧) પ્રકૃતિ=શુભ અશુભ આદિ ફળ આપવાનો સ્વભાવ.

तत्र प्रदेशबन्धो योगात्तदनुभवनं कषायवशात् ।
स्थितिपाकविशेषस्तस्य भवति लेश्याविशेषेण ॥३७॥
ताः कृष्णनीलकापोततैजसीपद्मशुक्लनामानः ।
श्लेष इव वर्णबन्धस्य[11] कर्मबन्धस्थितिविधात्र्यः॥३८॥

---

(૨) સ્થિતિ=ફળ આપવાનો કાળ.

(૩) અનુભાગ (રસ)=તીવ્ર, મધ્યમ કે મંદ ઇત્યાદિ ફળ આપવાની શક્તિ.

(૪) પ્રદેશ=કર્મના દલિકો(=અણુઓ).

[૩૭] પ્રદેશબંધ અને પ્રકૃતિબંધ મન, વચન અને કાયાના યોગના આધારે થાય છે. શુભ યોગથી શુભ અને અશુભયોગથી અશુભ પ્રકૃતિબંધ થાય છે. ઉત્કૃષ્ટયોગથી ઉત્કૃષ્ટ અને જઘન્યયોગથી જઘન્ય પ્રદેશબંધ થાય છે. (तदनुभवनं...) રસબંધ કષાયના આધારે થાય છે. (स्थिति....) સ્થિતિબંધ લેશ્યા પ્રમાણે થાય છે.

[૩૮] લેશ્યાઓ કૃષ્ણ, નીલ, કાપોત, તૈજસ, પદ્મ અને શુકલ એમ છ છે. જેમ ગુંદર વગેરે

---

૧૧ बन्धो दृढीकरणम् ।

## (૪) ઇન્દ્રિય-વિષય અધિકાર

कर्मोदयाद्भवगतिर्भवगतिमूला शरीरनिर्वृत्तिः ।
देहादीन्द्रियविषया विषयनिमित्ते च सुखदुःखे ॥३९॥
दुःखद्विट् सुखलिप्सुर्मोहान्धत्वाददृष्टगुणदोषः ।
यां यां करोति चेष्टां, तया तया दुःखमादत्ते ॥४०॥

---

ચીકણા પદાર્થો રંગને પાકો અને ટકાઉ બનાવે છે, તેમ આ લેશ્યાઓ કર્મબંધની સ્થિતિને દૃઢ બનાવે છે.

[ ૩૯ ] બંધાયેલા કર્મના ઉદયથી જીવ નરકાદિ ગતિમાં જન્મ લે છે. એના કારણે શરીરની રચના થાય છે. શરીરની સાથે ઇંદ્રિયો અવશ્ય હોય છે. જીવ ઇંદ્રિયો દ્વારા વિષયોમાં પ્રવૃત્તિ કરે છે અને સુખ-દુઃખ પામે છે. શુભ વિષયોના અનુભવથી સુખ અને અશુભ વિષયોના અનુભવથી દુઃખ પામે છે.

### દુઃખનું નિદાન—

[ ૪૦ ] કોઇ પણ જીવને દુઃખ ગમતું નથી, સુખ જ ગમે છે. તે છતાં જીવ (સુખ મેળવવાની અને દુઃખ દૂર કરવાની) જે કોઇ પ્રવૃત્તિ કરે છે, તેનાથી દુઃખ જ પામે છે. (=દુઃખનું કારણ કર્મબંધ કરે છે.)

કારણ ?

[१२]कलरिभितमधुरगान्धर्वतूर्ययोषिद्विभूषणरवाद्यैः ।
श्रोत्रावबद्धहृदयो, हरिण इव विनाशमुपयाति ॥४१॥

---

मोहान्धत्वात्–મોહથી (–અજ્ઞાનતાથી) વિવેક–વિલોચનો બિડાઈ ગયા હોવાથી अदृष्टगुणदोषः–મારા માટે ગુણ(=હિતકર) શું છે અને દોષ(=અહિતકર) શું છે એ જાણતો નથી. દુઃખ ઉપર અણગમો અને સંસારસુખ ઉપર પ્રેમ એ જ એના દુઃખનું મૂળ છે.

[ ૪૧ ] દિલખુશ કરી દે તેવા રમ્ય રાગ-રાગણીથી યુક્ત મધુર સંગીત, વાજિંત્રોનો કર્ણપ્રિયનાદ, રમણીઓના અલંકારોના રમણીય રણકાર,........આવા આવા સુમધુર શબ્દોથી શ્રવણેન્દ્રિયમાં આસક્ત પ્રાણીના બાર વાગી જાય છે. થોડી વાર પહેલાં બિનરોકટોક યથેચ્છ આમ તેમ ફરતું હરણ સંગીતના સૂરમાં લીન બનવાથી પારધીના શિકારનો ભોગ બને છે.... અંતે મૃત્યુના ખોળામાં પોઢી જાય છે.

---

१२ कलोऽस्त्यस्मिन्निति कलं–ग्रामरागरीत्या युक्तम्, रिभितं घोलनासारम्, मधुरं श्रोत्रसुखम्, गान्धर्वविशेषणान्येतानि । गान्धर्वं–संगीतम् ।

[13]गतिविभ्रमेङ्गिताकारहास्यलीलाकटाक्षविक्षिप्तः ।
रूपावेशितचक्षुः, शलभ इव विपद्यते विवशः ॥४२॥
[14]स्नानाङ्गरागवर्तिक–वर्णकधूपाधिवासपटवासैः ।
गन्धभ्रमितमनस्को, मधुकर इव नाशमुपयाति ॥४३॥

---

[ ૪૨ ] લલનાઓની લટકાળી ચાલ, હાવભાવ કે ચેનચાળા, સવિકાર પ્રેમદૃષ્ટિથી નિરીક્ષણ, મુખાદિની મનોરમ મુદ્રા, વિલાસવાળું હાસ્ય, નૃત્યાદિલીલા અને કામણભર્યા કટાક્ષોથી આકર્ષાયેલો તથા રમણીના રમ્ય રૂપ પાછળ ભટકતી આંખવાળો જીવ પરાધીન બનીને વિપત્તિનો શિકાર બને છે. દીપશિખાની જ્યોતિના રૂપમાં આસક્ત બનવાથી યાહોમ કરીને જ્યોતિમાં ઝંપલાવનાર પતંગિયાની જેમ.

[ ૪૩ ] સુગંધી જલથી સ્નાન, ચંદનથી વિલે-

---

१३ गतेर्विभ्रम :–मह्लणप्रकारः, सविकारा गतिः इत्यर्थः । इङ्गितं–स्निग्धया दृष्ट्याऽवलोकनम् ।

१४ अङ्गराग :–चन्दनकुङ्कुमादिविलेपनम् । सुरभिद्रव्यनिष्पन्ना दीपवर्त्याकारा वर्तिका । वर्णक :–चन्दनम् । अधिवासो–मालतिकुसुमादिभिः शरीरसंस्कारः । पटवासस्तु वस्त्रसौरभ्यकारि गन्धविशेषः ।

मिष्टान्नपानमांसौ–दनादिमधुररसविषयगृद्धात्मा ।
गलयन्त्रपाशबद्धो, मीन इव विनाशमुपयाति ॥४४॥
[१५]शयनासनसम्बाधन–सुरतस्नानानुलेपनासक्तः ।
स्पर्शव्याकुलितमति–र्गजेन्द्र इव बध्यते मूढः ॥४५॥

---

પન, ધૂપસળી–અગરબત્તી, ચંદન, ધૂપ, પુષ્પ, અત્તર ....આવા વિવિધ સુગંધી પદાર્થોમાં ભટકતા મનવાળા જીવની, સુરભિ પદ્મગંધમાં આકૃષ્ટ ભ્રમરની જેમ, બેહાલ દશા થાય છે. પુષ્પની સુવાસ લેવામાં આસક્ત બિચારા ભ્રમરને હમણાં સંધ્યા થશે, અને પુષ્પ બિડાઇ જશે એનું ભાન રહેતું નથી. આથી એ સંધ્યા થતાં પુષ્પની પાંખડીઓમાં પુરાઇને મૃત્યુ પામે છે.

[ ૪૪ ] સ્વાદિષ્ટ પક્વાન્ન, પાન, માંસ, ભાત આદિના મધુર રસથી રસનાને રાજી રાખનાર આત્મા મોતને શરણે જાય છે. માંસના લાલ લોચામાં લાલચુ બનીને ગલયંત્રમાં ફસાયેલા માછલાનું મૃત્યુ જ થાય છે ને?

[ ૪૫ ] મૃદુ શય્યા, કોમળ આસન, અંગમર્દન,

---

१५ संवाहनम्–अङ्गमर्दनम्, सुरतं–मैथुनसेवा ।

[16]एवमनेके दोषाः, प्रणष्टशिष्टेष्टदृष्टिचेष्टानाम् ।
दुर्नियमितेन्द्रियाणां, भवन्ति बाधाकरा बहुशः ॥४६॥
एकैकविषयसङ्गाद् रागद्वेषातुरा विनष्टास्ते ।
किं पुनरनियमितात्मा,जीवः पञ्चेन्द्रियवशार्त्तः ॥४७॥

---

સંભોગ, સ્નાન અને વિલેપનમાં શોખીન બનીને સ્પર્શનેંદ્રિયમાં આસક્ત મૂઢ પ્રાણી બંધનમાં પડે છે. હાથણીના સ્પર્શમાં આસક્ત બનેલા હાથીની આવી જ દશા થાય છે ને ?

[ ૪૬ ] જેઓ પરલોકને માનનાર વિવેકી પુરુષોને માન્ય જ્ઞાન અને ક્રિયાથી પરવારી ગયા છે, અને ઇંદ્રિયો ઉપર કાબુ રાખતા નથી તેઓને આ પ્રમાણે અનેક દોષો બહુ રીતે ઘણી વિટંબણા પમાડે છે.

[ ૪૭ ] અરે ! હરણ વગેરે બિચારા જીવો રાગદ્વેષને આધીન બનીને માત્ર એક એક વિષયના સંગથી યમના દ્વારે પહોંચી ગયા ! તો પછી વિષયોને વશ બનીને પાંચેય ઇંદ્રિયોની ગુલામીથી પીડાતા જીવનું તો પૂછવું જ શું !

---

१६ दृष्टिः सन्मार्गोपदेशि ज्ञानम् । चेष्टा क्रियानुष्ठानम् ।

न हि सोऽस्तीन्द्रियविषयो, येनाभ्यस्तेन नित्यतृषितानि ।
तृप्तिं प्राप्नुयुरक्षाण्यनेकमार्गप्रलीनानि ॥४८॥

कश्चिच्छुभोऽपि विषयः, परिणामवशात्पुनर्भवत्यशुभः ॥
कश्चिदशुभोऽपि भूत्वा, कालेन पुनः शुभीभवति ॥४९॥

---

[ ૪૮ ] અનેક વિષયોમાં ચોંટી રહેતી અને ભૂખડી બારસની જેમ સદા અતૃપ્ત રહેતી ઇંદ્રિયો જેનું વારંવાર સેવન કરીને તૃપ્ત થાય એવો કોઈ વિષય નથી.

[ ૪૯ ] અરે ! વિસ્મય પમાડતી વિષયોની વિષમતા તો જુઓ ! શુભ પણ વિષય પરિણામાંતર થતાં અશુભ બની જાય છે. અશુભ પણ વિષય તેમાં ફેરફાર થતાં શુભ બની જાય છે. લાવણ્યની છોળો ઉછાળીને છેલછબીલા યુવાનોની આંખોને આકર્ષતું યુવતિનું શરીર ક્ષણવારમાં મૃત્યુદશામાં આવતાં કોઇને જોવુંય ગમતું નથી. અરે ! આ શું ! જે (ગંદા) પાણીને જોઇને લોકો નાક ચડાવે છે તે જ પાણી પ્રયોગ દ્વારા મધુર અને સુગંધી બને છે ત્યારે ટેસથી પીએ છે !

**कारणवशेन यद्यत्, प्रयोजनं जायते यथा यत्र ।**
**तेन तथा तं विषयं, शुभमशुभं वा प्रकल्पयति ॥५०॥**

---

[ ૫૦ ] અને આ ઇંદ્રિયોના નખરા તો નિહાળો! નિમિત્તને આધીન બનીને, જ્યાં જેવું જે જે પ્રયોજન હોય તે પ્રયોજનથી તદનુસાર (=જેવું પ્રયોજન હોય તે પ્રમાણે) તે વિષયને શુભ કે અશુભ કલ્પી લે છે.

(૧) એક દિવસ અકળાવનાર વસ્ત્ર સમય આવતાં શરીરને હુંફ આપે છે, તેને ક્ષણવાર શરીરથી દૂર કરવાનું મન થતું નથી.

(૨) ક્ષણ પહેલાં ટેસ આપનાર દૂધ-પાક પૂરીનું ભોજન કંઈક અનિષ્ટ સમાચાર મળતાં ગળે ઉતરતું નથી.

(૩) દિમાગને હળવું બનાવનાર રેડિયાનું સંગીત માંદગી આદિમાં દિમાગને ભારે બનાવે છે.

(૪) વિષ અણગમતી વસ્તુ છે. પણ મૃત્યુની શય્યામાં સ્વયં પોઢવું હોય કે બીજાને કોઇને પોઢાડવાના હોય તો વિષ ગમતી વસ્તુ બની જાય છે.

(૫) મૂત્રની અત્યંત સૂગ કરનારાઓ કેટલાક

**अन्येषां यो विषयः, स्वाभिप्रायेण भवति पुष्टिकरः ।**
**स्वमतिविकल्पाभिरतास्तमेव भूयो द्विषन्त्यन्ये ॥५१॥**
**तानेवार्थान्द्विषतस्तानेवार्थान्प्रलीयमानस्य ।**
**निश्चयतोऽस्यानिष्टं, न विद्यते किञ्चिदिष्टं वा ॥५२॥**

---

માનવો રોગ નિવારણ માટે પોતાનું મૂત્ર પીતા થયા છે.

શુભ-અશુભનાં આવાં દૃષ્ટાંતો તો સંસારમાં અનેક બને છે.

[ ૫૧ ] કયો વિષય સારો છે અને કયો વિષય ખરાબ છે એ નિર્ણય થઈ શકે એમ છે જ નહિ. જે વિષય બીજાઓને પોતાના આશયથી (રાગના યોગે) આનંદ આપે છે, તેને જ પોતાના વિચારમાં દૃઢ બનેલા બીજાઓ (દ્વેષના યોગે) વખોડે છે. આ તો બીજાની (બેની) દૃષ્ટિએ વાત થઈ. પણ પોતાની જ (એકની જ) દૃષ્ટિએ પણ આમ જ બને છે. આથી-

[ ૫૨ ] જે વિષયો ઉપર અતિપ્રેમ છે, કારણ-વશાત્ એ જ વિષયોને કરડી નજરે જુએ છે, વળી કારણ બદલાતાં એ જ વિષયોને જોઇને તેની આંખ ઠરે છે. આમ પરમાર્થથી જીવને કોઈ વસ્તુ ઇષ્ટ પણ

रागद्वेषोपहतस्य केवलं कर्मबन्ध एवास्य ।
नान्यः स्वल्पोपि गुणोऽस्ति यः परत्रेह च श्रेयान् ॥५३॥
यस्मिन्निंद्रियविषये, शुभमशुभं वा निवेशयति भावम् ।
रक्तो वा द्विष्टो वा, स बन्धहेतुर्भवति तस्य ॥५४॥
स्नेहाभ्यक्तशरीरस्य, रेणुना श्लिष्यते यथा गात्रम् ।
रागद्वेषाक्लिन्नस्य कर्मबन्धो भवत्येवम् ॥५५॥

---

નથી અને અનિષ્ટ પણ નથી. જીવ પોતાના પ્રયોજન પ્રમાણે વસ્તુને ઈષ્ટ અને અનિષ્ટ કલ્પી લે છે.

[ ૫૩ ] રાગ-દ્વેષના ઉત્પાતથી ઘેરાયેલા જીવને એકાંતે કર્મબંધ જ થાય છે. આલોક-પરલોકમાં કલ્યાણ કરે તેવો નાનો પણ કોઈ ગુણ તેમાં હોતો નથી. કારણ કે-

[ ૫૪ ] કોઈ પણ ઈંદ્રિયના વિષયમાં રાગ કે દ્વેષથી શુભ કે અશુભ જે ભાવની કલ્પના કરે છે, તે શુભ કે અશુભ ભાવ તેના કર્મબંધમાં કારણ બને છે.

[ ૫૫ ] તેલાદિની ચિકાશથી ખરડાયેલા શરીરમાં ધૂળની રજકણો ચોંટી જાય છે તેમ, રાગ-દ્વેષની ચિકાશથી ચિકણા બનેલા આત્મામાં કર્મબંધ થાય છે =કર્મની રજકણો ચોંટે છે.

एवं रागद्वेषौ, मोहो मिथ्यात्वमविरतिश्चैव ।
एभिः प्रमादयोगानुगैः समादीयते कर्म ॥५६॥
कर्ममयः संसारः, संसारनिमित्तकं पुनर्दुःखम् ।
तस्माद्रागद्वेषादयस्तु भवसन्ततेर्मूलम् ॥५७॥

## (૫) દોષવિનાશોપાય અધિકાર

एतद्दोषमहासञ्चयजालं शक्यमप्रमत्तेन ।
प्रशमस्थितेन घनमप्युद्वेष्टयितुं निरवशेषम् ॥५८॥

---

[ ૫૬ ] આ પ્રમાણે જીવ રાગ, દ્વેષ, મોહ, મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, યોગ—આ કારણોથી કાર્મણ વર્ગણામાં રહેલા કર્મપુદ્ગલોનું ગ્રહણ કરે છે. લીધેલા એ પુદ્ગલો આત્મામાં ક્ષીરનીરવત્ એકમેક બની જાય છે, આ જ કર્મબંધ છે.

[૫૭] કર્મના ઉદયથી નરકાદિ ગતિ રૂપ સંસાર છે. સંસારના કારણે દુઃખ છે. આથી રાગ-દ્વેષાદિ-કર્મબંધનાં કારણો ભવપરંપરાનું મૂળ (=બીજ) છે.

[ ૫૮ ] પ્રશ્નઃ—અત્યાર સુધી સંસારનું અને સંસારના કારણોનું વાસ્તવિક સ્વરૂપ જાણ્યું ન હતું, હવે જાણ્યું. આ સંસાર એટલે ઘૂઘવાટ કરતો દુઃખનો

अस्य तु मूलनिबन्धं, ज्ञात्वा तच्छेदनोद्यमपरस्य ।
दर्शनचारित्रतपः-स्वाध्यायध्यानयुक्तस्य ॥५९॥
प्राणवधानृतभाषण-परधनमैथुनममत्वविरतस्य ।
[17]नवकोट्युद्गमशुद्धोञ्छमात्रयात्राधिकारस्य ॥६०॥

---

સમુદ્ર ! આ સંસારમાં ક્યાંય સુખ નથી ! ધિક્કાર છે આ સંસારને ! હવે અમારે નથી જોઇતો આ સંસાર ! અને નથી જોઇતાં સંસારનાં કારણો ! પણ અજ્ઞાનતાથી પાથરી દીધેલી રાગાદિ દોષોની આ જાળને કાપવી શી રીતે ?

ઉત્તર:-પ્રમાદનો ત્યાગ કરીને પ્રશમરસના હોજમાં ગળાબૂડ રહેનાર ગમે તેવી જટિલ જાળને પણ સર્વથા છેદી નાખે છે.

## રાગાદિદોષોની જાળને છેદનાર જીવનું સ્વરૂપ-

[ ૫૯-૬૩ ] ( ૧ ) દોષોની જાળના મૂળને (-પ્રમાદને) જાણીને દોષોની જાળને છેદવાના પરમ ઉલ્લાસવાળો હોય, ( ૨ ) સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર,

---

૧૭ नवकोटिभिरुद्गमादिभिश्च शुद्धं यदुञ्छमात्रं भैक्ष्यं तेन यात्रायां-संयमयात्रायामधिकारो नियोगो यस्य ।

जिनभाषितार्थसद्भावभाविनो विदितलोकतत्त्वस्य ।
अष्टादशशीलाङ्ग–सहस्रधारणकृतप्रतिज्ञस्य ॥६१॥
परिणाममपूर्वमुपागतस्य शुभभावनाध्यवसितस्य ।
अन्योऽन्यमुत्तरोत्तर-विशेषमभिपश्यतः समये ॥६२॥

---

તપ, સ્વાધ્યાય અને ધ્યાનથી યુક્ત હોય, ( ૩ )હિંસા, અસત્ય, ચોરી, મૈથુન, પરિગ્રહ–એ પાંચ પાપોથી સર્વથા રહિત હોય, ( ૪ ) નવકોટિથી[૧૮] અને ઉદ્-

---

૧૮ (૧) સ્વયં હિંસા ન કરવી, (૨) બીજા પાસે હિંસા કરાવવી નહિ, (૩) બીજાઓ સ્વયં હિંસા કરતા હોય તેની અનુમોદના કરવી નહિ, (૪) સ્વયં ખાદ્ય વસ્તુ પકાવવી નહિ, (૫) બીજાની પાસે પકાવરાવવી નહિ, (૬) બીજાઓ સ્વયં પકાવતા હોય તેની અનુમોદના કરવી નહિ. (૭) સ્વયં કોઈ વસ્તુ ખરીદવી નહિ, (૮) બીજાઓની પાસે ખરીદાવવી નહિ, (૯) બીજાઓ સ્વયં ખરીદતા હોય તેની અનુમોદના કરવી નહિ. આ નવ કોટિ (=દોષના પ્રકાર) છે. અજ્ઞાનતા આદિના કારણે ગૃહસ્થ થકી ઉત્પન્ન થતા ભિક્ષાના ૧૬ દોષો ઉદ્ગમ દોષો છે. આદિ શબ્દથી પ્રમાદ આદિના કારણે સાધુ થકી ઉત્પન્ન થતાં ઉત્પાદન રૂપ ૧૬ દોષો, અને આહાર ગ્રહણ કરતી વખતે ઉત્પન્ન થતા ગ્રહણૈષણાના ૧૦ દોષો, એમ ગોચરીના ૪૨ દોષો છે.

**वैराग्यमार्गसंप्रस्थितस्य संसारवासचकितस्य ।
स्वहितार्थाभिरतमतेः, शुभेयमुत्पद्यते चिन्ता ॥६३॥**

ગમાદિ દોષોથી રહિત શુદ્ધ આહાર-પ્રાણી આદિ મેળવીને સંયમની સુંદર સાધના કરે, અર્થાત્ સંયમની સાધના માટે જરૂરી આહાર આદિ શાસ્ત્રોક્ત વિધિ મુજબ શુદ્ધ મેળવવા માટે પ્રયત્નશીલ હોય, (૫) જિનોક્ત જીવાદિ પદાર્થોના પરમાર્થનું સતત ચિંતન કરે, (૬) લોકના(=સંસારના) સ્વરૂપનો જ્ઞાતા હોય, (૭) ચારિત્રના [૧૯] અઢાર હજાર શીલાંગોને ધારણ કરવાની પ્રતિજ્ઞાવાળો હોય, (૮) પ્રકૃષ્ટ શુદ્ધિના યોગે અપૂર્વ ધર્મના પરિણામવાળો હોય, (૯) મહાવ્રતોની પચીશ ભાવનાઓથી (અથવા અનિત્યાદિ બાર ભાવનાઓથી) અંતઃકરણને ભાવિત કર્યું હોય, (૧૦) જિનશાસનમાં બતાવેલા પદાર્થોની પરસ્પર અધિક અધિક વિશેષતાઓને જાણતો હોય, જેમ કે સામાયિક ચારિત્રની અપેક્ષાએ છેદોપસ્થાપનીય ચારિત્રમાં અધિક વિશુદ્ધિ છે....અથવા, સ્વદર્શન અને પરદર્શનની અપેક્ષાએ સ્વદર્શનમાં (=જિનદર્શનમાં) ઉત્તરોત્તર કઈ કઈ કેવી વિશેષતાઓ છે તેનો જ્ઞાતા હોય, (૧૧) વૈરાગ્ય-

૧૯ જુઓ પ્રસ્તુતગ્રંથમાં ગાથા-૨૪૪

[20]भवकोटीभिरसुलभं, मानुष्यं प्राप्य कः प्रमादो मे।
न च गतमायुर्भूयः, प्रत्येत्यपि देवराजस्य ॥६४॥
आरोग्यायुर्बलसमुदयाश्चला वीर्यमनियतं धर्मे ।
तल्लब्ध्वा हितकार्ये, मयोद्यमः सर्वथा कार्यः ॥६५॥

માર્ગમાં (=સમ્યગ્દર્શન આદિ રત્નત્રયીની આરાધનામાં) તત્પર હોય, (૧૨) સંસારવાસથી ત્રાસી ગયો હોય, (૧૩) મોક્ષ જ મેળવવાની લગની લાગી હોય, આવા પ્રકારના જીવને નીચે મુજબ શુભ વિચારણા આવે છે.

## રાગાદિ દોષોની જાળને છેદનાર જીવની ભવ્ય ભાવના—

[૬૪-૬૫] તિર્યંચગતિ આદિમાં અનંતા ભવો વીતી જાય તો પણ ન મળી શકે તેવા અત્યંત દુર્લભ મનુષ્યજન્મને પ્રાપ્ત કરવા છતાં મારો કેવો પ્રમાદ છે! ઈંદ્રનું પણ ગયેલું આયુષ્ય પાછું આવતું નથી! ત્યારે મનુષ્યની તો વાત જ ક્યાં રહી! આરોગ્ય, જીવન, શરીરબળ અને સંપત્તિ ક્ષણભંગુર છે. ધર્મમાં વીર્ય (=ઉત્સાહ) પણ અનિયત છે–ધર્મમાં ઉત્સાહ જાગવો કઠીન છે, અને જાગેલો ઉત્સાહ ક્યારે પડી

२० अनन्तसंख्यायाः सूचिका भवकोटयः ।

# (૬) વિનય અધિકાર

**शास्त्रागमादृते न हितमस्ति न च शास्त्रमस्ति विनयमृते ।**
**तस्माच्छास्त्रागमलिप्सुना विनीतेन भवितव्यम् ।।६६।।**
**कुलरूपवचनयौवन–धनमित्रैश्वर्यसंपदपि पुंसाम् ।**
**विनयप्रशमविहीना, न शोभते निर्जलेव नदी ।।६७।।**

---

જાય કે મંદ પડી જાય તે કહી શકાય નહિ. માટે આરોગ્યાદિ મેળવીને મારે સર્વથા (=શક્ય સઘળા ઉપાયો કરીને) સ્વાધ્યાય આદિ હિતકાર્યમાં ઉત્સાહ પ્રગટાવવો જોઈએ.

**આત્મહિતનો ઉપાય—**

[ ૬૬ ] શાસ્ત્રબોધ વિના આત્મહિત ન જ થાય, અને શાસ્ત્રબોધ ગુર્વાદિકના વિનય વિના ન થઈ શકે; માટે શાસ્ત્રબોધ કરવાની ઈચ્છાવાળા જીવે વિનીત બનવું જોઈએ.

[ ૬૭ ] મનુષ્યની પાસે ગમે તેવું ઉચ્ચ કુલ હોય, કામદેવ જેવું રૂપ હોય, મધ જેવાં મીઠાં વચનો હોય, આકર્ષક થનગનતું યૌવન હોય, ધનના ઢગલા હોય, ઐશ્વર્ય હોય, અનેકની સલામ ઝીલતો હોય.... પણ વિનય અને પ્રશમ (=વૈરાગ્ય) ન હોય તો એ સઘળું

न तथा सुमहार्घ्यैरपि, वस्त्राभरणैरलङ्कृतो भाति ।
[२१]श्रुतशीलमूलनिकषो, [२२]विनीतविनयो यथा भाति ॥६८॥

---

જલરહિત નદીની જેમ શોભા પામતું નથી. અર્થાત્ વિનય અને વૈરાગ્યથી વિહીન મનુષ્ય જલરહિત નદીની જેમ શોભતો નથી.

[ ૬૮ ] અત્યંત વિનીત જેવી શોભા પામે છે, તેવી શોભા બહુમૂલ્ય વસ્ત્રો અને અલંકારોથી અલંકૃત મનુષ્ય પણ પામતો નથી. અત્યંત વિનીત મનુષ્ય શ્રુત (=આગમ) જ્ઞાન અને સદાચારની ખાસ કસોટી છે. કારણ કે શ્રુતજ્ઞાન અને સદાચારનું મહત્ત્વ વિનયના આધારે છે. વિનયરહિત મનુષ્યમાં શ્રુતજ્ઞાન અને સદાચાર હોતા નથી, હોય તો પણ વાસ્તવિક કોટિના ન હોવાથી મહત્ત્વ રહિત હોય છે. જો મનુષ્ય વિનીત હોય તો તેનું શ્રુતજ્ઞાન સાચું શ્રુતજ્ઞાન છે અને સદાચાર સાચો સદાચાર છે. અવિનીતનું શ્રુતજ્ઞાન એ શ્રુતજ્ઞાન નથી અને સદાચાર એ સદાચાર નથી. આથી વિચ-

---

૨૧–શ્રુતશીલયોર્મૂલનિકષો–નિકષ इव, कषपट्टकः परीक्षास्थानम् ।

૨૨ विशेषेण नीतो प्राप्तो विनयो येन स तथा ।

गुर्वायत्ता यस्माच्छास्त्ररम्भा भवन्ति सर्वेऽपि ।
तस्माद् गुर्वाराधनपरेण हितकाङ्क्षिणा भाव्यम् ॥६९॥
धन्यस्योपरि निपतत्यहितसमाचरणघर्मनिर्वापी ।
गुरुवदनमलयनिसृतो,वचनसरसचन्दनस्पर्शः ॥७०॥

---

ક્ષણ પુરુષો અમુક વ્યક્તિમાં શ્રુતજ્ઞાન અને સદાચાર છે કે નહિ? છે તો કેવો છે? એ પરીક્ષા કરવા તે વ્યક્તિમાં વિનય કેવો છે એ તપાસે છે આથી વિનીત મનુષ્ય શ્રુતજ્ઞાન અને સદાચારની પરીક્ષાનું મુખ્ય સ્થાન છે.

[ ૬૯ ] શાસ્ત્રનું અધ્યયન ગુરુને અધીન બનીને જ થઈ શકે છે. માટે મોક્ષાભિલાષી શિષ્યે આજ્ઞાપાલન આદિથી ગુરુની ઉપાસનામાં તત્પર બનવું જોઇએ.

## ગુરુ હિતશિક્ષા આપે ત્યારે સુશિષ્યની સુવિચારણા—

[ ૭૦ ] સૂર્યના ધોમધખતા તાપના ઉકળાટને દૂર કરનાર બાંવના ચંદનનો રસ તો હજી સુલભ છે. પણ શાસ્ત્રવિરુદ્ધ આચરણ રૂપ તાપને દૂર કરનાર ગુરુવદનરૂપ મલયપર્વતમાંથી નીકળેલા વચનરૂપ

**दुष्प्रतिकारौ माता-पितरौ स्वामी गुरुश्च लोकेऽस्मिन् ।**
**तत्र गुरुरिहामुत्र च, सुदुष्करतरप्रतीकारः ॥७१॥**
**विनयफलं शुश्रूषा, गुरुशुश्रूषाफलं श्रुतज्ञानम् ।**
**ज्ञानस्य फलं विरति-र्विरतिफलं चाश्रवनिरोधः ॥७२॥**
**संवरफलं तपोबल-मथ तपसो निर्जरा फलं दृष्टम् ।**
**तस्मात्क्रियानिवृत्तिः, क्रियानिवृत्तेरयोगित्वम् ॥७३॥**
**योगनिरोधाद् भवसंततिक्षयः सन्ततिक्षयान्मोक्षः ।**
**तस्मात्कल्याणानां, सर्वेषां भाजनं विनयः ॥७४॥**

---

ચંદનરસનો શીતલ સ્પર્શ તો કો'ક મહાભાગ્યશાળીને જ થાય છે.

## ગુરુના પ્રત્યુપકારની અતિ દુષ્કરતા—

[૭૧] માતા-પિતા, રાજા આદિ સ્વામી અને ગુરુના ઉપકારનો બદલો વાળવો કઠીન છે. તેમાં પણ ગુરુના ઉપકારનો બદલો વાળવો તો આ લોક અને પરલોકમાં પણ અત્યંત કઠીન છે. માતા-પિતા આદિ દ્રવ્ય ઉપકાર કરે છે, જ્યારે ગુરુ આત્મહિતનો ઉપદેશ આદિથી ભાવ ઉપકાર કરે છે.

## વિનયનાં અનંતર-પરંપર ફળો—

[૭૨-૭૪] (૧) વિનયનું સર્વ પ્રથમ ફળ શુ-

**विनयव्यपेतमनसो, गुरुविद्वत्साधुपरिभवनशीलाः ।**
**[23] त्रुटिमात्रविषयसङ्गा—दजरामरवन्निरुद्विग्नाः ॥७५॥**

શ્રૂષા (ગુરુના ઉપદેશને સાંભળવાની ઇચ્છા) છે. (૨) શુશ્રૂષાના કારણે ગુરુના ઉપદેશને બરાબર સાંભળવાથી આગમનો બોધ થાય છે. (૩) આગમજ્ઞાનનું ફળ વિરતિ છે. (૪) વિરતિથી આસ્રવનિરોધ (=સંવર) થાય છે. અર્થાત્ વિરતિના યોગે અવિરતિથી થતો કર્મબંધ અટકી જાય છે. (૫) સંવરના સેવનથી તપ કરવાનું સામાર્થ્ય પ્રગટે છે. (૬) તપના પ્રભાવે કર્મોની નિર્જરા થાય છે. (૭) સઘળાં કર્મોની નિર્જરાથી ક્રિયાની નિવૃત્તિ થાય છે. (૮) ક્રિયાનિવૃત્તિથી અયોગ અવસ્થા (=મન, વચન, કાયા એ ત્રણ યોગોની નિવૃત્તિ) થાય છે. (૯) યોગનિરોધ (=અયોગ અવસ્થા) થતાં સંસારની ઘટમાળનો અંત આવે છે. (૧૦) સંસારની ઘટમાળનો ક્ષય થવાથી મોક્ષ પ્રાપ્ત થાય છે. આથી સઘળા કલ્યાણનો આધાર વિનય છે.

**અવિનયનાં કટુ ફળો—**

[૭૫-૭૭] વિનયથી પરવારી ગયેલા તથા ગુરુઓ,

२३ त्रुटिरनन्तरपरमाणुसंहतिलक्षणोऽल्पकः सवितृकिरणप्रकाशितो वातायनादिषु भ्रमन् दृश्यते ।

केचित्सातर्द्धिरसातिगौरवात्सांप्रतेक्षिणः पुरुषाः ।
मोहात्समुद्रवायसवदामिषपरा[२४] विनश्यन्ति ॥७६॥
ते जात्यहेतुदृष्टान्तासिद्धमविरुद्धमजरमभयकरम् ।
सर्वज्ञवाग्रसायनमुपनीतं नाभिनन्दन्ति ॥७७॥

---

વિદ્વાનો અને સાધુઓનો અનાદર કરવાના સ્વભાવવાળા જીવો પરમાણુ (=રજકણ) જેટલા વિષયો મળી જતાં તેમાં આસક્ત બનીને અમે અજર-અમર છીએ એમ માનીને સિદ્ધોની જેમ નિર્ભય બની જાય છે.

સુખ, વૈભવ અને મધુરતાદિ રસમાં રચ્યા પચ્યા રહીને કેવળ વર્તમાનકાળને જોનારા અને આમિષપર (વિષયોનાં સાધનો ભોગવવામાં મશગૂલ) કેટલાક પુરુષો અજ્ઞાનતાના કારણે સમુદ્રમાં ફસાયેલા કાગડાની જેમ વિનાશ પામે છે.

કાગડાએ માંસ ખાવા સમુદ્રકિનારે પડેલા મૃત હાથીના પેટમાં ગુદાદ્વારા પ્રવેશ કર્યો. અતિવર્ષા થવાથી

---

२४ 'आमिषपराः' इति रसगौरवस्यैव प्रत्यवायबहुलतां दर्शयामास प्रकरणकारः । न तथा सातर्द्धिगौरवे बहुप्रत्यपाये यथा रसगौरवम्, मद्यमांसकुणपाशिषु प्रवृत्तिः प्राणवधमन्तरेण दुस्संपाद्या ।

यद्वत्कश्चित् क्षीरं, मधुशर्करया सुसंस्कृतं हृद्यम् ।
पित्तार्दितेन्द्रियत्वाद् वितथमतिर्मन्यते कटुकम् ॥७८॥
तद्वन्निश्चयमधुरमनुकम्पया सद्भिरभिहितं पथ्यम् ।
तथ्यमवमन्यमाना, रागद्वेषोदयोद्वृत्ताः ॥७९॥
जातिकुलरूपबललाभबुद्धिवाल्लभ्यकश्रुतमदान्धाः ।
क्लीवाः परत्र चेह च, हितमप्यर्थं न पश्यन्ति ॥८०॥

---

તે મડદું પાણીમાં તણાઇને સમુદ્રમાં ગયું અને કિનારાથી ખૂબ દૂર દૂર પહોંચી ગયું. કાગે બહાર નીકળીને જોયું તો ચોતરફ પાણી હતું. કોઈ અન્ય વિશ્રામસ્થાને જઈ શકાય તેમ ન હોવાથી તે ફરી પેટમાં ઘુસી ગયો. મડદાની સાથે પાણીમાં ડૂબીને મરણ પામ્યો.

સુખાદિ ગૌરવમાં આસક્ત પુરુષો ગુરુઓએ આપ્યું હોવા છતાં સર્વજ્ઞ ભગવંતની વાણીરૂપ રસાયણનું પ્રસન્નચિત્તથી સેવન કરતા નથી. આ રસાયણ સત્ય દલીલો અને દૃષ્ટાંતોથી સિદ્ધ હોવાથી અત્યંત સંગત છે. એ એનું સેવન કરનારાને સદા માટે જરા અને ભયમાંથી મુક્ત કરી દે છે.

[૭૮–૮૦] મધ અને સાકર નાખીને સારી રીતે ઉકાળેલું હૃદયપ્રિય દૂધ મધુર હોવા છતાં પિત્તપ્ર-

## (૭) મદ અધિકાર

ज्ञात्वा भवपरिवर्ते, जातीनां कोटीशतसहस्रेषु ।
हीनोत्तममध्यत्वं, को जातिमदं बुधः कुर्याद् ॥८१॥
नैकाञ्जातिविशेषा–निन्द्रियनिर्वृत्तिपूर्वकान्सत्त्वाः ।
कर्मवशाद्गच्छन्त्यत्र कस्य का शाश्वता जातिः ॥८२॥

કોપના કારણે બુદ્ધિમાં વિપર્યાસ થવાથી કોઈ તે દૂધને કડવું માને છે; તેમ (ભાવદયાથી) સત્પુરુષોએ કહેલા પરિણામે મધુર, હિતકર અને સત્ય વચનની અવગણના કરનારા, રાગ–દ્વેષના કારમા ઉદયથી સ્વછંદી બનેલા, જાતિ, કુલ, રૂપ, બલ, લાભ, બુદ્ધિ, વાત્સલ્યક (લોકપ્રિયતા), શ્રુત એ આઠ મદોથી અંધ બનેલા રાંકડા જીવો આ લોક અને પરલોકમાં હિતકર વસ્તુને જોતા નથી. જાતિ=માતૃવંશ, કુલ=પિતૃવંશ, રૂપ=શરીરની આકૃતિ કે દેખાવ, બલ=શરીરશક્તિ, લાભ =ઇષ્ટવસ્તુની પ્રાપ્તિ, બુદ્ધિ=વિચાર આદિની શક્તિ; વાત્સલ્યક=લોકપ્રિયતા. શ્રુત=આગમજ્ઞાન.

**મદવર્ણન—**

[ ૮૧–૮૨ ] ભવભ્રમણમાં જાતિઓનો તો કોઈ પાર છે? કોઈ હીન, કોઈ મધ્યમ, તો કોઈ ઉત્તમ!

रूपबलश्रुतमतिशीलविभवपरिवर्जितांस्तथा दृष्ट्वा ।
विपुलकुलोत्पन्नानपि, ननु कुलमानः परित्याज्यः ॥८३॥
यस्याशुद्धं शीलं, प्रयोजनं तस्य किं कुलमदेन ।
स्वगुणाभ्यलंकृतस्य हि, किं शीलवतः कुलमदेन ॥८४॥

---

એ ત્રણ જાતિઓમાં પ્રત્યેક જાતિના લાખો અને કરોડો ભેદો છે. આ જાણીને કયો વિદ્વાન જાતિમદ કરે?

કર્મને વશ બનેલા પ્રાણીઓ સ્વભાગ્યના અનુસારે એકેંદ્રિય આદિ અનેક જાતિઓમાં ઉત્પન્ન થાય છે. આથી કોઈ જીવને કોઈ પણ જાતિ શાશ્વત (=નિયત) પ્રાપ્ત થતી નથી. [ આથી જાતિમદ કરવો એ મૂર્ખાઈ નથી ? ]

[ ૮૩-૮૪ ] લોકપ્રસિદ્ધ ઉત્તમ કુળમાં ઉત્પન્ન થવા છતાં, (૧) રૂપથી રહિત હોય=શરીર કઢંગુ અને કાળું મેશ જેવું હોય, (૨) શરીરમાં જરાય તાકાત ન હોય, (૩) અક્કલનો ઓથમીર હોય, (૪) બુદ્ધિનું દેવાળું હોય, (૫) સદાચારનો છાંટોય ન હોય, (૬) અન્ન અને દાંતને વેર હોય એવું એવું ઘણું વૈષમ્ય જોવા મળે છે. આવું જોઇને કુળમદનો ત્યાગ કરવો જોઇએ.

**कः शुक्रशोणितसमुद्भवस्य सततं चयापचयिकस्य ।**
**रोगजरापाश्रयिणो, मदावकाशोऽस्ति रूपस्य ॥८५॥**
**नित्यं परिशीलनीये, त्वङ्मांसाच्छादिते कलुषपूर्णे ।**
**निश्चयविनाशधर्मिणि, रूपे मदकारणं किं स्यात् ॥८६॥**

---

જેનું શીલ અસદાચારોથી દૂષિત છે તેને કુલ-મદ કરવાનું શું કારણ છે? અને રૂપાદિ સ્વગુણોથી અલંકૃત શીલવાનને પણ કુલમદ કરવાનું શું કારણ છે? બંનેને કુલમદ કરવાનું કોઈ કારણ નથી. કારણ કે જો શીલ નથી તો ઉત્તમ કુળની કોઇ કિંમત નથી. કુળની કિંમત શીલના આધારે છે. કિંમત વિનાની વસ્તુનો મદ કરવો એ મૂર્ખતાનું પ્રદર્શન છે. કુલ અને શીલમાં શીલનું મહત્ત્વ હોવાથી શીલવાનને પણ મદ કરવાનો અવકાશ રહેતો નથી.

[ ૮૫–૮૬ ] રૂપમાં (શરીરના આકારમાં)ય વળી શું બળ્યું છે! એની ઉત્પત્તિ અશુચિ શુક્ર–શોણિતમાંથી થાય છે. સદા તેની હાનિ–વૃદ્ધિ થયા કરે છે. યૌવનાવસ્થા સુધી તેની વૃદ્ધિ અને બાદ હાનિ થાય છે. એને રોગ અને જરા ઘેરી લે છે. માંસ ચામ-ડીથી ઢંકાયેલું હોવાથી બહારથી કંઈક ઠીક દેખાય છે, પણ અંદરથી તો મૂત્ર આદિ ગંદા પદાર્થો સતત

बलसमुदितोऽपि यस्मान्नरः क्षणेन विबलत्वमुपयाति ।
बलहीनोऽपि च बलवान्, संस्कारवशात्पुनर्भवति ॥८७॥
तस्मादनियतभावं, बलस्य सम्यग्विभाव्य बुद्धिबलात् ।
मृत्युबले चाबलतां, न मदं कुर्याद् बलेनापि ॥८८॥

---

વધ્યા કરે છે. દરરોજ તેની આળ-પંપાળ કરવી પડે છે. દરરોજ તેની આળ-પંપાળ કરવા છતાં એક દિવસ તેની રાખ થઈ જશે એ વાત ચોક્કસ છે. આવા રૂપમાં મદ કરવા જેવું શું છે?

[૮૭-૮૮] બલવાન પણ મનુષ્ય રોગ આદિથી ક્ષણવારમાં બલહીન અને બલહીન પણ ઉપાયોથી બળવાન બની જાય છે. ગમે તેટલું બળ કેમ ન હોય! મૃત્યુબળની સામે એ ટકી શકે જ નહિ! મૃત્યુ જ્યારે ધસી આવે છે ત્યારે શરીરબળ, સ્વજનબળ કે દ્રવ્યબળ કંઈ કરી શકતું નથી. આથી બુદ્ધિબળથી બળની અનિત્યતાનો અને મૃત્યુની પાસે કાયરતાનો સૂક્ષ્મ વિચાર કરી બળવાને પણ બળમદ ન કરવો જોઇએ.

**उदयोपशमनिमित्तौ, लाभालाभावनित्यकौ मत्वा ।**
**नालाभे वैक्लव्यं, न च लाभे विस्मयः कार्यः ॥८९॥**
**परशक्त्यभिप्रासादा—त्मकेन किञ्चिदुपयोगयोग्येन ।**
**विपुलेनापि यतिवृषा, लाभेन मदं न गच्छन्ति ॥९०॥**

---

[ ૮૯-૯૦ ] ઇચ્છિત વસ્તુ ઇચ્છા થાય એટલે મળી જ જાય એવો નિયમ નથી. પુણ્યોદય ( લાભાંતરાય કર્મનો ક્ષયોપશમ ) હોય તો ઇચ્છિત વસ્તુ મળે, અન્યથા ન મળે. લાભ કે અલાભ પોતાના હાથમાં નથી. આથી લાભાલાભને અનિત્ય સમજીને ઇચ્છિત ન મળે તો દીનતા નહિ કરવી અને સારી રીતે મળે તો ગર્વ ન કરવો.

દાનાંતરાય કર્મનો ક્ષયોપશમ હોય (-અંતરાય ન હોય ) અને સાધુને આપવાની ભાવના હોય તો જ ગૃહસ્થ દાન કરી શકે છે. આથી પરની (=દાતાની) દાનાંતરાય કર્મના ક્ષયોપશમથી (-અંતરાય દૂર થવાથી ) ઉત્પન્ન થયેલી શક્તિ મુજબ તથા ગુણાનુરાગ આદિના યોગે સાધુને આપવાની પ્રસન્નતાને (=ભાવનાને ) અનુરૂપ મળેલ અને અલ્પકાળ સુધી જ

ग्रहणोद्ग्राहणनवकृति–विचारणार्थावधारणाद्येषु ।
बुद्ध्यङ्गविधिकल्पे–ष्वनन्तपर्यायवृद्धेषु ॥९१॥
पूर्वपुरुषसिंहानां, विज्ञानातिशयसागरानन्त्यम् ।
श्रुत्वा सांप्रतपुरुषाः, कथं स्वबुद्ध्या मदं यान्ति ॥९२॥

---

ટકી રહેનાર વસ્તુનો લાભ ગમે તેટલો અધિક થયો હોય તો પણ ઉત્તમ સાધુઓ મદ કરતા નથી.

[ ૯૧-૯૨ ] જરા પૂર્વના મહાપુરુષોનો ઇતિહાસ જુઓ ! શું એમની બુદ્ધિ હતી ! ( ગ્રહણ- ) રોજ નવા નવા સૂત્ર–અર્થની વાચના લે ! (ઉદ્ગ્રાહણ–) શિષ્યાદિકને રોજ નવા નવા સૂત્રાર્થો ઝટ ગળે ઉતરી જાય એવી સુંદર શૈલીથી સમજાવે ! ( નવકૃતિ– ) વૈરાગ્ય ભરપૂર નવા નવા તાત્ત્વિક ગ્રંથોની રચનામાં પણ તેઓ એક્કા હતા ! ( વિચારણા– ) આત્મા, કર્મ આદિ તત્ત્વોની સૂક્ષ્મ વિચારણા કરવામાં તેઓ નિપુણ હતા. ( અર્થાવધારણ– ) ગુરુએ કહેલા સૂત્રાર્થને એકવારમાં જ તેઓ સમજી જતા અને યાદ રાખી લેતા. ગુરુએ બે ત્રણ વાર કહેવું પડતું ન હતું. તેઓને આપણી જેમ અનેક પુસ્તકો પાસે રાખવાં પડતાં ન હતાં.

ગ્રહણ આદિના તથા શાસ્ત્રોક્ત બુદ્ધિના અંગોના ભેદો અનંત પર્યાયો સુધી વધી જાય છે. અર્થાત્ બુદ્ધિમાન જીવોની તરતમતાનો વિચાર કરવામાં આવે તો અનંત ભેદો પડી જાય છે. એક બુદ્ધિમાનની બુદ્ધિથી બીજા બુદ્ધિમાનની બુદ્ધિ અનંતગુણી હોઈ શકે છે. આથી પૂર્વના (ગણધરથી પ્રારંભી ૧૧ અંગના જાણકાર સુધીના) મહાપુરુષોના ગ્રહણ આદિ તથા બુદ્ધિના અંગોના ભેદો આપણી બુદ્ધિની અપેક્ષાએ અનંતગણા અધિક હતા.

પરીષહાદિ શત્રુ સામે સામનો કરવામાં સિંહ સમાન શૂરવીર હોવાથી સિંહતુલ્ય એ મહાપુરુષોનું સિંધુસમાન અનંતજ્ઞાન હતું એમ સાંભળ્યા પછી, બિંદુ જેટલું પણ જ્ઞાન ન હોવા છતાં, પોતાની બુદ્ધિથી છકી જઇને આજના પુરુષો મદ કેમ કરે છે એ સમજાતું નથી.

द्रमकैरिव चाटुकर्मक–मुपकारनिमित्तकं [२५]परजनस्य ।
कृत्वा यद्वाल्लभ्यक–मवाप्यते को मदस्तेन ॥ ९३ ॥
गर्वं परप्रासादा–त्मकेन वाल्लभ्यकेन यः कुर्यात् ।
तं वाल्लभ्यकविगमे, शोकसमुदयः परामृशति ॥९४॥
माषतुषोपाख्यानं, श्रुतपर्यायप्ररूपणां चैव ।
श्रुत्वातिविस्मयकरं, च विकरणं स्थूलभद्रमुनेः ॥९५॥

[૯૩–૯૪] મારા ઉપર ઉપકાર કરશે અથવા કર્યો છે એ નિમિત્તે ભિખારીની જેમ બીજાઓની દાઢીમાં હાથ ઘાલીને કે ચાપલુષી કરીને મળતા પ્રેમથી મદ શો કરવો ?

પરની પ્રસન્નતાથી પ્રાપ્ત પ્રેમથી જે ગર્વ કરે છે, તેને પરનો પ્રેમ દૂર થતાં પ્રબળ શોક ઘેરી લે છે.

[૯૫] હું ઘણું ભણ્યો છું એમ જેને ગર્વ

२५ उपकारो निमित्तं यस्य चटुकर्मणः तदुपकारनिमित्तकम् । उपकारोऽनेन प्राग् मम कृतः करिष्यते वाऽतश्चटुकर्म करोति । 'परजनस्य' इति गृहस्थादिसूचनम् । आचार्यादीनामामोदितमभ्युत्थानादि क्रियमाणं चटुकर्म न दोषमावहति । कुत्सितं प्रियं भाषणं चटुकर्म ।

થતો હોય તેણે માષતુષ મુનિનું દૃષ્ટાંત, શ્રુતપર્યાયોની પ્રરૂપણા અને શ્રી સ્થૂલભદ્ર મુનિની વિસ્મય પમાડનારી વિક્રિયા સાંભળીને મદનો ત્યાગ કરવો જોઇએ.

(૧) માષતુષ મુનિ પંડિત ન હતા. એમને 'मा रुष मा तुष' જેવા બે શબ્દો પણ યાદ રહેતા ન હતા. છતાં શ્રુતભક્તિનો ભાવ અપૂર્વ હતો. પરિણામે રાગ-દ્વેષ, ગર્વ આદિ દોષો દૂર થવાથી મોક્ષની પ્રાપ્તિ થઈ. એટલે બહુ ભણેલો હોય તેને જ મોક્ષ મળે છે એવું નથી. બહુ ભણ્યો હોય, પણ રાગ-દ્વેષ, ગર્વ આદિ દોષો ન ઘટયા હોય તો; એ બહુ ભણતરનું મહત્ત્વ નથી. થોડું પણ શ્રુત જો ભાવપૂર્વક હોય તો મુક્તિ આપવાને સમર્થ છે. ઘણું પણ શ્રુત જો ભાવથી હીન હોય તો મુક્તિ ન આપી શકે.

(૨) એક જ સૂત્રનો કોઈ એક અર્થ કરે છે, કોઈ બે અર્થો કરે છે, કોઈ ત્રણ અર્થો કરે છે,.... આમ એક એકથી ચઢિયાતા વિદ્વાનો હોય છે. આથી મારા શ્રુતને ટપી જાય તેવા વિદ્વાનો પણ વર્તમાનમાં છે અને પૂર્વે થઇ ગયા છે. આથી મારે થોડા શ્રુતથી મદ શા માટે કરવો ?

(૩) સ્થૂલભદ્ર મુનિ મહાત્યાગી અને વૈરાગી

**संपर्कोद्यमसुलभं, चरणकरणसाधकं श्रुतज्ञानम् ।**
**लब्ध्वा सर्वं मदहरं, तेनैव मदः कथं कार्यः ॥९६॥**

હતા, શ્રુતનો અભ્યાસ કરવામાં પણ અજોડ હતા, એમણે રમત રમતમાં અલ્પકાળમાં દશ પૂર્વોનું અર્થ સહિત અધ્યયન કરી લીધું હતું. આવા પણ મહામુનિ થોડી વાર માટે ગર્વને આધીન બની ગયા. વંદન કરવા માટે આવેલી સાધ્વીઓને–સંસારી બહેનોને પોતાની શ્રુતશક્તિનો પરિચય કરાવવા તેમણે સિંહનું રૂપ ધારણ કર્યું. આથી ભદ્રબાહુ સ્વામીએ તેમને આગળ પાઠ આપવાની સ્પષ્ટ ના કહી દીધી. પાછળથી સંઘના આગ્રહથી અર્થ વિના માત્ર સૂત્રથી વાચના આપવાનું સ્વીકાર્યું, તે પણ બીજાને નહિ આપવાની શરતે. પરિણામે ચાર પૂર્વોનો વિચ્છેદ થયો. આમ થોડા પણ શ્રુતમદથી આટલું નુકશાન થયું. આથી આવા અનર્થકારી શ્રુતમદને આધીન નહિ બનવું જોઇએ.

[ ૯૬ ] (૧) સંપર્કોદ્યમ સુલભ, (૨) ચરણકરણસાધક (૩) અને સર્વ પ્રકારના મદનો નાશ કરનાર શ્રુતજ્ઞાન મેળવીને તેનાથી જ (=મદનો નાશ કરનાર શ્રુતજ્ઞાનથી જ) મદ શા માટે કરવો જોઈએ ?

**एतेषु मदस्थानेषु निश्चये न च गुणोऽस्ति कश्चिदपि ।**
**केवलमुन्मादः स्वहृदयस्य संसारवृद्धिश्च ॥९७॥**

(૧) મેં ઘણું શ્રુત મેળવ્યું છે એમ જેને લાગતું હોય તેણે વિચારવું જોઇએ કે મેં ઘણું શ્રુત મેળવ્યું એમાં મોટી ધાડ મારી નથી. કારણ કે ગુરુ આદિના સંપર્કથી ( =સહાયથી ) અને ઉત્સાહથી શ્રુતજ્ઞાન સહેલાઇથી મેળવી શકાય છે.

(૨) શ્રુતનું ફળ ચરણ-કરણની ( =મૂલગુણો અને ઉત્તર ગુણોની ) સાધના છે. આથી જેમ જેમ જ્ઞાન વધતું જાય તેમ તેમ મૂલગુણો અને ઉત્તરગુણોને ખીલવવા પ્રયત્ન કરવો જોઇએ. આ દૃષ્ટિએ જ અહીં શ્રુતજ્ઞાનનું "ચરણ-કરણસાધક" એવું વિશેષણ મૂક્યું છે.

શ્રુતજ્ઞાન તો મદના રોગને દૂર કરવાનો અકસીર ઇલાજ છે. જો અકસીર ઇલાજથી જ રોગની વૃદ્ધિ થતી હોય તો રોગને દૂર કરવાનો બીજો કયો ઉપાય છે ? માટે જેમ જેમ શ્રુતજ્ઞાન વધે તેમ તેમ નમ્ર બનવું જોઇએ.

**મદનું ફળ—**

[૯૭] વાસ્તવમાં જાતિ આદિ મદના સ્થાનોમાં

**जात्यादिमदोन्मत्तः, पिशाचवद् भवति दुःखितश्चेह ।**
**जात्यादिहीनतां पर-भवे च निःसंशयं लभते ॥९८॥**

મદ કરવાથી કોઈ પણ ગુણ(=લાભ)નથી. એ કેવળ પોતાના હૃદયનો ઉન્માદ છે. એનાથી સંસારની વૃદ્ધિ થાય છે.

[૯૮] જાતિ આદિના મદથી ઉન્મત્ત બનેલ મનુષ્ય આ લોકમાં શુચિપિશાચ નામના બ્રાહ્મણની જેમ દુઃખી થાય છે અને પરલોકમાં અવશ્ય જાતિ આદિની ન્યૂનતાને પામે છે, અર્થાત્ જાતિ આદિ આઠમાંથી જેનો જેનો મદ કરે તે તે પરલોકમાં હીન ( =હલકું ) મળે.

**પિશાચબ્રાહ્મણ**–અતિશય શૌચવાદી પિશાચ નામનો એક બ્રાહ્મણ મનુષ્યોની સાથે રહેવાથી પવિત્રતા જળવાતી નથી એમ વિચારીને મનુષ્યની વસતિ છોડીને સમુદ્રની વચ્ચે એક દ્વીપમાં રહેવા ગયો. કોઈ વેપારી વહાણ સમુદ્રમાં ડૂબી જવાથી પાણીમાં વહેતો વહેતો તે દ્વીપમાં આવ્યો. ત્યાં શેરડી ખૂબ થતી હતી. દરરોજ શેરડીના રસનો આહાર કરવાથી તેને ગોળના ગાંગડા જેવા ઝાડા થતા હતા. ફરતા ફરતા આવેલા બ્રાહ્મણે આ ગાંગડા જોયા અને ફળો સમજી ચાખી જોયા તો સ્વાદિષ્ટ લાગ્યા. આથી દરરોજ તેનાથી પેટનું પોષણ કરવા લાગ્યો. એક દિવસ ફરતા પેલા

**सर्वमदस्थानानां, मूलोद्घातार्थिना सदा यतिना ।**
**आत्मगुणैरुत्कर्षः, परपरिवादश्च संत्याज्यः ॥९९॥**

વેપારી ઉપર તેમની દૃષ્ટિ પડી બંને ભેગા થયા. પરસ્પર દ્વીપમાં આગમન,ભોજન આદિની વાત થઇ. કયો આહાર લો છો એમ વેપારીએ પૂછતાં બ્રાહ્મણે હર્ષથી જવાબ આપ્યો: હું તો દરરોજ શેરડીના ફળોનું ભક્ષણ કરું છું. વેપારીએ તે ફળો બતાવવાનું કહેતાં બ્રાહ્મણે વેપારીને વિષ્ઠા બતાવી. વેપારીએ સહાસ્ય કહ્યું : આ તો મારી વિષ્ઠા છે. તારો શુચિવાદ બહુ સુંદર છે. આથી તે ખેદ પામી એ દ્વીપમાંથી નિકળી બીજા દ્વીપમાં ગયો. ત્યાં પણ પક્ષી આદિનાં એંઠાં ફળો ખાવા લાગ્યો. બીજે પણ જ્યાં જ્યાં ગયો ત્યાં ત્યાં દુ:ખી થયો.

**મદના મૂળને મારવાનો રામબાણ ઉપાય—**

[૯૯] સર્વ પ્રકારના મદના મૂળને મારવાની ઇચ્છાવાળા સાધુએ સ્વગુણોના ઉત્કર્ષનો અને પરના અવર્ણવાદનો સદા ત્યાગ કરવો જોઇએ.

મદનું મૂળ માન છે. સ્વગુણોત્કર્ષનો અને પર-પરિવાદનો ત્યાગ કર્યા વિના માનને ન મારી શકાય. માન મર્યા વિના મદ મરે નહિ. આથી સાધુએ સ્વોત્કર્ષ અને પરાપકર્ષને સદા માટે તિલાંજલિ

परपरिभवपरिवादा—दात्मोत्कर्षाच्च बध्यते कर्म ।
नीचैर्गोत्रं प्रतिभव—मनेकभवकोटिदुर्मोचम् ॥१००॥
कर्मोदयनिर्वृत्तं, हीनोत्तममध्यमं मनुष्याणाम् ।
तद्विधमेव तिरश्चां, योनिविशेषान्तरविभक्तम् ॥१०१॥

---

આપવી જોઇએ.

### સ્વોત્કર્ષ-પરાપકર્ષનું ફળ—

[ ૧૦૦ ] પરનો તિરસ્કાર અને નિંદા તથા સ્વનો ઉત્કર્ષ કરવાથી અનંતા ભવો સુધી દરેક ભવમાં નીચ ગોત્રકર્મ બંધાય છે.

### મનુષ્યાદિમાં હીનતા આદિ વ્યવહારનું કારણ :-

[ ૧૦૧ ] મનુષ્યોમાં અને તિર્યંચોમાં હીનપણું, ઉત્તમપણું કે મધ્યમપણું ગોત્રકર્મના ઉદય પ્રમાણે થાય છે. મનુષ્ય કે તિર્યંચ નીચગોત્ર કર્મના ઉદયથી હીન ગણાય છે, ઉચ્ચ ગોત્રકર્મના ઉદયથી ઉત્તમ ગણાય છે.

પ્રશ્ન-મનુષ્યની જેમ તિર્યંચમાં હીનતા આદિ છે. તો એ બંનેમાં ફેર શો ?

ઉત્તર-એ બંનેમાં યોનિના (ઉત્પત્તિ સ્થાનના)

देशकुलदेहविज्ञानायुर्बलभोगभूतिवैषम्यम् ।
दृष्ट्वा कथमिह विदुषां, भवसंसारे रतिर्भवति ॥१०२॥

---

ભેદથી ભેદ છે. બંનેની યોનિઓ જુદી જુદી છે. તિર્યંચોમાં એકેંદ્રિય, બેઇંદ્રિય, તેઈંદ્રિય, ચઉરિંદ્રિય, પંચેંદ્રિય એ મુજબ પાંચ ભેદો છે. મનુષ્યમાં ગર્ભજ અને સંમૂર્ચ્છિમ એ બે મુખ્ય ભેદો છે.

**વૈરાગ્ય કેળવવાનો ઉપદેશ—**

[ ૧૦૨ ] સંસારમાં વિવિધ વિષમતાઓનો તો કોઈ પાર છે! કોઈ આર્ય દેશમાં જન્મે છે, તો કોઈ અનાર્ય દેશમાં જન્મે છે. કોઈ ઉચ્ચ કુળમાં, તો કોઈ નીચ કુળમાં અવતરે છે. કોઇની કાયા કંચન જેવી, કોઇની કાયા કાળી કોલસા જેવી. કોઇ પંડિત–શિરોમણિ તો કોઇ મૂર્ખ શેખર. કોઈ ગર્ભમાં જ મરે, તો કોઈ દીર્ઘકાળ સુધી જીવે. એક સબળ છે, તો બીજો દુર્બળ છે. કેટલાક વિવિધ વિષયોના સુખને અનુભવે છે, જ્યારે કેટલાક સંસાર-સુખનાં સાધનો ન હોવાથી કે ભોગનાં સાધનો હોવા છતાં ભોગવવાનું સામર્થ્ય ન હોવાથી ભોગ માટે નિસાસા નાંખે છે. કોઇને ત્યાં ધનની છોળો ઉછળે છે, તો કોઈને ત્યાં હાલ્લાં કુસ્તી કરે છે. આવી

## (૮) ઇંદ્રિયજય અધિકાર

[૨૬]अपरिगणितगुणदोषः, स्वपरोभयबाधको भवति यस्मात् ।
[२७]पञ्चेन्द्रियबलविबलो, रागद्वेषोदयनिबद्धः ॥१०३॥
तस्माद्रागद्वेषत्यागे, पञ्चेन्द्रियप्रशमने च ।
शुभपरिणामावस्थिति-हेतोर्यत्नेन घटितव्यम् ॥१०४॥

---

વિષમતાઓ જોઈને વિદ્વાનોને આ સંસારમાં આનંદ કેમ આવે ?

[ ૧૦૩-૧૦૪ ] ગુણો અને દોષોની જે પરવા નથી કરતો, અર્થાત્ ગુણોને અને દોષોને ઓળખીને ગુણોને મેળવવાનો અને દોષોને દૂર કરવાનો પ્રયત્ન કરતો નથી, તે પાંચ ઈંદ્રિયોના વિષયમાં આસક્ત રહેવાથી શુભ પરિણામથી રહિત બની જાય છે, સદા તીવ્ર રાગદ્વેષના પરિણામવાળો રહે છે; તથા સ્વ-પરઉભયને બાધક બને છે-જાતે દોષમાં પ્રવૃત્તિ કરે છે અને બીજાને પણ (એની પ્રવૃત્તિ જોઈને

---

२६ अपरिगणिता अनादृता गुणदोषा येन ।

२७ पञ्चेन्द्रियाणां निजनिजविषयगार्द्ध्यं, तेन विबलो गतशुभपरिणामः ।

[૨૮] तत्कथमनिष्टविषया-भिकाङ्क्षिणा भोगिना वियोगो वै ।
सुव्याकुलहृदयेनापि निश्चयेनागमः कार्यः ॥१०५॥

---

બીજા પ્રવર્તે એથી ) દ્વેષમાં પ્રવૃત્તિ કરાવે છે.

આથી શુભ પરિણામમાં રહેવા માટે રાગ-દ્વેષનો ત્યાગ અને પાંચ ઇંદ્રિયોની શાંતિ થાય તેવો પ્રયત્ન કરવો જોઇએ.

[ ૧૦૫ ] [ રાગ-દ્વેષમાં રાગ અધિક દુર્જય છે. તેમાં પણ પાંચ વિષયોનો રાગ તો અતિશય દુર્જય છે. પાંચ વિષયોનો રાગ દૂર થશે એટલે રાગ-દ્વેષ ભાગવા માંડશે. આથી સર્વ પ્રથમ પાંચ વિષયોની લાલસા દૂર કરવી જોઈએ. આના અનુસંધાનમાં અહીં નીચેની ગાથા કહેવામાં આવી છે. ] પ્રશ્ન- વિષયોના અભિલાષી ભોગીએ કેવી રીતે વર્તવું જોઇએ, જેથી વિષયોનો વિયોગ થાય (=વિષયોની લાલસા દૂર થાય) ?

---

૨૮ तत्कथं चेष्टितव्यमित्याह–अनिष्टविषयाभिकाङ्क्षिणा । भोगिना–भोगासक्तेन सह वियोगो विषयाणां कथं स्यात् ? वै इति प्रश्ने, व्यग्रहृदयेनाऽपि यथावद्विज्ञायैतानपायबहुलानागमोऽभ्यसनीयः ।

आदावत्यभ्युदया, मध्ये शृङ्गारहास्यदीप्तरसाः ।
निकषे विषया बीभत्सकरुणलज्जाभयप्रायाः ॥१०६॥

ઉત્તર – વિષયોની લાલસાથી હૃદય અતિશય વ્યાકુલ હોય તો પણ આગમનો (=સિદ્ધાંતનો) બરાબર અભ્યાસ કરવો જોઇએ.

આગમનો અભ્યાસ કરવાથી વિષયોની ભયંકરતા આદિનું જ્ઞાન થાય છે અને દૃઢ બને છે. એનાથી વિષયો પ્રત્યે દ્વેષવૃત્તિ જાગે છે અને આસક્તિ દૂર થાય છે. આથી વિષયલાલસા દૂર કરવા મહાપુરુષપ્રણીત વૈરાગ્યગર્ભિત સિદ્ધાંતોનો અભ્યાસ પ્રતિદિન કરવો જોઇએ.

## વિષયોની અનિષ્ટતા—

[ ૧૦૬ ] (૧) વિષયો પ્રારંભમાં ઉત્સવ જેવા લાગે છે, અર્થાત્ કોઈ ઉત્સવનો પ્રસંગ આવવાનો હોય તો તેના આવવાના પહેલાં જ જેમ એક પ્રકારની આનંદની લાગણી પેદા થાય છે, તેમ વિષયો ઉપભોગની પહેલાં જ આનંદની લાગણી પેદા કરે છે. (૨) વિષયો મધ્યમાં–વિષયોપભોગ દરમિયાન વેશભૂષા, કેશભૂષા, અલંકારોનો શણગાર, મુખચુંબન, હાસ્ય આદિ દ્વારા શૃંગાર અને હાસ્યરસથી

**यद्यपि निषेव्यमाणा, मनसः परितुष्टिकारका विषयाः ।**
**किंपाकफलादनवद् भवन्ति पश्चाददतिदुरन्ताः॥१०७॥**

---

રસને પ્રદીપ્ત બનાવે છે, આનંદમાં વૃદ્ધિ કરે છે. (૩) વિષયો અંતે (વિષયોપભોગ થયા પછી) (૧) બિભત્સા, (૨) કરુણા, (૩) લજ્જા, (૪) અને ભયને પ્રાયઃ ઉત્પન્ન કરે છે.

(૧) કામાંગોને ખુલ્લા જોઈને ઘૃણા ઉત્પન્ન થાય છે.

(૨) કામિનીના અંગમાં દાંત અને નખથી નિર્દય-પણે કરેલા ક્ષતો જોઇને કામિની પ્રત્યે કરુણા જાગે છે.

(૩) વસ્ત્રહીન દશા જોઇને શરમ આવે છે.

(૪) આવી અવસ્થામાં પોતાને બીજાઓ જોઈ ન જાય તેનો ભય લાગે છે.

આમ વિષયોપભોગના પ્રારંભમાં (આનંદ કે રાગરૂપ) અસ્વસ્થતા, મધ્યમાં મોહની તીવ્ર વેદના, અને અંતે બીભત્સા આદિ થવાથી વિષયસુખો ત્યાજ્ય છે.

[૧૦૭] પ્રશ્ન – વિષયો ગમે તેવા હોય, પણ સેવનકાળે તો સુખ જ આપે છે; આથી એનું સેવન શા માટે ન કરવું ?

**यद्वच्छाकाष्टादश–मन्नं बहुभक्ष्यपेयवत्स्वादु ।**
**विषसंयुक्तं भुक्तं, विपाककाले विनाशयति ॥१०८॥**
[२९]**तद्वदुपचारसंभृत–रम्यक्रागरससेविता विषयाः ।**
**भवशतपरम्परास्वपि, दुःखविपाकानुबन्धकराः॥१०९॥**

---

ઉત્તર- પણ પછી શું ? એના પરિણામનો તો વિચાર કરવો જોઇએ ને ? કિંપાક ફળના આસ્વાદન વખતે ટેસ આવે છે, છતાં સમજુ લોકો તેનું ભક્ષણ કરતા નથી. કારણ કે ઝેરી હોવાથી પેટમાં ગયા પછી પ્રાણ હરી લે છે. એ જ પ્રમાણે વિષયો પણ સેવન કરતી વખતે મનને આનંદ આપે છે, પણ પાછળથી વિપાકકાળે ( સેવન કરતી વખતે રાગ આદિના કારણે બંધાયેલા અસાતા વેદનીય આદિ અશુભ કર્મોનો ઉદય થાય છે ત્યારે ) દુઃખ આપે છે.

[ ૧૦૮-૧૦૯ ] અઢાર જાતના શાક હોય, છત્રીસ પ્રકારના સ્વાદિષ્ટ પક્વાન્ન હોય, વિવિધ પ્રકારના મધુર પીણા હોય, આવું સ્વાદિષ્ટ પણ ભોજન જો

---

૨૯ ટીકાઓમાં **संभृत** અને **रम्यक्** શબ્દો રાગના વિશેષણ તરીકે બતાવ્યા છે. અહીં અનુવાદમાં વિષયના વિશેષણો કરીને અર્થ કર્યો છે.

**अपि पश्यतां समक्षं, नियतमनियतं पदे पदे मरणम् ।**
**येषां विषयेषु रति–र्भवति न तान्मानुषान्गणयेत्॥११०॥**

---

વિષથી મિશ્રિત હોય તો, એનું ભક્ષણ કરવાથી પરિણામકાળે મૃત્યુ થાય છે. તે પ્રમાણે બીજાઓની ખુશામત, વિનય આદિ કરીને ભેગા કરેલા કે વધારેલા અને રાચી–માચીને સેવેલા ( સેવન વખતે ) રમણીય વિષયો સેંકડો ભવો સુધી સતત દુઃખ આપે છે.

[ ૧૧૦ ] સ્થાને સ્થાને રહેલા સદા નિયત અને અનિયત મરણને આંખ સામે જોતા હોવા છતાં જેમને વિષયોમાં આસક્તિ રહે છે, તેમને મનુષ્ય તરીકે નહિ ગણવા; કિંતુ પશુ તરીકે ગણવા.

( પદે–પદે ) જ્યાં નજર નાંખો ત્યાં બધે જ મૃત્યુ છે. કોઈ ગતિ કોઈ દેશ કે કોઈ સ્થાન મૃત્યુરહિત નથી. કોઇ કાળ પણ એવો નથી કે, જે કાળે કોઇનું પણ મૃત્યુ ન થતું હોય.

( નિયતમનિયતમ્ ) વ્યક્તિની અપેક્ષાએ કોનું મૃત્યુ ક્યારે થાય તે નક્કી નહીં, પણ સમુદાયની અપેક્ષાએ તો સદા મૃત્યુ ચાલુ જ છે. આથી આયુષ્ય

३०विषयपरिणामनियमो, मनोऽनुकूलविषयेष्वनुप्रेक्ष्यः ।
द्विगुणोऽपि च नित्यमनुग्रहोऽनवद्यश्च संचिन्त्यः॥१११

---

વ્યક્તિની દૃષ્ટિએ અનિયત=અનિત્ય છે અને સમૂહની દૃષ્ટિએ નિયત છે=સર્વ કાળ ચાલુ છે.

[ ૧૧૧ ] મનને ગમતા વિષયો વિશે એમના પરિણામના ( ઈંદ્રિય-વિષય અધિકારમાં જણાવેલા જે ઇષ્ટ છે તે અનિષ્ટ બની જાય છે, અને જે અનિષ્ટ છે તે ઇષ્ટ બની જાય છે વગેરે ) નિયમનો વિચાર કરવો જોઇએ. તથા વિષયોના પરિણામના નિયમથી ( =વિષયો વિષે લાલસાની નિવૃત્તિથી ) થતા નિર્દોષ અને ગુણયુક્ત લાભનો સદા વિચાર કરવો જોઇએ.

---

૩૦ અહીં **विषयपरिणाम** શબ્દનો અન્વય પૂર્વાર્ધમાં **अनुप्रेक्ष्य** શબ્દની સાથે અને ઉત્તરાર્ધમાં **संचिन्त्य** શબ્દની સાથે છે. અનુપ્રેક્ષાની સાથે અન્વય કરવામાં પરિણામનો ફેરફાર (=રૂપાંતર) અર્થ છે. સંચિંત્ય સાથે અન્વયમાં પરિણામનો લાલસા અર્થ છે અને નિયમનો નિવૃત્તિ અર્થ છે.

## (૯) આચાર અધિકાર

इति गुणदोषविपर्यासदर्शनाद् विषयमूर्छितो ह्यात्मा ।
भवपरिवर्तनभीरुभि-राचारमवेक्ष्य परिरक्ष्यः ॥११२॥
सम्यक्त्वज्ञानचारित्रतपोवीर्यात्मको जिनैः प्रोक्तः ।
पञ्चविधोऽयं विधिवत्, साध्वाचारः समनुगम्यः ॥११३
षड्जीवकाययतना, लौकिकसन्तानगौरवत्यागः ।
शीतोष्णादिपरीषह-विजयः सम्यक्त्वमविकम्प्यम् ११४

---

[ ૧૧૨ ] આ પ્રમાણે ગુણને દોષ તરીકે અને દોષને ગુણ તરીકે જોવાથી ( =હિતકરને અહિતકર અને અહિતકરને હિતકર માનવાથી ) વિષયમાં આસક્ત બની ગયેલા આત્માનું, ભવભ્રમણથી ભયભીત બનેલાઓએ આચારાંગ સૂત્રનું અધ્યયન કરીને, બરાબર રક્ષણ કરવું જોઇએ.

[ ૧૧૩ ] આચારાંગ સૂત્રમાં જિનેશ્વરોએ દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ, વીર્ય એમ પાંચ પ્રકારે સાધુનો આચાર કહ્યો છે. એને વિધિપૂર્વક જાણવો જોઇએ.

### ૧૧૪ થી ૧૧૭ ગાથાની ભૂમિકા

જ્યારે ગણધરોએ સૂત્રથી દૃષ્ટિવાદની રચના કરી ત્યારે સર્વપ્રથમ આચારાંગ સૂત્રની રચના કરી હતી.

संसारादुद्वेगः, क्षपणोपायश्च कर्मणां निपुणः ।
वैयावृत्त्योद्योगस्तपोविधिर्योषितां त्यागः ॥११५॥
विधिना भैक्ष्यग्रहणं, स्त्रीपशुपण्डकविवर्जिता शय्या ।
ईर्याभाषाम्बरभाजनैषणावग्रहाः शुद्धाः ॥११६॥
स्थाननिषद्याव्युत्सर्गशब्दरूपक्रियाः परान्योऽन्याः ।
पञ्चमहाव्रतदार्ढ्यं, विमुक्तता सर्वसङ्गेभ्यः ॥११७॥

---

વર્તમાનમાં આચારાંગ સૂત્રના બે શ્રુતસ્કંધો (પ્રકરણો કે વિભાગો) છે. બીજા શ્રુતસ્કંધમાં ચાર ચૂલિકા છે. મૂળ સૂત્રમાં જે વિષયો કહેવામાં ન આવ્યા હોય અથવા સંક્ષેપથી કહેવામાં આવ્યા હોય તે વિષયોને સમજાવવા માટે શ્રુતસ્થવિરોએ ચૂલિકાની રચના કરી છે. આથી બીજું શ્રુતસ્કંધ શ્રુતસ્થવિરકૃત છે. પ્રથમ શ્રુતસ્કંધ ગણધરકૃત છે. પ્રથમ શ્રુતસ્કંધમાં નવ અધ્યયનો અને બીજા શ્રુતસ્કંધમાં ચાર ચૂલિકા છે. પહેલી ચૂલિકામાં સાત, બીજી ચૂલિકામાં સાત. ત્રીજી ચૂલિકામાં એક અને ચોથી ચૂલિકામાં એક અધ્યયન છે.

પ્રથમ શ્રુતસ્કંધના મહાપરિજ્ઞા નામના સાતમા અધ્યયનનો ઘણા કાળથી વિચ્છેદ થયો હોવાથી વર્તમાનમાં આચારાંગના કુલ ૨૪ અધ્યયનો છે.

પ્રસ્તુત ગ્રંથની ૧૧૪ થી ૧૧૭ એ ચાર ગાથાઓમાં આચારાંગના પ્રત્યેક અધ્યયનમાં કયા વિષયનું પ્રતિપાદન છે તેનો નિર્દેશ કરવામાં આવ્યો છે. ૧૧૪-૧૧૫ એ બે ગાથાઓમાં પ્રથમ શ્રુતસ્કંધના નવ અધ્યયનોના વિષયોનો, ૧૧૬ મી ગાથામાં બીજા શ્રુતસ્કંધની પ્રથમ ચૂલિકાના સાત અધ્યયનોના વિષયોનો, ૧૧૭ મી ગાથામાં બાકીની ત્રણ ચુલિકાઓના વિષયોનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

## પહેલા શ્રુતસ્કંધના અધ્યયનોના વિષયો

[૧૧૪ થી ૧૧૭] (૧) षड्जीवकाययतना– પ્રથમ અધ્યયનમાં શરીરથી જુદા જીવની સિદ્ધિ, પૃથ્વીકાય આદિ છ પ્રકારના જીવોનું સ્વરૂપ જીવોનો ઘાત કરવાથી અશુભ કર્મોનો બંધ થાય છે, માટે જીવઘાતનો સર્વથા ત્યાગ કરવો જોઇએ, ઇત્યાદિ જણાવવામાં આવ્યું છે.

(૨) लौकिकसन्तानगौरवत्यागः– બીજા અધ્યયનમાં લૌકિક સર્વ પ્રકારના સંબંધીઓમાં મમત્વનો ત્યાગ, તેમના ગૌરવનો–આદરનો ત્યાગ, સંયમમાં દૃઢતા, વિષય, કષાય, મદ, માન આદિનો ત્યાગ, ભોગમાં અનાસક્તિ, સાધુએ દેહના રક્ષણ માટે જરૂરી

વસ્તુઓ લોકોએ પોતાના માટે બનાવી હોય તેવી લેવી, સાધુ માટે બનાવેલી નહિ લેવી, લોકમાં રહેવા છતાં લોકથી જલકમલની જેમ નિર્લેપ રહેવું, ઇત્યાદિ અનેક વિષયોનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

(૩) शीतोष्णादिपरीषहजयः- ત્રીજા અધ્યયનમાં શીત, ઉષ્ણ આદિ ૨૨ પરીષહોને સહન કરવા, સમ્યક્વિવેકથી રહિત ગૃહસ્થોના દોષો, સમ્યક્વિવેકથી સહિત ગૃહસ્થોના ગુણો, સમ્યક્વિવેકથી રહિત ગૃહસ્થોને આવતાં દુઃખો, સંયમના અનુષ્ઠાન વિના કેવળ બાહ્ય કષ્ટ સહન કરવાથી શ્રમણપણું આવતું નથી, કષાયોનો ત્યાગ, પાપકાર્યોથી વિરતિ ઇત્યાદિનું વર્ણન કરવામાં આવ્યું છે.

(૪) सम्यक्त्वमविकम्प्यम्- ચોથા અધ્યયનમાં સમ્યગ્દર્શનને નિર્મલ બનાવવાનો ઉપદેશ આપ્યો છે, તથા સમ્યગ્જ્ઞાન, સમ્યક્ તપ અને સમ્યક્ ચારિત્રનું વર્ણન કરવામાં આવ્યું છે.

(૫) संसारादुद्वेगः- પાંચમા અધ્યયનમાં હિંસા કરનાર, વિષયો માટે સાવદ્ય પ્રવૃત્તિ કરનાર અને કેવળ વિષયો માટે જ ફરનાર મુનિ નથી, હિંસાદિ પાપસ્થાનોમાંથી નિવૃત્ત હોય તે જ મુનિ છે. મુનિ

કામભોગના દોષો જાણવાથી કામ–ભોગથી ઉદ્વિગ્ન હોય, અગીતાર્થ આદિ એકાકી વિહાર કરે તો અનેક દોષો લાગે, સાધુએ સરોવરસમ બનવું જોઈએ વગેરે વિવિધ વિષયોનું વર્ણન છે.

(૬) **क्षपणोपायश्च कर्मणां निपुणः**– છઠ્ઠા અધ્યયનમાં મુખ્યતયા સ્વજન, કર્મ, સંયમનાં ઉપકરણો, શરીર, રસ આદિ ત્રણ ગારવ ઈત્યાદિના ત્યાગનો ઉપદેશ આપવામાં આવ્યો છે.

(૭) **वैयावृत्त्योद्योगः**– સાતમા અધ્યયનમાં વૈયાવચ્ચ (=સેવા) કોની કરવી, ક્યારે કરવી, કેવી રીતે કરવી, શા માટે કરવી ઈત્યાદિનું વર્ણન છે. વર્તમાનમાં આ અધ્યયન નથી.

(૮) **तपोविधिः**– આ અધ્યયનમાં ૩૬૩ પાખંડીઓનો ત્યાગ, તેમના લાવેલા આહાર ઉપધિ, શય્યા આદિનો ત્યાગ, તેમની નજરનો પણ ત્યાગ, આધાકર્મ આદિ દોષોથી દૂષિત આહારનો ત્યાગ, કોઈ આધાકર્મ દોષવાળા આહાર માટે વિનંતિ કરે તો પ્રતિષેધ કરવો, છતાં ન માને તો આવા આહારના દાનથી તને લાભ નહિ થાય અને મને પણ લાભ નહિ થાય એમ સમજાવવું, અવસરે સંયમનાં ઉપ-

કરણો અને શરીરનો ત્યાગ કરવો, ત્રણ પ્રકારના અનશન, એકત્વ ભાવના, ભિક્ષુપ્રતિમા, ૧૨ વર્ષ સુધી સંલેખના ઇત્યાદિ જણાવવામાં આવ્યું છે.

(૯) યોષિતાં ત્યાગઃ- નવમા અધ્યયનમાં ભગવાન મહાવીરનો વિહાર, વસતિ, પરીષહો આદિનું તથા સ્ત્રીના ત્યાગરૂપ બ્રહ્મચર્યનું વર્ણન કરવામાં આવ્યું છે.

## પ્રથમ ચૂલિકાના સાત અધ્યયનોના વિષયો

(૧૦) विधिना भैक्ष्यग्रहणम्- પ્રથમ અધ્યયનમાં સાધુ ભિક્ષા શા માટે ગ્રહણ કરે, કેવી અને કેવી રીતે ભિક્ષા ગ્રહણ કરે, ભિક્ષાના પ્રકારો વગેરેનું વર્ણન છે.

(૧૧) स्त्रीपशुपण्डकवर्जितशय्या- બીજા અધ્યયનમાં શય્યાના (=વસતિના) ભેદો, ગુણદોષો, વસતિમાં કેવી રીતે વર્તવું; સ્ત્રી, પશુ, નપુંસક આદિથી રહિત વસિતમાં વાસ કરવો ઇત્યાદિનું નિરૂપણ છે.

(૧૩ થી ૧૬) ईर्याभाषाम्बरभाजनैषणावग्रहाः शुद्धाः- ત્રીજાથી સાતમા અધ્યયન સુધીમાં ક્રમશઃ ઇર્યાસમિતિ, ભાષાસમિતિ, વસ્ત્રશુદ્ધિ, પાત્રશુદ્ધિ,

અવગ્રહ શુદ્ધિ (રહેવાના સ્થાનની શુદ્ધિ), એ વિષયોનું વર્ણન છે.

## બીજી ચૂલિકાના સાત અધ્યયનોના અને ત્રીજી ચોથી ચૂલિકાના વિષયો

(૧૭) स्थानक्रियाः– પ્રથમ અ. માં કાયોત્સર્ગને યોગ્ય સ્થાનનું વર્ણન છે.

(૧૮) निषद्याक्रियाः– બીજા અ. માં સ્વાધ્યાયને યોગ્ય સ્થાનનું વર્ણન છે.

(૧૯) व्युत्सर्गक्रियाः– ત્રીજા અ. માં મલ-મૂત્ર આદિના ત્યાગને યોગ્ય સ્થાનનું વર્ણન છે.

(૨૦) शब्दक्रियाः– ચોથા અ. માં સાંભળવામાં આવતા શબ્દોમાં રાગ-દ્વેષના ત્યાગનો ઉપદેશ છે.

(૨૧) रूपक्रियाः– પાંચમા અ. માં સારા નરસા રૂપ વિશે રાગદ્વેષના ત્યાગનો ઉપદેશ છે.

(૨૨) परक्रियाः– છઠ્ઠા અ. માં પગ ધોવા આદિની ક્રિયા બીજાઓ પાસે નહિ કરાવવાનો ઉપદેશ છે.

(૨૩) अन्योऽन्याक्रियाः– સાતમા અ. માં એક-બીજાની પાસે પગ ધોવરાવવા આદિ ક્રિયા નહિ કરવાનો ઉપદેશ છે.

**साध्वाचारः खल्वय-मष्टादशपदसहस्रपरिपठितः ।**
**सम्यगनुपाल्यमानो, रागादीन्मूलतो हन्ति ॥११८॥**

---

(૨૪) **पञ्चमहाव्रतदार्ढ्यम्**– ત્રીજી ચૂલિકામાં પાંચ મહાવ્રતોમાં સ્થિર બનવા માટે જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ વગેરેની ભાવનાઓ તથા દરેક મહાવ્રતની પાંચ પાંચ ભાવનાઓ બતાવવામાં આવી છે.

(૨૫) **विमुक्तता सर्वसङ्गेभ्यः**– ચોથી ચૂલિકામાં સર્વ સંગોથી વિમુક્તિ–છૂટકારો મેળવવા અંગેનું વર્ણન છે.[૩૧]

(૧૧૮) સાધુના આચારનું પ્રતિપાદન કરનાર આચારાંગ સૂત્ર ૧૮૦૦૦પદ પ્રમાણ છે. આચારાંગ સૂત્રમાં જણાવેલા સાધુના આચારોનું વ્યવસ્થિત પાલન કરવામાં આવે તો એ રાગાદિ દોષોને જડ મૂળથી ઉખેડી મૂકે છે.

---

૩૧ આચારાંગમાં પાંચ ચૂલિકાઓ છે. પણ ઘણા પ્રાચીનકાળથી પૂર્વાચાર્યોએ પાંચમી નિશીથ ચૂલિકાને આચારાંગથી અલગ પાડી છે. તેમાં પ્રાયશ્ચિત્તનો વિષય આવે છે.

**आचाराध्ययनोक्ता-र्थभावनाचरणगुप्तहृदयस्य ।**
**न तदस्ति कालविवरं, यत्र क्वचनाभिभवनं स्यात् ॥११९**
**पैशाचिकमाख्यानं, श्रुत्वा गोपायनं च कुलवध्वाः ।**
**संयमयोगैरात्मा, निरन्तरं व्यापृतः कार्यः ॥१२०॥**

---

[૧૧૯] આચારાંગમાં કહેલા અર્થોનું (=આચારોનું) ભાવપૂર્વક પાલન કરીને મનને સુરક્ષિત રાખનારનો કષાય-વિષય આદિ અનાચારો એક ક્ષણ પણ પરાભવ કરી શકતા નથી.

[ ૧૨૦ ] પિશાચની વાર્તા અને કુલવધૂના સંરક્ષણનો પ્રસંગ સાંભળીને સાધુએ સંયમની સાધનામાં સતત લીન રહેવું જોઇએ.

**પિશાચ વાર્તા**–કોઈ વણિકે મંત્રના પ્રભાવે એક પિશાચને (રાક્ષસને) વશ કરી લીધો. પિશાચે વણિકને કહ્યું : હું તારો સેવક છું, પણ તારે મને કંઇને કંઈ કામ આપવું પડશે, નહિ તો હું તને સ્વાહા કરી જઈશ. વણિકે મહેલ, બાગ, બગીચા આદિ તૈયાર કરાવી લીધા બાદ ઘરની બાજુમાં એક વાંસ ઊભો કરાવીને પિશાચને આજ્ઞા કરી: જ્યાં સુધી હું બીજું કામ ન સોપું ત્યાં સુધી તારે આ વાંસ ઉપર

**क्षणविपरिणामधर्मा मर्त्यानामृद्धिसमुदयाः सर्वे ।**
**सर्वे च शोकजनकाः, संयोगा विप्रयोगान्ताः॥१२१**

---

ચડ–ઉતર કર્યા કરવું. આથી વાણિયાના પ્રાણ લેવાનો અવસર આવ્યો જ નહિ. તેમ, રાત–દિવસ સંયમના આચારોમાં લીન રહેનાર સાધુને પ્રમાદ આદિ અનાચારો જરાપણ હેરાન કરી શકતા નથી.

**કુલવધૂ પ્રસંગ**–પરદેશ ગયેલો પતિ વર્ષો થવા છતાં ન આવવાથી અકળાયેલી એક યુવતિએ કોઈ રંગીલા યુવાનના પ્રેમમાં પડવાનો વિચાર કર્યો. તેના સસરાને ખબર પડતાં સસરાએ પોતાની સ્ત્રી સાથે ખોટો (–દેખાવનો) અણબનાવ કરીને ઘરનો કારભાર પુત્રવધૂને સોંપી દીધો. આથી વહેલી સવારથી મોડી રાત સુધી સતત ઘરનાં કામો કરીને લોથપોથ બની જવાથી રાત્રે ઘસઘસાટ ઊંઘી જતી. સવારના વહેલા ઊઠીને ઘરના કામે લાગી જતી. આથી તેની વિષયેચ્છા શમી ગઈ. હવે તેને યુવાન યાદ પણ આવતો ન હતો. આમ, જે સાધુ પોતાના આચારોમાં સતત મશગુલ રહે છે તેને વિષય આદિ દોષો સતાવી શકતા નથી.

[૧૨૧] મનુષ્યોની સર્વ પ્રકારની ઋદ્ધિ ક્ષણવારમાં વિપરિણામ (=અશુભ પરિણામ)પામી જાય છે.

**भोगसुखैः किमनित्यै-र्भयबहुलैः काङ्क्षितैः परायत्तैः ।**
**नित्यमभयमात्मस्थं,प्रशमसुखं तत्र यतितव्यम् ॥१२२॥**
**यावत्स्वविषयलिप्सो-रक्षसमूहस्य चेष्टयते तुष्टौ ।**
**तावत्तस्यैव जये, वरतरमशठं कृतो यत्नः ॥१२३॥**

---

પત્ની, પુત્ર, પુત્રી આદિ સઘળા સંયોગો અવશ્ય વિદાય લે છે અને વિદાય લેતાં લેતાં શોક ઉત્પન્ન કરતા જાય છે.

**ભોગ સુખના દોષો અને પ્રશમ સુખના ગુણો–**

[ ૧૨૨ ] ભોગ સુખો અનિત્ય છે, ભયથી ભરપૂર છે, ઇચ્છાથી (=આસક્તિથી) ભોગવાય છે, પરને (=શબ્દાદિના સાધનોને અને સ્વકર્મને) અધીન છે. આમ અનેક દોષોથી ભરેલાં ભોગસુખોની શી જરૂર છે? જરૂર તો છે પ્રશમસુખની. પ્રશમસુખ અવિનાશી, નિર્ભય અને સ્વાધીન છે. કારણ કે તે આત્મામાં જ રહેલું છે.

[ ૧૨૩ ] પોતાના વિષયમાં લલચાતી ઇંદ્રિયોની તુષ્ટિ–પુષ્ટિ કરવામાં જેટલો પ્રયત્ન થાય છે, તેટલો પ્રયત્ન તેના નિગ્રહ માટે નિષ્કપટપણે કરવામાં આવે એ વધારે ઉત્તમ છે.

यत्सर्वविषयकाङ्क्षोद्भवं[32] सुखं प्राप्यते सरागेण ।
तदनन्तकोटिगुणितं,मुधैव लभते विगतरागः ॥१२४॥
इष्टवियोगाप्रियसं–प्रयोगकाङ्क्षासमुद्भवं दुःखम् ।
प्राप्नोति यत्सरागो,न संस्पृशति तद्विगतरागः॥१२५॥
प्रशमितवेदकषायस्य, हास्यरत्यरतिशोकनिभृतस्य ।
भयकुत्सानिरभिभवस्य,यत्सुखं तत्कुतोऽन्येषाम्॥१२६

## પ્રશાંતનું પ્રશમ સુખ-

(૧૨૪ થી ૧૨૬) સરાગી જીવ સઘળા વિષયોની ઇચ્છા મુજબ પ્રાપ્ત થતાં જેટલું સુખ અનુભવે છે, તેનાથી અનંત કોટિગણું સુખ વીતરાગ વિના મૂલ્યે અને વિના પ્રયત્ને અનુભવે છે.

ઇષ્ટવિયોગ અને અનિષ્ટના સંયોગની ચિંતાથી (=ઇષ્ટનો વિયોગ થતાં તેને મેળવવાની અને અનિષ્ટનો સંયોગ થતાં તેને દૂર કરવાની ચિંતાથી) ઉત્પન્ન થતું રાગીનું દુઃખ વીતરાગને લગારે સ્પર્શતું નથી.

જેના વેદ અને કષાય શમી ગયા છે, જે હાસ્ય, રતિ, અરતિ, અને શોકના પ્રસંગોમાં પણ હાસ્યાદિને

३२ समस्तशब्दाद्यभिलाषावाप्त्युत्पन्नम् ।

सम्यग्दृष्टिर्ज्ञानी, ध्यानतपोबलयुतोऽप्यनुपशान्तः ।
तं लभते न गुणं यं,प्रशमगुणमुपाश्रितो लभते ॥१२७॥
नैवास्ति राजराजस्य, तत्सुखं नैव देवराजस्य ।
यत्सुखमिहैव साधो-र्लोकव्यापाररहितस्य ॥१२८॥

---

વશ બનતો નથી, જેણે ભય અને જુગુપ્સાને જીતી લીધા છે, તેના સુખનો અનુભવ રાગીઓને સ્વપ્નમાં પણ ક્યાંથી થાય ?

[૧૨૭] શંકાદિ દોષોથી રહિત શુદ્ધ શ્રદ્ધાસંપન્ન હોય, સુવર્ણ અને સુગંધની જેમ વિવેક અને વિદ્વત્તાનો સુમેળ હોય, ધ્યાની પણ હોય, અરે ! મહા તપસ્વી હોય ! પણ જો ઉપશાંત ન હોય તો, પ્રશમ ગુણને વરેલા સાધુને જે લાભ (ઉત્કૃષ્ટ જ્ઞાન, ચારિત્ર અને સમતા) થાય છે, તે લાભ તેને થતો નથી. માટે પ્રશમગુણને મેળવવા પ્રયત્ન કરવો જોઇએ.

[૧૨૮] સંસારસુખનાં સાધનો મેળવવાની માથાકૂટથી રહિત સાધુને આ જ જન્મમાં જે સુખ છે, તેનો એક અંશ પણ અખંડ છખંડના માલિક ચક્રવર્તી પાસે કે સદા ભોગમસ્ત ઇંદ્ર પાસે પણ નથી.

संत्यज्य लोकचिन्ता–मात्मपरिज्ञानचिन्तनेऽभिरतः ।
जितलोभरोषमदनः, सुखमास्ते निर्ज्वरः साधुः ॥१२९
या चेह लोकवार्ता, शरीरवार्ता तपस्विनां या च ।
सद्धर्मचरणवार्ता–निमित्तकं तद् द्वयमपीष्टम् ॥१३०॥

---

[ ૧૨૯ ] સ્વજન–પરિજનની ચિંતા છોડીને, અધ્યાત્મ જ્ઞાનમાં લયલીન બનેલા તથા રોષ, લોભ અને કામને જીતી લેવાથી [૩૩] ભાવ જ્વર (તાવ) રોગથી રહિત બનેલા સાધુ જ શાંતિથી રહે છે.

[ ૧૩૦ ] પ્રશ્ન:–સાધુ લોકચિંતા છોડી દે, કેવળ અધ્યાત્મજ્ઞાનમાં લીન બની જાય તો; તેના શરીરનું ભરણ–પોષણ શી રીતે થાય ? તેના વિના સંયમનું પાલન પણ કેવી રીતે થાય ?

ઉત્તર :–દેહ સંયમપાલનનું સાધન છે. દેહ-નિર્વાહ માટે આહાર–પાણી આદિ જરૂરી છે. આહાર–પાણી આદિ લોકોની પાસેથી મેળવવાના છે, આથી ક્ષમા આદિ ધર્મના અને મૂલગુણ–ઉત્તરગુણ રૂપ ચારિત્રના પાલન માટે આહાર–પાણી આદિથી

---

૩૩ પરમાર્થથી રોષ, લોભ અનેકામ જ્વર (તાવ) રોગ છે.

लोकः खल्वाधारः, सर्वेषां ब्रह्मचारिणां यस्मात् ।
तस्माल्लोकविरुद्धं, धर्मविरुद्धं च संत्याज्यम् ॥१३१॥
देहो नासाधनको, लोकाधीनानि साधनान्यस्य ।
सद्धर्मानुपरोधात् तस्माल्लोकोऽभिगमनीयः ॥१३२॥

---

સાધુઓના શરીરની રક્ષા ઈષ્ટ છે=શાસ્ત્રસંમત છે. શરીરરક્ષા માટે લોકના ઘરે જવું, આહારાદિ શા માટે બનાવ્યું છે ઈત્યાદિ પૃચ્છા કરવી, તેની આજીવિકાનું સાધન શું છે તે જાણવું, આર્થિક સ્થિતિનો અને માનસિક ભાવનો ખ્યાલ રાખવો ઈત્યાદિ લોકચિંતન પણ શાસ્ત્રસંમત છે. પણ ધર્માચરણમાં જરૂર પડે તેટલા પૂરતી જ શરીરરક્ષા અને શરીરરક્ષા પૂરતી જ લોકચિંતા હોવી જોઇએ.

[ ૧૩૧ ] સર્વ સાધુઓને લોક આધાર છે. કારણ કે લોકમાં રહીને અને લોકની મદદથી સંયમની સાધના થાય છે. માટે સાધુઓએ લોકવિરુદ્ધ (–સૂતકવાળા કે લોકનિંદ્ય ઘરોમાંથી ગોચરી લાવવી વગેરે) અને ધર્મવિરુદ્ધ (–મદ્યપાન આદિ) કાર્યનો ત્યાગ કરવો જોઇએ.

[ ૧૩૨ ] અન્ન–પાન, વસ્ત્ર–પાત્ર, વસતિ આદિ

दोषेणानुपकारी, भवति परो येन येन विद्वेष्टि ।
स्वयमपि तद्दोषपदं,सदा प्रयत्नेन [34]परिहार्यम्॥१३३॥

સાધનો વિના શરીરનિર્વાહ ન થઈ શકે. શરીરનાં સાધનો લોકોને આધીન છે=લોકોની પાસેથી ભિક્ષા દ્વારા મેળવવાનાં છે. માટે સાધુએ અવસરે પોતાના ક્ષાંતિ આદિ ધર્મને બાધ ન આવે તેમ લોકોને અનુસરવું જોઇએ, લોકવ્યવહારના આધારે ચાલવું જોઇએ.

[ ૧૩૩ ] જે જે દોષના સેવનથી અન્ય વ્યક્તિ ગુસ્સે થાય છે અને અપકાર કરે છે, પોતે પણ સદા કાળજીથી તે તે દોષના સ્થાનનો ત્યાગ કરવો જોઇએ. અર્થાત્ અમુક અયોગ્ય કાર્ય અમુક વ્યક્તિએ કર્યું, એનાથી લોકો એના દુશ્મન થઈ ગયા; એ પ્રમાણે સાધુએ લોકમાં જોયું, તો સાધુએ પણ તે કાર્યથી દૂર રહેવું જોઇએ.

---

३४ अन्यः कुर्वन् परस्य दृष्टः किञ्चिदप्रियकारणम्, तदवेक्ष्य स्वयमपि तद्दोषस्थानं परिहार्यम् ।

## (૧૦) કલ્પ્યાકલ્પ્ય અધિકાર

पिण्डैषणानिरुक्तः,कल्प्याकल्प्यस्य यो विधिः सूत्रे।
ग्रहणोपभोगनियतस्य, तेन नैवामयभयं स्यात् ॥१३४॥
व्रणलेपाक्षोपाङ्गवदसङ्गयोगभरमात्रयात्रार्थम्[३५] ।
पन्नग इवाभ्यवहरे–दाहारं पुत्रपलवच्च ॥ १३५ ॥

---

**શરીરનિર્વાહનો નિર્દોષ ઉપાય—**

[ ૧૩૪ ] *સિદ્ધાંતમાં પિંડૈષણા નામના અધ્યયનમાં અમુક આહાર કલ્પ્ય (ગ્રાહ્ય) છે, અમુક આહાર અકલ્પ્ય (ત્યાજ્ય) છે એ પ્રમાણે જણાવેલી કલ્પ્ય–અકલ્પ્યની વિધિથી જરૂર પૂરતો જ આહાર ગ્રહણ કરનાર અને જરૂર પૂરતો જ ઉપભોગ કરનાર સાધુને જરાય રોગનો ભય રહેતો નથી.

[ ૧૩૫ ] આ ગાથામાં (૧) સાધુ આહાર કેટલો

---

३५ असङ्गाः साधवस्तेषां योगाः संयमाः, तेषां भरः संघातः, स एव तन्मात्रं, तस्य यात्रा–निर्वाहस्तदर्थम् ।

* સિદ્ધાંતના નામનો કોઈ ટીકામાં નિર્દેશ નથી કર્યો. કદાચ આચારાંગ હોય. કારણ કે તેમાં પિંડૈષણા અધ્યયન છે.

વાપરે ? (૨) શા માટે વાપરે ? કેવી રીતે વાપરે ? આ ત્રણ પ્રશ્નોનું ક્રમશઃ સમાધાન કરવામાં આવ્યું છે.

(૧) સાધુ વ્રણલેપ જેટલો આહાર વાપરે. શરીરમાં પડેલા વ્રણમાં (ચાંદામાં) લેપ કેટલો લગાડવાનો હોય ? લેપના થપેડા કરવાના હોય ? ના. જેટલા લેપથી વ્રણમાંથી રસી નીકળી જાય અને તેમાં રૂઝ આવી જાય તેટલો જ લેપ જોઇએ. તેનાથી અધિક લેપ નકામો છે. તે પ્રમાણે સાધુએ જેટલા આહારથી સંયમનો નિર્વાહ થઈ શકે તેટલો જ આહાર લેવો જોઇએ.

વ્રણલેપ દૃષ્ટાંતની ઘટના બીજી રીતે પણ થઈ શકે. જુદી જુદી વ્યક્તિને જુદી જુદી જાતના વ્રણ હોય છે. કોઇનું વ્રણ લીંબડાનું કડવું તેલ ચોપડવાથી જ મટે, કોઇનું વ્રણ જવના લોટની લોપરી લગાડવાથી જ મટે, કોઈનું વ્રણ ઘી આદિ ચિક્કણા પદાર્થોના લેપથી જ મટે. એ પ્રમાણે કોઈ સાધુનું શરીર રુક્ષ આહારથી અનુકૂળ રહેતું હોય તો કોઈ સાધુનું શરીર સ્નિગ્ધ આહારથી અનુકૂળ રહેતું હોય[૩]. આમ સાધુએ જેવા પ્રકારના આહારથી

૩ યોગશતક ગાથા–૮૨.

શરીર અનુકૂળ રહેતું હેય તેવા પ્રકારના આહારનો જરૂર પૂરતો ઉપયોગ કરવો જોઇએ અને પ્રતિકૂળ આહારનો ત્યાગ કરવો જોઇએ.

આ વિષયમાં બીજું દષ્ટાંત છે અક્ષોપાંગ જેમ ગાડાના પૈડામાં તેલનું ઉંઘણ પૈડું બરાબર ચાલે તેટલું જ જોઇએ તેમ શરીરને આહાર પણ સયમનો નિર્વાહ થાય તેટલો જ જોઇએ.

(૨) સાધુઓએ સંયમના પાલન માટે જ આહાર લેવો જોઇએ. નહિ કે રસનાને રાજી રાખવા કે શરીરને અલમસ્ત બનાવવા.

(૩) સાધુ સર્પની જેમ આહાર વાપરે. સર્પ ભક્ષ્યને મુખમા લઇને ચાવતો નથી, કિંતુ સીધું ગળામાં જ ઉતારી દે છે. એ પ્રમાણે સાધુએ પણ સ્વાદને વધારવા આહારને જમણી દાઢમાથી ડાબી દાઢમા અને ડાબી દાઢમાંથી જમણી દાઢમા ફેરવીને ચાવવો નહિ જોઇએ.

આ વષયમાં બીજુ દષ્ટાંત પુત્રમાંસના ભક્ષણનું છે. તેવા પ્રકારના વિકટ સંયોગમાં મૂકાઈ ગયેલા પિતાને મૃતપુત્રના માંસનો આહાર કરવાનો પ્રસંગ આવી પડે તો પુત્રના માસનું ભક્ષણ કરતાં તેને

[३७]गुणवदमूर्च्छितमनसा, तद्विपरीतमपि चाप्रदुष्टेन ।
दारूपमधृतिना भवति,कल्प्यमास्वाद्यमास्वाद्यम्॥१३६

ટેસ આવે ? નહિ, બલ્કે કચવાતા દિલે કરે. તેમ સાધુએ આહાર વિના ન ચાલે તો જ આહાર કરવો જોઇએ, તે પણ કોઈ પણ જાતની આસક્તિ વિના દુભાતા દિલે. સાધુએ પુત્રમાંસના ભક્ષણની જેમ અનિચ્છાએ જ આહાર કરવો જોઇએ. [સાધુ આહાર કરે છતાં ઉપવાસનું ફળ મળે એમ શાસ્ત્રમાં અમસ્તું નથી કહ્યું ! સાધુ અનિચ્છાએ આહાર કરે એથી વાસ્તવિક દૃષ્ટિએ આહાર કરતો નથી. આથી તે આહાર કરે છતાં ઉપવાસી કહેવાય.]

[ ૧૩૬ ] સાધુએ કાષ્ઠસમ સમતાશાલી બનીને મધુર રસાદિ ગુણોપેત કલ્પ્ય આહાર આસક્તિ વિના અને કટુરસાદિ દોષયુક્ત કલ્પ્ય આહાર દ્વેષ વિના વાપરવો જોઇએ.

કાષ્ઠને વાસલા આદિથી છેદવામાં આવે તો તે નાખુશ થતું નથી, ચંદન આદિથી તેની પૂજા કર-

३७ गुणवत्–इष्टरसगन्धम् । दारूपमधृतिना दारुतुल्यसमाधिना । आस्वाद्यं–वस्तु, पुनरास्वाद्यं क्रिया ।

**कालं क्षेत्रं मात्रां, सात्म्यं द्रव्यगुरुलाघवं स्वबलम् ।
ज्ञात्वा योऽभ्यवहार्यं भुङ्क्ते किं भेषजैस्तस्य ॥१३७॥**

---

વામાં આવે તો તે ખુશ થતું નથી. તેમ સાધુએ પણ અનિષ્ટ મળતાં અણગમો અને ઈષ્ટ મળતાં હર્ષ ન કરવો જોઈએ. આ દષ્ટિએ અહીં સાધુની સમતાને કાષ્ઠ સાથે સરખાવી છે.

[ ૧૩૭ ] કાલ, ક્ષેત્ર, માત્રા, સાત્મ્ય, દ્રવ્યગુરુ-લાઘવ, અને સ્વબળને જાણીને તે પ્રમાણે આહાર કરનાર સાધુને ઔષધોની જરૂર પડતી નથી.

(૧) **કાલ**–ગ્રીષ્મ, વર્ષા, શીત વગેરે કાળ છે. તેમાં ગ્રીષ્મ ઋતુમાં ખારા, ખાટા અને તીખા રસવાળા તથા ભારે પદાર્થોનો ત્યાગ....મધુર, તૂરા અને કડવા પદાર્થોનું સેવન....વર્ષામાં મિષ્ટ અને ભારે પદાર્થોનો ત્યાગ.... ખાટા, ખારા અને હલકા પદાર્થોનું ઉણોદરીપૂર્વક સેવન....શીતઋતુમાં મધુર, સ્નિગ્ધ કે ખાટા–ખારા પદાર્થો અધિક અનુકૂળ રહે છે....

(૨) **ક્ષેત્ર**:–સૌરાષ્ટ્ર આદિ દેશ છે. રૂક્ષતાપ્રધાન દેશોમાં આહાર અધિક લેવાય છે. સ્નિગ્ધ (ભેજવાળા) દેશોમાં આહાર અલ્પ લેવાય છે. કાશ્મીર જેવા શીતપ્રધાન દેશોમાં આહાર ઘણો લેવાય છે.

(૩) **માત્રાઃ**–માત્રા એટલે પ્રમાણ. ખોરાક પચાવવાની તાકાત કેટલી છે તે જાણીને સુખેથી પચે તેટલો આહાર લેવો જોઇએ.

(૪) **સાત્મ્યઃ**–સાત્મ્ય એટલે પોતાની પ્રકૃતિને અનુકૂળ. આયુર્વેદમાં પથ્યનું ઘણું મહત્ત્વ છે. તે છતાં પથ્ય પણ ખોરાક પોતાની પ્રકૃતિને અનુકૂળ ન હોય તો તે શરીરમાં વિકૃતિ પેદા કરે છે. દરેક વ્યક્તિની પ્રકૃતિ ભિન્ન ભિન્ન હોય છે. આથી સાધુએ કયાં કયાં દ્રવ્યો સ્વપ્રકૃતિને અનુકૂળ છે અને કયાં કયાં દ્રવ્યો પ્રતિકૂળ છે તે જાણીને અનુકૂળ દ્રવ્યોનું જ સેવન કરવું જોઇએ.

(૫) **દ્રવ્યગુરુલાઘવઃ**–કયાં દ્રવ્યો પચવામાં ભારે છે, કયાં દ્રવ્યો પચવામાં હલકાં છે એ પણ ખાસ જાણવાની જરૂર છે. પચવામાં ભારે દ્રવ્યો અલ્પ પ્રમાણમાં લેવાં જોઇએ.

(૬) **સ્વબલઃ**–શરીર વાતાદિ દોષોથી દૂષિત છે કે અદૂષિત છે, દૂષિત છે તો કયા દોષથી દૂષિત છે ઈત્યાદિનો વિચાર કરી દોષો ઘટે અથવા વૃદ્ધિ ન પામે તેવો આહાર લેવો જોઇએ.

पिण्डः शय्या वस्त्रैषणादि पात्रैषणादि यच्चान्यत् ।
कल्प्याकल्प्यं सद्धर्म–देहरक्षानिमित्तोक्तम् ॥१३८॥
कल्प्याकल्प्यविधिज्ञः, संविग्नसहायको विनीतात्मा ।
दोषमलिनेऽपि लोके, प्रविहरति [३८]मुनिर्निरुपलेपः ॥
॥ १३९ ॥

[ ૧૩૮ ] આહાર–પાણી, શય્યા, વસ્ત્રૈષણા, પિંડૈ-ષણા તથા અન્ય જે કોઈ વસ્તુ વિશે અમુક કલ્પ્ય છે (વાપરી શકાય છે), અમુક અકલ્પ્ય છે (ન વાપરી શકાય) એમ શાસ્ત્રમાં કરેલી કલ્પ્ય–અકલ્પ્યની વ્યવ-સ્થા સંયમધર્મની અને દેહની રક્ષા માટે છે.

કલ્પ્ય–અકલ્પ્યની વ્યવસ્થા મુખ્યતયા સંયમ-ધર્મની રક્ષા માટે છે, દેહ સંયમરક્ષાનું સાધન હોવાથી ગૌણથી તેની રક્ષા માટે પણ છે. ( આથી સંયમ-ધર્મની અને દેહની રક્ષા અનુસારે ક્યારેક કલ્પ્ય પણ અકલ્પ્ય અને અકલ્પ્ય પણ કલ્પ્ય બની જાય છે, આ હકીકત આ ગ્રંથમાં જ આગળ ૧૪૩ થી ૧૪૬ એ ચાર શ્લોકોમાં કહેવામાં આવશે. )

[ ૧૩૯ ] શું કલ્પ્ય છે, શું અકલ્પ્ય છે,

३८ प्रकर्षेण विविधमनेकप्रकारं रजो हरति प्रविहरति ।

**यद्वत्पङ्काधारमपि, पङ्कजं नोपलिप्यते तेन।**
**धर्मोपकरणधृतवपुरपि साधुरलेपकस्तद्वत् ॥१४०॥**
**यद्वत्तुरगः सत्स्वप्याभरणविभूषणेष्वनभिषक्तः।**
**तद्वदुपग्रहवानपि, न संगमुपयाति निर्ग्रन्थः॥१४१॥**

---

કલ્પ્ય વસ્તુની પ્રાપ્તિ ન થાય અને તે વસ્તુ વિના ચાલે તેમ ન હોય તો અલ્પ દોષવાળી અકલ્પ્યથી પણ શરીરરક્ષા કરવી, કલ્પ્ય પણ અકલ્પ્ય ક્યારે બને, અકલ્પ્ય પણ કલ્પ્ય ક્યારે બને...આમ કલ્પ્ય-અકલ્પ્યની વિધિના જે જાણકાર છે, સંસારભીરુ અને જ્ઞાનક્રિયામાં તત્પર મુનિઓ જેને સાધનામાં સહાય કરે છે, જે સ્વભાવથી જ વિનીત છે, આવા મુનિ મહાત્મા રાગ-દ્વેષથી દૂષિત લોકમાં રહેવા છતાં રાગ-દ્વેષથી અલિપ્ત રહીને આત્મામાં ચોંટેલી વિવિધ પ્રકારની કર્મરજને વિવિધ ઉપાયોથી ખંખેરી નાખે છે.

[ ૧૪૦-૧૪૧ ] પ્રશ્નઃ-શું કાદવમાં પગ મૂકવાથી પગ કાદવથી ન લેપાય? લેપાય જ. તેમ વસ્ત્રાદિનો ઉપયોગ કરવા છતાં સાધુ મૂર્છાથી ન લેપાય એ વાત મગજમાં ઠસતી નથી.

ઉત્તરઃ-કમલ કાદવમાં ઉત્પન્ન થવા છતાં કાદવથી

ग्रन्थः कर्माष्टविधं, मिथ्यात्वाविरतिदुष्टयोगाश्च ।
तज्जयहेतोरशठं, संयतते यः स निर्ग्रन्थः ॥१४२॥

અલિપ્ત રહે છે એ પ્રત્યક્ષ જોવામાં આવે છે. એ જ પ્રમાણે સંયમપાલન માટે વસ્ત્ર આદિ ઉપકરણોથી શરીરની રક્ષા કરવા છતાં સાધુ મૂર્છા આદિ દોષોથી નિર્લેપ રહી શકે છે.

બીજું દૃષ્ટાંત જુઓ. અશ્વના શરીરને જાત જાતનાં અલંકારોથી અલંકૃત કરવા છતાં તે તેમાં આસક્ત બનતો નથી. કારણ કે તેને એ અલંકારોમાં મારાપણાની બુદ્ધિ થતી નથી. તેમ સાધુઓ વસ્ત્રાદિ રાખવા છતાં તેમાં મારાપણાની બુદ્ધિ ન હોવાથી અનાસક્ત રહે છે. આથી તો સાધુને નિર્ગ્રંથ કહેવામાં આવે છે.

## નિર્ગ્રંથનું લક્ષણ—

[ ૧૪૨ ] આઠ પ્રકારનાં કર્મો, મિથ્યાત્વ, અવિરતિ અને અશુભયોગો એ ગ્રંથ=ગાંઠ છે. [કારણ કે એનાથી આત્મા સંસારમાં બંધાઈ રહે છે.] આ ગાંઠને છોડવા માટે જે નિષ્કપટપણે આગમોક્ત વિધિથી પ્રયત્ન કરે તે નિર્ગ્રંથ છે.

यज्ज्ञानशीलतपसा–मुपग्रहं निग्रहं च दोषाणाम् ।
कल्पयति निश्चये यत्,तत्कल्प्यमकल्प्यमवशेषम्॥१४३
यत्पुनरुपघातकरं, सम्यक्त्वज्ञानशीलयोगानाम् ।
तत्कल्प्यमप्यकल्प्यं, प्रवचनकुत्साकरं यच्च॥१४४॥
किंचिच्छुद्धं कल्प्यमकल्प्यं स्यात्स्यादकल्प्यमपि
कल्प्यम् ।
पिण्डः शय्या वस्त्रं, पात्रं वा भेषजाद्यं वा ॥१४५॥
देशं कालं पुरुषमवस्थामुपयोगशुद्धिपरिणामान् ।
प्रसमीक्ष्य भवति कल्प्यं,नैकान्तात्कल्पते[३९]कल्प्यम् ॥
॥१४६॥

કલ્પ્યાકલ્પ્યની વ્યવસ્થા—

[૧૪૩ થી ૧૪૬] પ્રશ્ન:– કલ્પ્ય–અકલ્પ્યની વ્યવ-સ્થા સંયમધર્મની રક્ષા માટે છે. દેહની રક્ષા માટે કલ્પ્યાકલ્પ્યની વ્યવસ્થા પણ સંયમને અનુલક્ષીને જ છે. આથી કલ્પ્યાકલ્પ્યની વ્યવસ્થા મુખ્યતયા સંય-

३९ नैकान्तात्कल्पते कल्प्यमिति–न खलु एका-न्तेनैव कल्प्यते जायते कल्प्यम् अथवा नैकान्तेनैव कल्प्यतेऽकल्प्यम्, अकल्प्यमैकान्तेनैव न कल्प्यते ।

મની રક્ષા માટે જ છે. આમ ૧૩૮ મી ગાથામાં જણાવ્યું છે. આ સિદ્ધાંતના આધારે, જેનાથી સંયમરક્ષા-સંયમવૃદ્ધિ થાય તે કલ્પ્ય અને જેનાથી સંયમની હાનિ થાય તે સઘળું અકલ્પ્ય; આવો સિદ્ધાંત બાંધી શકાય ?

ઉત્તરઃ-હા. નિશ્ચય (ઉત્સર્ગ) દૃષ્ટિએ એ સિદ્ધાંત બરોબર છે. જે જ્ઞાન, શીલ. અને તપની વૃદ્ધિ કરવામાં અને દોષોને ડામી દેવામાં સહાયતા કરે છે તે કલ્પ્ય છે. બાકીનું સઘળું અકલ્પ્ય છે.

તેમજ, જે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર અને શુભ યોગો ઉપર કુઠારાઘાત કરે છે, તથા પ્રવચનહીલનાનું કારણ બને છે, તે કલ્પ્ય હોવા છતાં અકલ્પ્ય બને છે. (૧૪૪)

આથી જ પિંડ, શય્યા, વસ્ત્ર-પાત્ર, ઔષધાદિ જે કંઈ શુદ્ધ હોવાથી કલ્પ્ય હોવા છતાં સંયમનો ઘાત કરનાર હોય તો અકલ્પ્ય બને છે, અને અકલ્પ્ય પણ સંયમની રક્ષા-વૃદ્ધિમાં મદદગાર થાય તો કલ્પ્ય બને છે. (૧૪૫)

આમ, કોઈ વસ્તુ એકાંતે કલ્પ્ય કે અકલ્પ્ય નથી. અમુક વસ્તુ કલ્પ્ય છે કે નહિ તેનો નિર્ણય

**तच्चिन्त्यं तद्भाष्यं, तत्कार्यं भवति सर्वथा यतिना ।**
**नात्मपरोभयबाधक–मिह यत्परतश्च सर्वाद्धम् ॥१४७॥**

માટે દેશ, કાલ, પુરુષ, અવસ્થા, ઉપયોગ, શુદ્ધિ અને પરિણામને। વિચાર કરવો જોઇએ.

(૧) દેશ=જરૂરી વસ્તુઓ સુલભ છે કે નહિ વગેરે. (૨) કાળ=સુકાળ છે, દુષ્કાળ છે વગેરે. (૩) પુરુષ=રાજકુમાર આદિ. (૪) અવસ્થા=માંદગી આદિ. (૫) ઉપયોગ=વિશિષ્ટલાભ. (૬) શુદ્ધિ=ચિત્તનિર્મળતા. (૭) પરિણામ=ભાવ.

અકલ્પ્ય વસ્તુ પણ જ્યાં ભિક્ષા દુર્લભ હોય તેવા દેશમાં કલ્પ્ય બની જાય છે. તે જ વસ્તુ પુનઃ ભિક્ષા સુલભ હોય તેવા દેશમાં અકલ્પ્ય બની જાય છે. કાળ માટે પણ એમ જ છે. બહુ સહન કરવાને। અભ્યાસ ન હોય તેવા તત્કાલ પ્રવ્રજિત રાજકુમાર આદિને ગુરુ અપવાદથી અકલ્પ્ય પણ વસ્તુ આપે. પણ જ્યારે તે સહન કરી શકે તેવી સ્થિતિમાં આવી જાય પછી તેને અકલ્પ્ય વસ્તુ ન આપે. અવસ્થા આદિ વિશે પણ આ પ્રમાણે જ વ્યવસ્થા છે.

## સાધુએ કેવી રીતે વર્તવું ?—

[ ૧૪૭ ] સ્વ–પર ઉભયને આ લોકમાં કે પર-

सर्वार्थेष्विन्द्रियसंगतेषु वैराग्यमार्गविघ्नेषु ।
परिसङ्ख्यानं कार्यं, कार्यं परमिच्छता[40] नियतम् ॥
॥१४८॥

---

લોકમાં બાધક અને તેવાં વિચાર, વાણી કે વર્તન સાધુએ ક્યારે પણ કોઈ પણ રીતે નહિ કરવાં જોઇએ.

ઇંદ્રિય-જયનો ઉપદેશ—

[ ૧૪૮ ] મોક્ષના અભિલાષીએ વૈરાગ્યમાર્ગમાં (=સમ્યગ્જ્ઞાન-ક્રિયામાં) અંતરાય કરનાર ઈંદ્રિયોના સઘળા વિષયો વિશે અનિત્યતા, નિઃસારતા, પરિણામે અહિત આદિનું ચિંતન કરવું અને તેમનો ત્યાગ કરવો. ત્યાગ કરવા છતાં, અનિવાર્ય સંયોગોમાં અનુભવમાં આવી જતા શબ્દાદિ વિષયોમાં રાગ-દ્વેષનો ત્યાગ કરવો.

---

४० नियतं-शाश्वतं परं कार्यं मोक्षमेव । परिसंख्यानं-तत्त्वालोचनं कार्यं, यत एते शब्दादय इत्वरा आयतावहिता इति ज्ञात्वा प्रत्याख्यानं विधेयम् ।

## (૧૧) ભાવના અધિકાર

भावयितव्यमनित्यत्वमशरणत्वं तथैकतान्यत्वे ।
अशुचित्वं संसारः, कर्मास्रवसंवरविधिश्च ॥१४९॥
निर्जरणलोकविस्तर–धर्मस्वाख्याततत्त्वचिन्ताश्च ।
बोधेः सुदुर्लभत्वं च, भावना द्वादश विशुद्धाः॥१५०॥
इष्टजनसंप्रयोगर्द्धिविषयसुखसंपदस्तथारोग्यम् ।
देहश्च यौवनं जीवितं च सर्वाण्यनित्यानि ॥१५१॥

---

**અનિત્યાદિ બાર ભાવના—**

[૧૪૯–૧૫૦] અનિત્ય, અશરણ, એકત્વ, અન્યત્વ, અશુચિ, [૪૧]સંસાર, આસ્રવ, સંવર, નિર્જરા, લોક, ધર્મસ્વાખ્યાત, બોધિદુર્લભ એ બાર શુભ ભાવનાઓનું ચિંતન કરવું જોઈએ.

[૧૫૧] **અનિત્ય ભા૦**–પ્રિયજનોનો સંયોગ, ઋદ્ધિ, વિષયસુખનાં સાધનો, વિષયસુખ, આરોગ્ય, શરીર, યૌવન, જીવન–આ બધું અનિત્ય છે.

---

૪૧ સંસાર ભાવના તત્ત્વાર્થસૂત્ર આદિ ગ્રંથોમાં ત્રીજી ભાવના છે, ભવભાવના ગ્રંથમાં પાંચમી ભાવના છે.

जन्मजरामरणभयै–रभिद्रुते व्याधिवेदनाग्रस्ते ।
जिनवरवचनादन्यत्र, नास्ति शरणं क्वचिल्लोके॥ १५२
एकस्य जन्ममरणे, गतयश्च शुभाशुभा भवावर्ते ।
तस्मादाकालिकहित–मेकेनैवात्मनः कार्यम् ।१५३।
अन्योऽहं स्वजनात्परि–जनाच्च विभवाच्छरीरकाच्चेति ।
यस्य नियता मतिरियं, न बाधते तं हि शोककलिः ।
॥१५४॥

(૧૫૨) **અશરણ ભા૦**–જન્મ, જરા, મરણ અને ભયથી હેરાન થઈ ગયેલા અને વ્યાધિ વેદનાથી ઘેરાયેલા આ લોકમાં જીવને ક્યાંય શરણું નથી, સિવાય તીર્થંકરનું વચન–આજ્ઞા.

(૧૫૩) **એકત્વ ભા૦**–ભવભ્રમણમાં જીવ એકલો જ જન્મે છે, એકલો જ મરે છે, શુભ કે અશુભ ગતિ એકલાની જ થાય છે; માટે બીજાના હિતથી મારું પણ હિત થઈ જશે અથવા (હું પ્રયત્ન નહિ કરું તો પણ) બીજા મારું હિત કરી આપશે એવી આશા રાખ્યા વિના એકલાએ જ (=પોતાની જાત મહેનતે જ) પોતાનું સદા સ્થાયી (સંયમદ્વારા મોક્ષની પ્રાપ્તિ) હિત કરી લેવું જોઇએ.

(૧૫૪) **અન્યત્વ ભા૦**–માતા–પિતા આદિ

अशुचिकरणसामर्थ्या- दाद्युत्तरकारणाशुचित्वाच्च ।
देहस्याशुचिभावः, स्थाने स्थाने भवति चिन्त्यः ।१५५
माता भूत्वा दुहिता, भगिनी भार्या च भवति संसारे ।
व्रजति सुतः पितृतां, भ्रातृतां पुनः शत्रुतां चैव ।१५६

---

સ્વજન, નોકર ચાકર-આદિ પરિજન, ધન ધાન્યાદિ વૈભવ, શરીર—આ બધાથી હું જુદો છું, એ મારાં નથી, હું એમનો નથી. જે રાત–દિવસ આ પ્રમાણે અન્યત્વનો વિચાર કરે છે તેને શોકથી ભરેલો કલિયુગ પરેશાન કરી શકતો નથી.

(૧૫૫) **અશુચિત્વ ભા૦**—શરીરની અશુચિનો તો કોઈ પાર છે ! પોતે તો અશુચિ (=અપવિત્ર) છે જ, પણ ચંદન, કપૂર વગેરે શુચિ પદાર્થોને પણ જરા વારમાં અશુચિ બનાવી દે છે ! અરરર ! એની ઉત્પત્તિ જ અશુચિ-પદાર્થ (વીર્ય–લોહી)માંથી થાય છે ! ઉત્પત્તિ બાદ વૃદ્ધિ પણ ગંદા પદાર્થથી (=માતાના ભોજનમાંથી થયેલા રસથી) થાય છે ! ગંદા પદાર્થમાંથી ઉત્પન્ન થયેલા અને ગંદા પદાર્થથી વધેલા શરીરનું કયું અંગ પવિત્ર રહે ? આથી પ્રત્યેક અંગમાં શરીરની ગંદકીની વિચારણા કરવી જોઈએ.

(૧૫૬) **સંસારભા૦**—સંસારમાં એક જ

मिथ्यादृष्टिरविरतः, प्रमादवान् यः[४२] कषायदण्डरुचिः
तस्य तथास्रवकर्मणि, यतेत तन्निग्रहे तस्मात् ।१५७।
या पुण्यपापयोरग्रहणे वाक्कायमानसी वृत्तिः ।
सुसमाहितो हितः संवरो वरददेशितश्चिन्त्यः ।१५८

જીવ માતા થઇને પુત્રી થાય છે; ફરી બહેન થાય છે, પુનઃ પત્ની થાય છે; પુત્ર થઈ ને ફરી તે જ જીવ પિતા થાય છે, પુનઃ બંધુ થાય છે અને ફરી શત્રુ પણ થાય છે. આ છે સંસારનું વગર ટિકિટનું નાટક.

(૧૫૭) **આસ્રવ ભા૦**—આસ્રવ એટલે કર્મોને આત્મામાં આવવાનું દ્વાર=કારણ. જે મિથ્યાદૃષ્ટિ, અવિરત, પ્રમાદી, કષાયરુચિ અને (અશુભ) યોગ-રુચિ છે તેને કર્મોનો આસ્રવ થાય છે, અર્થાત્ મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ આસ્રવ છે. આથી આસ્રવો દૂર થાય એ માટે પ્રયત્ન કરવો જોઇએ.

(૧૫૮) **સંવર ભા૦**—આસ્રવોને રોકે તે સંવર. પુણ્ય અને પાપ એ બે પ્રકારના કર્મોના

૪૨ અશુભ મન, વચન અને કાયાની પ્રવૃત્તિથી આત્મા દંડાય છે માટે અશુભ યોગ દંડ છે.

यद्वद्विशोषणादुपचितोऽपि यत्नेन जीर्यते दोषः।
तद्वत्कर्मोपचितं, निर्जरयति संवृतस्तपसा ॥१५९॥
लोकस्याधस्तिर्यग्, विचिन्तयेदूर्ध्वमपि च बाहल्यम्।
सर्वत्र जन्ममरणे, रूपिद्रव्योपयोगांश्च १६०॥ ॥

---

આસ્રવને રોકનાર મન, વચન અને કાયાની પ્રવૃત્તિ સંવર છે. તીર્થંકરોએ કહેલા સંવરનું બરોબર સેવન કરવામાં આવે તો એ હિતકર બને છે. આ પ્રમાણે સંવરની વિચારણા કરવી જોઇએ.

(૧૫૯) નિર્જરા ભા૦—પૂર્વે બંધાયેલાં કર્મોનો ક્ષય એ નિર્જરા છે. જેમ આંતરડામાં મલ અતિશય વધી જવા છતાં લંઘન કરવાથી તેનો નાશ થાય છે, તેમ સંવરયુક્ત મનુષ્ય અત્યંત વધી ગયેલાં કર્મોની તપથી નિર્જરા (નાશ) કરે છે. તપથી કર્મો નિરસ બની જાય છે. નિરસ બનેલાં કર્મો ફલ આપ્યા વિના જ, શુષ્ક ફૂલ છોડ ઉપરથી ખરી પડે છે તેમ, આત્મામાંથી ખરી પડે છે.

(૧૬૦) લોકભા૦—લોકભાવના એટલે જગતના સ્વરૂપનો વિચાર. લોકભાવનામાં નીચે, ઉપર અને વચ્ચે લોકના વિસ્તારનો વિચાર કરવો જોઈએ.

धर्मोऽयं स्वाख्यातो, जगद्धितार्थं जिनैर्जितारिगणैः ।
येऽत्र रतास्ते संसारसागरं लीलयोत्तीर्णाः ॥१६१॥
मानुष्यकर्मभूम्यार्यदेशकुलकल्यतायुरुपलब्धौ ॥
श्रद्धाकथकश्रवणेषु, सत्स्वपि सुदुर्लभा बोधिः ॥१६२॥

---

લોકમાં પરિભ્રમણ કરતાં મેં સર્વત્ર જન્મમરણનો અનુભવ કર્યો છે. લોકમાં વિદ્યમાન રૂપી સર્વ દ્રવ્યોનો મેં આહારાદિ રૂપે ઉપભોગ કરી લીધો છે. છતાં હું તૃપ્તિ પામ્યો નથી... આવી વિચારણા પણ કરવી જોઈએ.

(૧૬૧) ધર્મભા૦–રાગાદિ દોષોથી સર્વથા રહિત જિનેશ્વર ભગવંતોએ જગતના જીવોના હિત માટે શ્રુત અને ચારિત્ર એ બે પ્રકારના ધર્મનો નિર્દોષ ઉપદેશ આપ્યો છે. એમણે કહેલો ધર્મ અસત્યાદિ સર્વ દોષોથી રહિત છે, જેઓ આ ધર્મમાં લીન બની જાય છે તેઓ સંસારસાગરને રમતથી પાર કરી જાય છે.

(૧૬૨) બોધિદુર્લભભા૦–મનુષ્યભવ, કર્મભૂમિ, આર્યદેશ, આર્યકુલ, આરોગ્ય, દીર્ઘાયુ આ છ ઉત્તરોત્તર અધિક દુર્લભ છે. આ છ મળી જવા છતાં,

तां दुर्लभां भवशतै–र्लब्ध्वातिदुर्लभा पुनर्विरतिः।
मोहाद्रागात्कापथ–विलोकनाद् गौरववशाच्च ।१६३।

શ્રદ્ધા(=ધર્મજિજ્ઞાસા), ધર્મોપદેશક, ધર્મશ્રવણ એ ત્રણ ઉત્તરોત્તર અધિક દુર્લભ છે. આ બધું મળવા છતાં બોધિ (=સમ્યગ્દર્શન) અત્યંત દુર્લભ છે.

જેમાં મોક્ષમાર્ગના પ્રવર્તક તીર્થંકરો ઉત્પન્ન થાય તેવાં ક્ષેત્રો કર્મભૂમિ છે. ૫ ભરત, ૫ ઐરાવત,. ૫ મહાવિદેહ એમ કુલ ૧૫ કર્મભૂમિ છે.

**વિરતિની દુર્લભતા—**

[૧૬૩] દુર્લભ પણ બોધિ સેંકડો ભવો પછી મળી જવા છતાં વિરતિ અત્યંત દુર્લભ છે. આમાં ચાર કારણો છે. (૧) મોહ, (૨) રાગ, (૩) કુમાર્ગનું વિલોકન, (૪) બોધિદુર્લભ.

**મોહ**=અજ્ઞાનતા. અમુક કાર્ય પતાવ્યા પછી વિરતિને સ્વીકારીશ, અમુક સમય પછી ચારિત્ર ગ્રહણ કરીશ... આવા આવા વિચારો કરે અને એ વિચારોમાં જ આયુષ્યનો અંત આવે. આ અજ્ઞાનતા નથી તો બીજું શું છે ? નહિ તો જ્યાં કાચી સેકંડનો પણ જીવનનો ભરોસો ન હોય ત્યાં આવા વિચારો કેમ આવે ?

(૨) રાગ—વિરતિ વિના કલ્યાણ નથી એમ જાણવા અને માનવા છતાં પત્ની—પુત્ર આદિના રાગના લીધે વિરતિ લઈ શકે નહિ.

(૩) જૈનદર્શન સિવાયનાં બધાં દર્શનો કુપંથો છે. કુપંથોમાં ફસાઈ જવાથી જૈન ધર્મની જ પ્રાપ્તિ થતી નથી. તો પછી વિરતિની તો વાત જ ક્યાં રહી? અરે! જૈન ધર્મની પ્રાપ્તિ થયા પછી પણ અનેકાંતવાદથી ભરપૂર જૈન આગમના કોઈ એક વચનને એકાંતે પકડીને અનેક નિહ્નવો થઈ[૪૩] ગયા. તેમણે વિરતિ તો ગુમાવી, સાથે સમ્યગ્દર્શન પણ ગુમાવી દીધું. આમ કુપંથોમાં ફસાઈ જવાથી સન્માર્ગની—વિરતિની પ્રાપ્તિ દુર્લભ બની જાય છે.

(૪) ગૌરવ—રસ, ઋદ્ધિ અને સાતા એ ત્રણ ગૌરવ છે. રસનેંદ્રિય વશમાં ન રહેવાથી મધુરાદિ રસના રસને છોડી શકે નહિ. લોભ ઉપર જોઈએ તેટલો કાબૂ ન હોવાથી ધન આદિ ઋદ્ધિનો ત્યાગ કરી શકે નહિ. વિષયસુખની ઇચ્છા ગઈ ન હોવાથી વિષયસુખના શબ્દાદિ સાધનો વિના ચાલે નહિ. આથી સંસારનો ત્યાગ કરી શકે નહિ.

---

૪૩ कुपथदर्शनादेकैकनयानुसारिजिनप्रणीतागम-वचनैकदेशस्वयुक्तिनिरपेक्षविचारणाद् बहवो निह्नवा जाज्ञरे ।

तत्प्राप्य विरतिरत्नं, विरागमार्गविजयो दुरधिगम्यः।
इन्द्रियकषायगौरव-परीषहसपत्नविधुरेण ॥१६४॥
तस्मात्परीषहेन्द्रिय-गौरवगणनायकान्कषायरिपून् ।
क्षान्तिबलमार्दवार्जव-सन्तोषैः साधयेद् धीरः।१६५।

---

આમ સમજણ અને શ્રદ્ધા હોવા છતાં મોહાદિદોષો સમજણ અને શ્રદ્ધા મુજબ પ્રવૃત્તિ કરવા દેતા નથી.

**વિરાગમાર્ગના અભ્યાસની દુર્લભતા–**

[૧૬૪] દુર્લભ વિરતિરત્ન મળ્યા પછી પણ; ઇંદ્રિય, કષાય, ગૌરવ, અને પરીષહ–એ શત્રુઓથી વિહ્વલ બનેલા મનુષ્ય માટે વૈરાગ્યમાર્ગનો વિજય (=અભ્યાસ) અત્યંત દુર્લભ છે, અર્થાત્ વિરતિ મળ્યા પછી વિરતિનું નિરતિચાર પાલન ઘણું દુષ્કર છે. કારણ કે ત્યાં પણ કષાય આદિ શત્રુઓ આવીને પજવે છે.

ચારિત્રમાં સ્થિરતા અને નિર્જરા વગેરે હેતુથી જે સહન કરવામાં આવે તે પરીષહ. પરીષહો મુખ્યતયા શીત આદિ બાવીસ છે.

**કષાયવિજય**

[૧૬૫] પરીષહ, ઇંદ્રિય, ગૌરવ અને કષાય રૂપ શત્રુઓ વૈરાગ્યમાર્ગના અભ્યાસમાં વિઘ્ન કરતા

**सञ्चिन्त्य कषायाणा-मुदयनिमित्तमुपशान्तिहेतुं च ।**
**त्रिकरणशुद्धमपि तयोः परिहारासेवने कार्ये ।१६६।**

હોવાથી તેમને જીતવા જોઈએ. આ સઘળા શત્રુઓમાં કષાયો અગ્રેસર છે, બધાના નાયક છે. નાયક જીતાયા પછી બાકીનું સૈન્ય સહેલાઈથી જીતી શકાય છે. માટે પ્રથમ કષાયોને હાથમાં લેવા જોઈએ.

પણ કષાયો બળવાન છે. આથી તેને જીતવા તેના બળથી અધિક બળવાન સૈન્ય જોઈએ. આવું બળ ક્ષાન્તિ, નમ્રતા, સરળતા અને સંતોષ એ ચતુરંગી સેનામાં છે. આથી ધીરપુરુષે ક્ષાંતિ આદિ ચતુરંગી સેનાના બળથી પરીષહગણ આદિના નાયક કષાયોની સામે ઝઝુમીને તેમને ધૂળ ચાટતા કરી દેવા જોઈએ.

**કષાય–જયનો ઉપાય—**

[૧૬૬] કષાયોના જય માટે કયા કયા નિમિત્તોથી કષાયો ઉત્પન્ન થાય છે, અને કયા કયા નિમિત્તોથી કષાયો શાંત થાય છે એ વિચારી લેવું જોઈએ=જાણી લેવું જોઈએ. ત્યારબાદ મન–વચન–કાયાની શુદ્ધિથી તથા કરવું, કરાવવું અને અનુમોદવું–એ ત્રણની શુદ્ધિથી કષાયોની ઉત્પત્તિના નિમિ-

## (૧૨) ધર્મ અધિકાર

**सेव्यः क्षान्तिर्मार्दव–मार्जवशौचे च संयमत्यागौ।**
**सत्यतपोब्रह्माकिञ्चन्यानीत्येष धर्मविधिः ॥१६७॥**

---

ત્તોનો ત્યાગ અને શાંતિના નિમિત્તોનું સેવન કરવું જોઈએ.

**દશ પ્રકારનો યતિધર્મ—**

[૧૬૭] ક્ષાંતિ, માર્દવ, આર્જવ, શૌચ, સંયમ, ત્યાગ, સત્ય, તપ, બ્રહ્મચર્ય, આકિંચન્ય–આ દશ પ્રકારના યતિધર્મનું સેવન કરવું જોઈએ.

(૧) ક્ષાંતિ–ક્ષમા (કોપનો અભાવ). (૨) માર્દવ–નમ્રતા કે લઘુતા. (૩) આર્જવ–મન, વચન અને કાયાની સરળતા. (૪) શૌચ–તૃષ્ણાનો અભાવ. (૫) સંયમ–મન, વચન અને કાયાને કાબુમાં રાખવા એ સંયમ છે. એના આસ્રવનો ત્યાગ વગેરે સત્તર ભેદો છે. (૬) ત્યાગ–સ્વજનાદિનો અને રાગાદિનો ત્યાગ. (૭) સત્ય–હિતકર વચન. (૮) તપ–ઇચ્છાનો નિરોધ એ તપ છે. ઇચ્છાના નિરોધ માટે શરીર, ઈંદ્રિય અને મનને તપાવવાની ક્રિયા પણ તપ છે. આ તપના મુખ્ય અનશન આદિ ૧૨ ભેદો છે.

धर्मस्य दया मूलं. न चाक्षमावान्दयां समादत्ते ।
तस्माद्यः क्षान्तिपरः, स साधयत्युत्तमं धर्मम्।१६८।
विनयायत्ताश्च गुणाः, सर्वे विनयश्च मार्दवायत्तः ।
यस्मिन्मार्दवमखिलं.स सर्वगुणभाक्त्वमाप्नोति।१६९।
नाऽनार्जवो विशुध्यति, न धर्ममाराधयत्यशुद्धात्मा ।
धर्मादृते न मोक्षो, मोक्षात्परमं सुखं नान्यत्।१७०।

---

(૯) બ્રહ્મચર્ય–મૈથુનની નિવૃત્તિ. (૧૦) આકિંચન્ય –પરિગ્રહનો અભાવ.

અહીંથી ક્રમશઃ એક એક ગાથાથી દરેક ધર્મનું વર્ણન કરવામાં આવ્યું છે.

[૧૬૮] પ્રસ્તુત દશ પ્રકારના ધર્મનું મૂળ દયા છે. ક્ષમારહિત પ્રાણી દયા કરી શકતો નથી. આથી જે ક્ષમાશીલ છે તે આ દશ પ્રકારના ધર્મને સારી રીતે આરાધે છે. દયા=પ્રાણીની પ્રાણરક્ષાનો ભાવ.

[૧૬૯] સઘળા ગુણો વિનયને આધીન છે. વિનય નમ્રતાને આધીન છે. જેનામાં પૂર્ણ નમ્રતા છે તે સઘળા ગુણોને મેળવે છે.

[૧૭૦] આર્જવથી રહિત (=માયાવી) મનુષ્ય

**षड् द्रव्योपकरणभक्तपानदेहाधिकारक[44]शौचम् ।**
**तद्भवति भावशौचा-नुपरोधाद् यत्नतः कार्यम् ।१७१**

વિશુદ્ધ બનતો નથી. અવિશુદ્ધ આત્મા ધર્મની આરાધના કરી શકતો નથી. ધર્મ વિના મોક્ષ મેળવી શકાતો નથી. મોક્ષના સુખથી ચઢિયાતું કોઈ સુખ નથી. આથી જેણે મોક્ષસુખ મેળવવું હોય તેણે સરળ બનવું જ જોઈએ.

જે થયેલી ભૂલોને ગુરુની પાસે જરાય છુપાવ્યા વિના જેવી રીતે થઈ હોય તેવી રીતે કહી દે, અને ગુરુએ આપેલા પ્રાયશ્ચિત્તનું (શુદ્ધિ માટેના દંડનું) પાલન કરે તે શુદ્ધ બને છે. પણ માયાવી માનવ થયેલી ભૂલો ગુરુને કહેતો નથી. કહે છે તો સ્પષ્ટ કહેતો નથી; તથા ગુરુએ આપેલા પ્રાયશ્ચિત્તનું બરોબર પાલન કરતો નથી. આથી તે શુદ્ધ બની શકતો નથી.

[૧૭૧] શૌચના દ્રવ્ય અને ભાવ એમ બે ભેદ છે. તૃષ્ણાનો અભાવ ભાવશૌચ છે. બાહ્ય

---

४४ द्रव्यात्मकमुपकरणं–रजोहरणादि, तच्च भक्तपाने च देहश्च तथा, तानाश्रित्य अधिकारो गोचरो यस्य तत्तथा शौचम् ।

**पञ्चास्रवाद्विरमणं, पञ्चेन्द्रियनिग्रहः कषायजयः ।**
**दण्डत्रयविरतिश्चेति संयमः सप्तदशभेदः ॥ १७२॥**

વસ્તુની શુદ્ધિ એ દ્રવ્યશૌચ છે. આ બે પ્રકારના શૌચમાં ભાવશૌચની પ્રધાનતા છે. તે છતાં મર્યાદાનુસાર દ્રવ્યશૌચની પણ આવશ્યકતા છે. સાધુએ દ્રવ્યોપકરણ (રજોહરણ આદિ), અન્ન–પાણી, શરીર આદિની શુદ્ધિ પણ પ્રયત્નપૂર્વક કરવી જોઈએ.

[૧૭૨] હિંસા, અસત્ય, ચોરી, મૈથુન, પરિગ્રહ એ પાંચ આસ્રવોથી વિરતિ; પાંચ ઈંદ્રિયોનો નિગ્રહ; ચાર કષાયોનો જય; મન, વચન અને કાયાની અશુભ પ્રવૃત્તિને રોકવી, આ પ્રમાણે સત્તર પ્રકારનો સંયમ છે.[૪૫]

---

૪૫ પાંચ સ્થાવર અને ચાર ત્રસ એ નવના રક્ષણ રૂપ નવ સંયમ, પ્રેક્ષ્યસંયમ, ઉપેક્ષ્ય સંયમ, અપહૃત્ય સંયમ, પ્રમૃજ્ય સંયમ, કાયસંયમ, વાક્‌સંયમ, મનઃસંયમ, અને ઉપકરણસંયમ એ સત્તર પ્રકારે પણ સંયમ છે. (તત્ત્વાર્થ અ. ૯, સૂ ૬ માં ભાષ્ય તથા ટીકા.)

बान्धवधनेन्द्रियसुख-त्यागात्त्यक्तभयविग्रहः साधुः ।
[४९]त्यक्तात्मा निर्ग्रन्थस्त्यक्ताहङ्कारममकारः ।१७३।
अविसंवादनयोगः, कायमनोवागजिह्मता चैव ।
सत्यं चतुर्विधं तच्च जिनवरमतेऽस्ति नान्यत्र ।१७४।

[૧૭૩] સ્વજન, ધન અને ઇંદ્રિયસુખનો ત્યાગ કરવાથી ભય અને ક્લેશ–કંકાસથી રહિત, અહંકાર અને મમતાનો ત્યાગી અને આઠ કર્મ આદિ ગ્રંથને છોડવામાં તત્પર સાધુ ત્યાગી આત્મા છે.

[૧૭૪] જેવું હોય તેવું કહેવું, મન, વચન અને કાયાની સરળતા એમ સત્યના ચાર પ્રકાર છે. આવું સત્ય જૈન સિદ્ધાંતમાં જ છે, બીજે ક્યાંય નથી.

(૧) મનની સરળતા :– બીજાને ઠગવા આદિના વિચારો ન કરવા.

(૨) વચનની સરળતાઃ–સત્ય પરિસ્થિતિને ન છુપાવવી, અસત્ય પરિસ્થિતિને ઊભી ન કરવી. કઠોર, કટુ અને સાવદ્ય વચન ન બોલવાં.

(૩) કાયાની સરળતાઃ–અન્યને છેતરવા આદિની પ્રવૃત્તિ ન કરવી.

---

४६ त्यक्ता आत्मा त्यागी आत्मा ।

अनशनमूनोदरता, वृत्तेः संक्षेपणं रसत्यागः ।
कायक्लेशः संलीनतेति बाह्यं तपः प्रोक्तम् ॥१७५॥

[૧૭૫] અનશન, ઊણોદરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયક્લેશ, સંલીનતા એ છ પ્રકારનો બાહ્યતપ છે.

અનશનઃ–અમુક કાળ સુધી કે યાવજ્જીવ આહારનો ત્યાગ. નવકારશીથી આરંભી છ માસ સુધીનો સર્વ પ્રકારનો તપ અનશન તપ છે.

ઊણોદરીઃ–ભૂખથી ઓછો આહાર લેવો.

વૃત્તિસંક્ષેપ–આહાર લાલસાની વૃત્તિને ઘટાડવાના ધ્યેયથી અમુક જ દ્રવ્યો વાપરવા, તે સિવાયના દ્રવ્યોનો ત્યાગ, અથવા અમુક ઘરોમાં જ ગોચરી જવાનો નિયમ વગેરે.

રસત્યાગઃ– દૂધ આદિ વિગઈનો કે કેરી આદિના રસનો ત્યાગ.

કાયક્લેશઃ–કાયોત્સર્ગ, લોચ આદિ દ્વારા કાયકષ્ટ સહન કરવું.

સંલીનતાઃ– ઇંદ્રિય, કષાય અને યોગ ઉપર કાબૂ રાખવો. કાયા આદિના નિરર્થક વ્યાપારને રોકવો એ પણ સંલીનતા છે.

प्रायश्चित्तध्याने, वैयावृत्त्यविनयावथोत्सर्गः ।
स्वाध्याय इति तपः षट्-प्रकारमभ्यन्तरं भवति ।१७६।

બાહ્યમાં—જૈનેતરોમાં પણ પ્રસિદ્ધ છે, બાહ્યથી તપ તરીકે દેખાય છે, બાહ્ય શરીરાદિને તપાવે છે, બહારથી જોઇને લોકો તપસ્વી કહે છે... આ કારણોથી આ તપ બાહ્ય છે.

[૧૭૬] પ્રાયશ્ચિત્ત, ધ્યાન, વૈયાવચ્ચ, વિનય, ઉત્સર્ગ અને સ્વાધ્યાય—એ છ પ્રકારનો અભ્યંતર તપ છે.

પ્રાયશ્ચિત્ત :— જાણતાં અજાણતાં થયેલાં પાપોની શુદ્ધિનું સાધન.

ધ્યાન :—કોઈ એક શુભ વિષયમાં ચિત્તની સ્થિરતા.

વિનયઃ—આશાતનાના ત્યાગપૂર્વક ગુણ અને ગુણી પ્રત્યે ભક્તિ—બહુમાન.

વૈયાવચ્ચઃ—આચાર્યાદિ ગુણીની સેવા.

વ્યુત્સર્ગઃ—સાધનામાં વિઘ્નભૂત કે બિનજરૂરી વસ્તુનો ત્યાગ, અથવા કાયોત્સર્ગ.

સ્વાધ્યાય :— શ્રુતનો અભ્યાસ—વાચના આદિ. આંતરિક પરિણામની પ્રધાનતા, મુખ્યતયા અંદર

दिव्यात्कामरतिसुखात् त्रिविधं त्रिविधेन विरतिरिति
नवकम् ।
औदारिकादपि तथा, तद्ब्रह्माष्टादशविकल्पम् ॥१७७॥
अध्यात्मविदो मूर्च्छा, परिग्रहं वर्णयन्ति निश्चयतः ।
तस्माद्वैराग्येप्सो–राकिञ्चन्यं परो धर्मः ॥१७८॥
दशविधधर्मानुष्ठा–यिनः सदा रागद्वेषमोहानाम् ।
[४७] दृढरूढघनानामपि, भवत्युपशमोऽल्पकालेन ॥१७९॥

(=આત્મામાં) પ્રભાવ, અંદર (=જૈન શાસનમાં) જ પ્રસિદ્ધિ, બહાર (=વ્યવહારમાં) તપસ્વી તરીકે અપ્રસિદ્ધિ.......આ કારણોથી આ તપ અભ્યંતર છે.

[૧૭૭] મન, વચન, અને કાયાથી ન કરવું, ન કરાવવું અને ન અનુમોદવું; એ (૩×૩=૯) નવ પ્રકારે દેવતા સંબંધી અને મનુષ્ય સંબંધી મૈથુનથી નિવૃત્તિ–એમ (૯×૨=૧૮) બ્રહ્મચર્યના અઢાર ભેદો છે.

[૧૭૮] અધ્યાત્મને જાણનારા મહાપુરુષો પરમાર્થદૃષ્ટિએ મૂર્છાને જ પરિગ્રહ કહે છે. આથી વૈરાગ્યના અભિલાષી માટે મૂર્છાત્યાગ શ્રેષ્ઠ ધર્મ છે.

**ધર્મસેવનનું ફળ :–**

[૧૭૯–૧૮૦] સદા દશ પ્રકારના યતિધર્મનું

ममकाराहङ्कार–त्यागादतिदुर्जयोद्धतप्रबलान् ।
हन्ति परीषहगौरव–कषायदण्डेन्द्रियव्यूहान् ॥१८०॥

સેવન કરનાર સાધુ વજ્રસમદુર્ભેદ્ય, ઘણા કાળથી ઘર કરી ગયેલા, અને અતિશય વધી ગયેલા પણ રાગ–દ્વેષ અને મોહને અલ્પકાળમાં શાંત કરી નાંખે છે, જીતી લે છે.

મમકાર અને અહંકાર જીતાયા પછી (તેમણે જુદે જુદે સ્થળે ગોઠવી રાખેલા) અતિશય દુર્જય, ઉદ્ધત અને બલવાન પરીષહ, ગૌરવ, કષાય, અશુભ યોગ અને ઇંદ્રિયના વ્યૂહને હણી નાંખે છે.

૪૭ दृढा दुर्भेदाः, रूढाः प्राप्तस्थैर्याः, घना बहुलाः ।

## (૧૩) ધર્મકથા અધિકાર

प्रवचनभक्तिः श्रुतसम्पदुद्यमो व्यतिकरश्च संविग्नैः ।
वैराग्यमार्गसद्भावभावधीस्थैर्यजनकानि ॥१८१॥
आक्षेपणीं विक्षेपणीं, विमार्गबाधनसमर्थविन्यासाम् ।
श्रोतृजनश्रोत्रमनः-प्रसादजननी यथा जननीम् १८२॥
संवेदनीं च निर्वेदनीं च धर्म्यां कथां सदा कुर्यात् ।
स्त्रीभक्तचौरजनपद-कथाश्च दूरात्परित्याज्याः॥१८३॥

---

**વૈરાગ્યમાર્ગ આદિમાં સ્થિરતાના ઉપાયો—**

[ ૧૮૧ ] પ્રવચનની ભક્તિ, શ્રુત સંપત્તિમાં ઉદ્યમ, અને સંવિગ્ન સાધુઓની સાથે સંપર્ક—એ વૈરાગ્યમાર્ગમાં, જિનોક્ત જીવાદિતત્ત્વો વિશે (-શ્રદ્ધામાં અને શુભભાવમાં મનને સ્થિર રાખે છે.

પ્રવચન એટલે ચતુર્વિધસંઘ, કે શાસ્ત્ર, અથવા તીર્થંકર. શ્રુતસંપત્તિમાં ઉદ્યમ એટલે દરરોજ નવા નવા શ્રુતના અધ્યયનમાં ઉત્સાહ. સંવિગ્ન એટલે સંસારભીરુ અથવા ઉદ્યતવિહારી (સંયમનું કાલાનુસાર બરોબર પાલન કરનાર).

[ ૧૮૨-૧૮૩ ] ઉક્ત વૈરાગ્યમાર્ગ આદિ ત્રણમાં સ્થિર રહેવા સાધુએ સદા આક્ષેપણી, વિક્ષેપણી, સંવેદની, અને નિર્વેદની—એ ધર્મકથા કરવી જોઇએ.

**यावत्परगुणदोष-परिकीर्तने व्यापृतं मनो भवति ।**
**तावद्वरं विशुद्धे, ध्याने व्यग्रं मनः कर्तुम् ॥१८४॥**

આ ધર્મકથા એવી શૈલીથી કરવી જોઇએ કે ઉન્માર્ગનો ઉચ્છેદ થાય, અને જેમ માતા હિતકારક સદુપદેશથી બાળકોનાં કર્ણ અને મનને પ્રસન્ન કરે છે; તેમ આ કથા સાંભળીને શ્રોતાઓનાં કાન અને મન પ્રસન્ન બની જાય. વૈરાગ્યમાર્ગાદિમાં સ્થિર રહેવા સ્ત્રીકથા, ભક્ત(ભોજન)કથા, ચોરકથા અને દેશકથા—આ ચાર કથાઓને તો દૂરથી જ તિલાંજલિ આપવી જોઇએ.

આક્ષેપણી:—શ્રોતાને ધર્મ પ્રત્યે આક્ષેપ—આકર્ષણ કરનારી.

વિક્ષેપણી:—શ્રોતાને પરદર્શનથી અથવા સંસારસુખથી વિક્ષેપ (=વિમુખ) કરનારી.

સંવેદની:—સંસારમાં ત્રાસનો સંવેદન (=અનુભવ) કરાવનારી.

નિર્વેદની:—સંસાર પ્રત્યે નિર્વેદ (=ત્રાસ) ઉત્પન્ન કરાવી મોક્ષની અભિલાષા જગાવનારી.

**વિશુદ્ધ ધ્યાનની મહત્તા—**

[ ૧૮૪ ] મન જેટલો સમય પરના ગુણ—દોષો બોલવામાં રોકાય છે, તેટલો સમય તેને વિશુદ્ધ

**शास्त्राध्ययने चाध्यापने सचिन्तने तथात्मनि च ।**
**धर्मकथने च सततं, यत्नः सर्वात्मना कार्यः ॥१८५॥**

ધ્યાનમાં ઓતપ્રોત બનાવવું એ વધારે શ્રેષ્ઠ છે.

પ્રશ્નઃ–બીજાના દોષો બોલવા એ દોષરૂપ છે. પણ બીજાના ગુણો બોલવા એ તો ગુણરૂપ છે. આથી પરગુણ–પરિકીર્તન શા માટે ન કરવું ?

ઉત્તરઃ–મગનું પાણી અને દૂધ બંને પૌષ્ટિક અને ઉત્તમ છે. છતાં રોગીને તો મગનું પાણી જ લાભ કરે. પણ નિરોગી માણસને આ બેમાં કોનાથી વધારે લાભ મળે ? દૂધથી જ ને ? મગનું પાણી લે તો તેને નુકસાન કશું જ નથી. પણ દૂધપાનથી મળતા અધિક લાભથી વંચિત રહી જાય છે. એ જ પ્રમાણે પ્રસ્તુતમાં ગુણાનુવાદ એ મગના પાણી તુલ્ય છે, અને વિશુદ્ધ ધ્યાન શુદ્ધ દૂધ સમાન છે. નીચી કક્ષાના સાધક માટે પરગુણપરિકીર્તન–ગુણાનુવાદ જ લાભદાયી છે. પણ ઉચ્ચકક્ષાના સાધકને પરગુણપરિકીર્તનથી થતા લાભની અપેક્ષાએ વિશુદ્ધ ધ્યાનથી અધિક લાભ થાય છે.

વિશુદ્ધધ્યાન—

[ ૧૮૫ ] (૧) શાસ્ત્રના અધ્યયનમાં, (૨) અધ્યા-

शास्विति वाग्विधिविद्भिर्धातुः पापठ्यतेऽनुशिष्टयर्थः।
त्रैङिति च पालनार्थे, विनिश्चितः सर्वशब्दविदाम् ॥
॥१८६॥

यस्माद्रागद्वेषोद्धतचित्तान् समनुशास्ति सद्धर्मे ।
सन्त्रायते च दुःखाच्छास्त्रमिति निरुच्यते सद्भिः ॥
॥१८७॥

शासनसामर्थ्येन तु, सन्त्राणबलेन चानवद्येन ।
युक्तं यत्तच्छास्त्रं, तच्चैतत्सर्वविद्वचनम् ॥१८८॥

---

પનમાં (=બીજાઓને ભણાવવામાં, (૩) સ્વયં શાસ્ત્ર-ચિંતન કરવામાં, (અથવા મેં આજે શાસ્ત્રોક્ત શું કર્યું અને શું ન કર્યું ઇત્યાદિ આત્મચિંતનમાં) તથા (૪) ધર્મોપદેશમાં મન, વચન અને કાયાથી સતત પ્રયત્ન કરવો જોઈએ. આ બધું વિશુદ્ધ ધ્યાન છે.

**શાસ્ત્રલક્ષણ**

[ ૧૮૬ થી ૧૮૮ ] વ્યુત્પત્તિશાસ્ત્રને જાણનારાઓએ (ચૌદપૂર્વધરોએ) શાસ્ ધાતુનો "અનુશાસન (=યથાર્થ પ્રતિપાદન) કરવું" એ અર્થ કહ્યો છે. સઘળા શબ્દશાસ્ત્રોના જ્ઞાતા મહાપુરુષોએ ત્રૈ ધાતુનો "રક્ષણ કરવું" એ ચોક્કસ અર્થ કહ્યો છે.

રાગદ્વેષથી ઉદ્ધતચિત્તવાળા જીવોને સદ્ધર્મનું યથાર્થ પ્રતિપાદન કરે છે અને (પ્રતિપાદન મુજબ વર્તનાર) જીવોનું રક્ષણ કરે છે માટે શાસ્ત્ર કહેવાય છે. આ પ્રમાણે સજ્જન પુરુષો શાસ્ત્ર શબ્દનો ચોક્કસ અર્થ કહે છે.

આથી જે [૪૮]નિર્દોષ શાસનસામર્થ્ય (=યથાર્થ પ્રતિપાદન કરવાની શક્તિ) અને નિર્દોષ [૪૯]રક્ષણ બળ ધરાવતું હોય તે શાસ્ત્ર છે. આવું શાસ્ત્ર આ (નીચે મુજબ) સર્વજ્ઞ વચન જ છે.

---

૪૮-૪૯-અસત્ય આદિ દોષોથી રહિત.

## (૧૪) નવતત્ત્વ અધિકાર

जीवाऽजीवाः पुण्यं, पापास्रवसंवराः सनिर्जरणाः ।
बन्धो मोक्षश्चैते, सम्यक् चिन्त्या नव पदार्थाः ॥
॥१८९॥

जीवा मुक्ता संसारिणश्च संसारिणस्त्वनेकविधाः ।
लक्षणतो विज्ञेया, द्वित्रिचतुःपञ्चषड्भेदाः ॥१९०॥

---

**સવંજ્ઞવચન—**

[૧૮૯] જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ–આ નવ પદાર્થોનું સૂક્ષ્મ ચિંતન કરવું જોઇએ.

જીવાદિ પ્રત્યેક તત્ત્વની વ્યાખ્યા ગ્રંથકાર સ્વયં આગળ કહેશે

[૧૯૦] જીવોના મુખ્ય બે ભેદો છે. (૧) મુક્ત અને (૨) સંસારી. સંસારી જીવો અનેક પ્રકારના છે. સામાન્યથી સંસારી જીવો બે, ત્રણ, ચાર, પાંચ અને છ પ્રકારના છે. આ જીવો તેમના લક્ષણથી જાણી શકાય છે.

द्विविधाश्चराचराख्या–स्त्रिविधाः स्त्रीपुंनपुंसका ज्ञेयाः।
नारकतिर्यग्मानुष–देवाश्चतुर्विधाः प्रोक्ताः ॥१९१॥
पञ्चविधास्त्वेकद्वि–त्रिचतुःपञ्चेन्द्रियास्तु निर्दिष्टाः ।
क्षित्यम्बुवह्निपवन–तरवस्त्रसाश्चेति षड्भेदाः ॥१९२॥

---

[૧૯૧-૧૯૨] જીવોના બે પ્રકાર-ચર(=ત્રસ) અને અચર (=સ્થાવર). ત્રણ પ્રકાર-સ્ત્રી, પુરુષ, નપુંસક. ચાર પ્રકાર-નારક. તિર્યંચ, મનુષ્ય, દેવ. પાંચ પ્રકાર-એકેંદ્રિય. બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચઉરિંદ્રિય, પંચેંદ્રિય, છ પ્રકાર-પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, ત્રસકાય.

સ્વેચ્છાથી એક સ્થળેથી બીજા સ્થળે જઈ શકે તે ચર. તે સિવાય સંસારી સઘળા જીવો અચર. આ બે ભેદ અનુક્રમે ત્રસ અને સ્થાવર એ નામથી અધિક પ્રસિદ્ધ છે.

સ્ત્રી, પુરુષ અને નપુંસક એ ત્રણ ભેદો વ્યવહારમાં પ્રસિદ્ધ છે.

નારક-નરકગતિમાં જન્મે તે. મનુષ્ય-મનુષ્યગતિમાં જન્મે તે. દેવ-દેવગતિમાં જન્મે તે. નારક આદિ ત્રણ સિવાયના સઘળા સંસારી પ્રાણીઓ તિર્યંચ

છે. પશુ, પક્ષી, જલચર, નાના જીવડાં વગેરે તિર્યંચ છે.

જેને એક, બે, ત્રણ, ચાર કે પાંચ ઇંદ્રિયો હોય તે અનુક્રમે એકેંદ્રિય. બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચઉરિંદ્રિય અને પંચેંદ્રિય છે. નારક, મનુષ્ય અને દેવતા પંચેંદ્રિય જ હોય છે. તિર્યંચમાં એકેંદ્રિયથી પંચેંદ્રિય સુધીના જીવો હોય છે.

લીલી વનસ્પતિ વગેરે એકેંદ્રિય છે. વનસ્પતિના જીવને માત્ર એક (સ્પર્શ) ઇંદ્રિય હોય છે. કૃમિ, શંખ, છીપ, જળો વગેરે જીવોને બે (સ્પર્શ અને જીભ) ઇંદ્રિયો હોવાથી તે બેઇંદ્રિય છે. કીડી, મંકોડો, કુંથું, કાષ્ઠનો કીડો વગેરેને ત્રણ (સ્પર્શ, જીભ, નાક) ઇંદ્રિયો હોવાથી તે તેઇંદ્રિય છે, ભ્રમર, માખી, મચ્છર, વીંછી આદિને ચાર (સ્પર્શ, જીભ, નાક, આંખ) ઇંદ્રિયો હોવાથી તે ચઉરિંદ્રિય છે. ગાય, ભેંશ, મોર, મત્સ્ય વગેરેને (સ્પર્શ, ચામડી, જીભ, નાક, આંખ, કાન) પાંચ ઇંદ્રિયો હોવાથી પંચેંદ્રિય છે.

અહીં છ પ્રકારના જીવો જણાવ્યા છે તેમાં કાય સિવાયના પાંચ એકેંદ્રિય છે, અને સ્થાવર (અચર છે. બેઇંદ્રિયથી પંચેંદ્રિય સુધીના જીવો ત્રસ (ચર ) છે. સર્વ પ્રકારની સચિત્ત માટી પૃથ્વીકાય છે. સર્વ

**एवमनेकविधाना-मेकैको विधिरनन्तपर्यायः ।
प्रोक्तः स्थित्यवगाह-ज्ञानदर्शनादिपर्यायैः ॥१९३॥**

---

પ્રકારનું સચિત્ત પાણી અપ્કાય છે. સર્વ પ્રકારની અગ્નિ અને વીજળી આદિ તેઉકાય છે, પવન વાયુકાય છે. સર્વ પ્રકારની લીલી વનસ્પતિ વનસ્પતિકાય છે. સચિત્ત ધાન્ય વનસ્પતિકાય છે.

[૧૯૩] આ પ્રમાણે જીવોના અનેક ભેદોમાં મૂળ એક એક ભેદના સ્થિતિ, અવગાહના, જ્ઞાન, દર્શન આદિના પર્યાયોથી (=અવસ્થાઓથી) અનંતા પર્યાયો (=ભેદો) છે.

સ્થિતિ=આયુષ્ય. અવગાહના=શરીરનું સ્થાન (-જગ્યા). જ્ઞાન=વિશેષથી બોધ. દર્શન=સામાન્યથી બોધ.

જેમકે–અંતર્મુહૂર્તથી ૩૩ સાગરોપમ સુધી આયુષ્યનો કાળ છે. સર્વ જીવોને સમાન આયુષ્ય હોતું નથી. કોઈને અંતર્મુહૂર્ત, કોઈને બે અંતર્મુહૂર્ત કોઈને ત્રણ અંતર્મુહૂર્ત, કોઈને બે વર્ષ, કોઈને પલ્યોપમ વર્ષ, કોઇને સાગરોપમ વર્ષ એમ વધતાં વધતાં કોઈને ૩૩ સાગરોપમનું આયુષ્ય હોય છે. આમ અંતર્મુહૂર્તથી ૩૩ સાગરોપમ સુધી અનેક ભેદો થાય છે. આથી આયુષ્ય પ્રમાણે જીવોના પણ અનેક

सामान्यं खलु लक्षण–मुपयोगो भवति सर्वजीवानाम् ।
साकारोऽनाकारश्च, सोऽष्टभेदश्चतुर्धा च ॥१९४॥
ज्ञानाज्ञाने पञ्च–त्रिविकल्पे सोऽष्टधा तु साकारः ।
चक्षुरचक्षुरवधिकेवलदृग्विषयस्त्वनाकारः ॥१९५॥

ભેદો થાય છે. આ પ્રમાણે અવગાહના, જ્ઞાન, દર્શન આદિ વિશે પણ ઘટાવી શકાય.

[ ૧૯૪–૧૯૫ ] સર્વ જીવોનું સામાન્ય (દરેકને લાગુ પડે તેવું ) લક્ષણ ઉપયોગ (=જ્ઞાન દર્શન રૂપ ચૈતન્યનો વ્યાપાર) જ છે. ઉપયોગના સાકાર (=જ્ઞાન) અને અનાકાર (દર્શન) એમ બે ભેદ છે. સાકાર ઉપયોગના આઠ અને અનાકાર ઉપયોગના ચાર ભેદ છે.

જ્ઞાનના પાંચ પ્રકાર અને અજ્ઞાનના ત્રણ પ્રકાર એ આઠ ભેદો સાકાર (=જ્ઞાન) ઉપયોગના છે. ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન અને કેવળદર્શન એ ચાર ભેદો અનાકાર (=દર્શન) ઉપયોગના છે.

જ્ઞાનના પાંચ પ્રકાર:–મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ, કેવળજ્ઞાન. અજ્ઞાનના ત્રણ પ્રકાર:–મતિ, શ્રુત, અવધિ અજ્ઞાન.

મતિ:–મન અને ઇંદ્રિયોથી થતો બોધ.

શ્રુતઃ-મન અને ઈંદ્રિયોની સહાયથી શબ્દ અને અર્થના પર્યાલોચન પૂર્વક થતો બોધ.

અવધિઃ-મન અને ઈંદ્રિયોની અપેક્ષા વિના આત્મ-શક્તિથી થતો રૂપી દ્રવ્યોનો બોધ.

મનઃપર્યવઃ-અઢીદ્વીપમાં રહેલા પંચેંદ્રિય જીવોના મનનાં વિચારોનો બોધ.

કેવળજ્ઞાનઃ-ત્રણ કાળના સર્વ દ્રવ્યો અને સર્વ પર્યાયોનું જ્ઞાન.

મિથ્યાદર્શન યુક્ત જીવના મતિ, શ્રુત અને અવધિ એ ત્રણ જ્ઞાન અજ્ઞાન સ્વરૂપ છે. આથી આ ત્રણ જ્ઞાનનું જે લક્ષણ (=અર્થ) છે તે જ અનુક્રમે મતિ અજ્ઞાન શ્રુત અજ્ઞાન, અવધિ અજ્ઞાનનું લક્ષણ છે.

ચક્ષુદર્શનઃ-ચક્ષુદ્વારા થતો વસ્તુનો સામાન્યથી બોધ. અચક્ષુદર્શનઃ-આંખ સિવાય ચાર ઈંદ્રિયો અને મન દ્વારા થતો વસ્તુનો સામાન્યથી બોધ.

અવધિ દર્શનઃ-ઈંદ્રિયોની સહાય વિના આત્મ-શકિતથી થતો કેવળ રૂપી દ્રવ્યોનો સામાન્યથી બોધ.

કેવળ દર્શનઃ-ત્રણે કાળનાં સર્વ દ્રવ્યોનો સામાન્યથી બોધ.

भावा भवन्ति जीवस्यौदयिकः पारिणामिकश्चैव ।
औपशमिकः क्षयोत्थः, क्षयोपशमजश्च पञ्चैते ॥१९६॥

[૧૯૬] જીવના ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔદયિક અને પારિણામિક એ પાંચ પરિણામ વિશેષરૂપ ભાવો છે.

(૧) ઔપશમિકઃ–કચરો નીચે શમી જતાં જળની નિર્મલતાની જેમ કર્મોના ઉપશમથી (થોડા સમય માટે બિલકુલ ઉદયના અભાવથી) થતો શુભ પરિણામ.

ક્ષાયિકઃ–કચરો સર્વથા નીકળી જતાં પાણીની શુદ્ધિની જેમ કર્મોના સર્વથા ક્ષયથી થતો શુભ પરિણામ.

ક્ષાયોપશમિકઃ–ધોયેલા કોદ્રવમાં મદશક્તિની અપેક્ષાએ શુદ્ધિ–અશુદ્ધિનું મિશ્રણ હોય છે તેમ, અથવા નીચે શમી ગયેલા કચરાવાળા પાણીને સામાન્ય હલાવવાથી પાણીમાં શુદ્ધિ–અશુદ્ધિનું મિશ્રણ થાય છે તેમ, કર્મના ઉપશમરૂપ શુદ્ધિના અને કર્મના ઉદયરૂપ અશુદ્ધિના મિશ્રણથી થતો પરિણામ.

ઔદયિકઃ–કર્મના ઉદયથી થતો પરિણામ.

પારિણામિકઃ–પરિણામથી (=પોતાના જ સ્વાભાવિક સ્વરૂપથી) થયેલ ભાવ (=ધર્મ).

**તે ચૈકવિંશતિત્રિ–દ્વિનવાષ્ટાદશવિધાશ્ચ વિજ્ઞેયાઃ ।**
**ષષ્ઠશ્ચ સાન્નિપાતિક, ઇત્યન્યઃ પઞ્ચદશભેદઃ ॥૧૯૭॥**

---

[૧૯૭] ઉક્ત ઔપશમિક આદિ પાંચ ભાવોના અનુક્રમે ૨, ૯, ૧૮, ૨૧, ૩ ભેદો છે. આ પાંચ ભાવો ઉપરાંત છઠ્ઠો સાન્નિપાતિક નામનો ભાવ છે. તેના ૧૫ ભેદો છે.

ઔપશમિકના ૨ ભેદઃ– સમ્યક્ત્વ, ચારિત્ર.

ક્ષાયિકના ૯ ભેદઃ–જ્ઞાન, દર્શન, દાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્ય, સમ્યક્ત્વ, ચારિત્ર.

ક્ષાયોપશમિકના ૧૮ ભેદઃ–પ્રથમના ૪ જ્ઞાન, ૩ અજ્ઞાન, પ્રથમના ૩ દર્શન, ૫ દાનાદિ, સમ્યક્ત્વ, સર્વવિરતિ, દેશવિરતિ.

ઔદયિકના ૨૧ ભેદઃ– ૪ ગતિ, ૪ કષાય, ૩ વેદ, મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ. અસિદ્ધત્વ ૬ લેશ્યા.

પારિણામિકના ૩ ભેદઃ–જીવત્વ, ભવ્યત્વ, અભવ્યત્વ.

સન્નિપાત એટલે સંયોગ, ઔપશમિકાદિ પાંચ ભાવોના પરસ્પર સંયોગથી ઉત્પન્ન થતો ભાવ સાન્નિપાતિક ભાવ. આ ભાવ ઔપશમિક આદિની જેમ

एभिर्भावैः स्थानं, गतिमिन्द्रियसम्पदः सुखं दुःखम् ।
सम्प्राप्नोतीत्यात्मा,सोऽष्टविकल्पः समासेन॥१९८॥
द्रव्यं कषाययोगावुपयोगो ज्ञानदर्शने चेति ।
चारित्रं वीर्यं चेत्यष्टविधा मार्गणा तस्य ॥१९९॥

---

સ્વતંત્ર ભાવ નથી, કિંતુ પાંચ ભાવોના પરસ્પર એક, બે વગેરે ભાવોના મિશ્રણથી થાય છે. એના કુલ ૨૬ ભેદો આ પ્રમાણે છે:-દ્વિસંયોગી (ઔદ. ક્ષાયો., ઔદ. ક્ષાયિ., ઔદ. ઔપ....એમ બે બેના સંયોગ વાળા) ૧૦, ત્રિસંયોગી ૧૦, ચતુ;સંયોગી ૫, પંચ-સંયોગી ૧. આ ૨૬ ભેદોમાં ૨૦ ભેદો અસંભવિત છે. કોઇ પણ જીવમાં ન સંભવી શકે એવા છે. જેમકે, દ્વિસંયોગીમાં ઔદયિક અને ક્ષાયિક એ ભા કોઈ પણ જીવમાં ન હોય.

આવા અસંભવિત ૨૦ ભેદોને બાદ કરીને સંભવિત ૬ ભેદોમાં ૩ ભેદોવાળા જીવો ચાર ગતિના હોવાથી ૩ ભેદોને ચાર ગુણા કરવાથી એકંદર (૧૨+૩=) ૧૫ ભેદો થાય છે.

[ ૧૯૮ થી ૨૦૧ ] આ ભાવોને કારણે આત્મા

जीवाजीवानां द्रव्यात्मा सकषायिणां कषायात्मा ।
योगः सयोगिनां पुन–रुपयोगः सर्वजीवानाम् ॥२००॥
ज्ञानं सम्यग्दृष्टे–र्दर्शनमथ भवति सर्वजीवानाम् ।
चारित्रं विरतानां, तु सर्वसंसारिणां [४९]वीर्यम् ॥२०१॥

---

વિવિધ પ્રકારના સ્થાન, ગતિ, ઇંદ્રિય, સંપત્તિ, સુખ અને દુઃખ પામે છે.

ગતિ અને સ્થાનમાં ભેદ :– બે જીવોને ગતિ એક હોય, પણ સ્થાન જુદા જુદા હોય. જેમ કે, બે જીવો મનુષ્યગતિમાં ઉત્પન્ન થયા, પણ એક ભરતમાં અને એક મહાવિદેહમાં ઉત્પન્ન થયો. આથી આ બે જીવોની ગતિ એક છે, પણ સ્થાન જુદા છે. અથવા સ્થાનનો અર્થ આયુષ્ય પણ થાય.

આત્માના સામાન્યથી આઠ ભેદો છે. તે આ પ્રમાણે–દ્રવ્યાત્મા, કષાયાત્મા, યોગાત્મા, ઉપયોગાત્મા, જ્ઞાનાત્મા, દર્શનાત્મા, ચારિત્રાત્મા, વીર્યાત્મા. આ આઠ પ્રકારે આત્માની વિચારણા કરવી જોઈએ.

---

૪૯ सर्वसंसारिणां–चेतनानां, "संसारी चेतनो मतः" इति वचनात्, भवस्थ–मुक्तात्मनां चैतन्यवतामित्यर्थः ।

द्रव्यात्मेत्युपचारः, सर्वद्रव्येषु नयविशेषेण ।
आत्मादेशादात्मा, भवत्यनात्मा परादेशात् ॥२०२॥

---

[૨૦૦-૨૦૧] (૧) જીવ અને અજીવ બંને દ્રવ્ય સ્વરૂપ હોવાથી દ્રવ્યાત્મા છે. (૨) કષાયયુક્ત (૧૦મા ગુણસ્થાન સુધીના) જીવો કષાયાત્મા છે. (૩) યોગયુક્ત (૧૩મા ગુણસ્થાન સુધીના) જીવો યોગાત્મા છે. (૪) સિદ્ધ કે સંસારી સર્વ જીવો જ્ઞાન-દર્શનના વ્યાપાર રૂપ ઉપયોગવાળા હોવાથી ઉપયોગાત્મા છે. (૫) સમ્યગ્દૃષ્ટિ જીવને જ્ઞાન હોવાથી તે જ્ઞાનાત્મા છે. [મિથ્યા દૃષ્ટિનું જ્ઞાન અજ્ઞાન સ્વરૂપ હોવાથી તે જ્ઞાનાત્મા ન કહેવાય.] (૬) ચક્ષુદર્શન આદિ દર્શનવ્યાપાર યથાયોગ્ય સર્વ જીવોમાં હોવાથી સર્વ જીવો દર્શનાત્મા છે. (૭) ચારિત્રસંપન્ન જીવો ચારિત્રાત્મા છે. (૮) સિદ્ધ કે સંસારી સર્વ જીવો વીર્યયુક્ત હોવાથી વીર્યાત્મા છે.

[૨૦૨] પ્રશ્નઃ-જીવ ચેતન હોવાથી તેને આત્મા દ્રવ્યાત્મા કહેવાય. પણ અજીવ તો જડ છે. આત્મા (=જીવ) નથી. આથી અજીવને આત્મા=દ્રવ્યાત્મા કેમ કહેવાય ?

ઉત્તરઃ-સામાન્યગ્રાહી નયથી અજીવ સર્વ દ્રવ્યોમાં

દ્રવ્યાત્મા એ પ્રમાણે ઉપચાર (=વ્યવહાર) કરવામાં આવે છે. સામાન્યગ્રાહી નય આત્માશબ્દના અર્થને પકડે છે. એ કહે છે કે, તમે આત્માશબ્દના અર્થને વિચારો. જે ( અતતીત્યાત્મા )અન્વય રૂપે પર્યાયોમાં ગમન કરે તે આત્મા એવો આત્મા શબ્દનો અર્થ છે. જેમ જીવ સ્વપર્યાયમાં અન્વય રૂપે ગમન કરે છે-રહે છે, તેમ અજીવ દ્રવ્યો પણ સ્વસ્વના પર્યાયોમાં અન્વય રૂપે ગમન કરે છે-રહે છે. આથી આત્મા શબ્દનો અર્થ જીવ અજીવ બન્નેમાં લાગુ પડે છે. તો પછી જીવદ્રવ્યમાં આત્માશબ્દનો પ્રયોગ કરવો અને અજીવદ્રવ્યમાં ન કરવો એ ક્યાંનો ન્યાય ! અજીવ દ્રવ્યોમાં પણ આત્માશબ્દનો વ્યવહાર કરવો જોઇએ. આથી સામાન્યગ્રાહી નયની દૃષ્ટિએ સર્વ-દ્રવ્યોમાં આત્માશબ્દનો વ્યવહાર કરવામાં આવે છે.

[ आत्मादेशादात्मा...... ] જૈનદર્શનમાં દરેક વિષયની વિચારણા અનેકાંતવાદના (=અપેક્ષાવાદના) આધારે થાય છે. આથી દરેક વસ્તુનું અસ્તિત્વ (=હોવું અને નાસ્તિત્વ (=ન હોવું) એકાંતે નથી, કિંતુ અપેક્ષાએ છે અને અપેક્ષાએ નથી, દરેક વસ્તુ સ્વરૂપે સત્ (=વિદ્યમાન) છે અને પરરૂપે અસત્ (અવિદ્યમાન) છે. દા. ત. ઘટ સ્વરૂપે (=ઘટરૂપે)

एवं संयोगाल्पबहुत्वाद्यैर्नैकशः स परिमृग्यः ।
जीवस्यैतत्सर्वं, स्वतत्त्वमिह लक्षणैर्दृष्टम् ॥२०३॥

---

સત્ છે, પણ પર રૂપે (=પટરૂપે) અસત્ છે. જો ઘટ પટરૂપે પણ સત્ હોય તો તેને પટ પણ કહેવો જોઈએ અને પટનાં દરેક કાર્યો ઘટથી થવાં જોઈએ. પણ તેમ થતું નથી. આપણે બોલીએ પણ છીએ કે આ ઘટ છે, પટ નથી. આનો અર્થ એ જ છે કે, ઘટ પટ રૂપે નથી (=અસત્ છે). આમ દરેક વસ્તુના અસ્તિત્વનો અને નાસ્તિત્વનો વિચાર અપેક્ષાવાદથી કરવો જોઈએ.

પ્રસ્તુતમાં આત્મા છે કે નહિ એ પ્રશ્નનું સમાધાન પણ અપેક્ષાવાદથી કરવામાં આવ્યું છે. આત્મા સ્વરૂપે (=જીવ રૂપે) સત્ છે અને પર રૂપે (અજીવ રૂપે ) અસત્ છે. અર્થાત્ આત્મા જીવ છે, અજીવ નથી.

[૨૦૩] આ પ્રમાણે સંયોગ, અલ્પબહુત્વ આદિથી અનેક પ્રકારે આત્માની વિચારણા કરવી જોઈએ.

(૧) સંયોગ:—આત્મા જેની સાથે સંયુક્ત છે તે રૂપે છે, જેની સાથે સંયુક્ત નથી તે રૂપે નથી. દેવ

**उत्पादविगमनित्यत्वलक्षणं यत्तदस्ति सर्वमपि ।**
**सदसद्वा भवतीत्यन्यथार्पितानर्पितविशेषात् ॥२०४॥**

---

દેવગતિના સંયોગથી (=સંબંધથી) છે, નરકગતિના સંબંધથી નથી.

(૨) અલ્પબહુત્વ:-મનુષ્યોની અપેક્ષાએ તિર્યંચો ઘણા છે. આથી મનુષ્યોની સંખ્યાએ તિર્યંચો નથી અને તિર્યંચોની સંખ્યાએ મનુષ્યો નથી.

આ પ્રમાણે નામ, સ્થાપના વગેરેથી પણ વિચારણા થઇ શકે.

અહીં બતાવેલું જીવનું આ સર્વ સ્વરૂપ આત્માના ભિન્ન ભિન્ન લક્ષણોથી ઉપલબ્ધ થાય છે.

[ ૨૦૪ ] જે ઉત્પાદ, વિગમ અને નિત્યત્વથી યુક્ત હોય તે સર્વ સત્ છે. જે નથી (=અસત્ છે) તે ઉત્પાદાદિ ત્રણથી યુક્ત પણ નથી. અર્થાત્ જે ઉત્પાદાદિ ત્રણથી યુક્ત નથી તે અસત્ છે.

ઉત્પાદ=ઉત્પત્તિ. વિગમ=નાશ. નિત્યત્વ=સ્થિરતા. દરેક વસ્તુમાં આ ત્રણે ધર્મો અવશ્ય હોય છે. અર્થાત્ દરેક વસ્તુ પ્રત્યેક ક્ષણે ઉત્પન્ન પણ થાય છે, નાશ પણ પામે છે અને સ્થિર પણ રહે છે.

[ વાંચકો ! આ વાંચીને આ કેમ સંભવે એ પ્રશ્નમાં જરાય અટવાઇ ના જશો. શાંત ચિત્તે વાંચનનો પ્રવાહ આગળ વહેવા દેજો; એટલે એ પ્રશ્નને અવકાશ નહિ રહે.

દરેક વસ્તુમાં બે અંશ હોય છે. (૧) દ્રવ્યાંશ (૨) પર્યાયાંશ. દ્રવ્યાંશ સ્થિર છે, જ્યારે પર્યાયાંશ અસ્થિર–ઉત્પત્તિ વિનાશશીલ છે. આથી દરેક વસ્તુમાં પ્રત્યેક સમયે નવા નવા પર્યાયો ઉત્પન્ન થાય છે, પૂર્વપૂર્વના પર્યાયો નાશ પામે છે; તથા મૂળ દ્રવ્ય કાયમ રહે છે. પર્યાયો વસ્તુના પોતાના હોવાથી પર્યાયોના ઉત્પાદ–વિનાશ વસ્તુના જ કહેવાય. આમ દરેક વસ્તુ પ્રત્યેક સમયે પર્યાય રૂપે ઉત્પન્ન થાય છે અને વિનાશ પામે છે, તથા દ્રવ્ય રૂપે સ્થિર (=કાયમ) રહે છે.

આ હકીકત આપણે ઘટના દૃષ્ટાંતથી વિચારીએ. જે સમયે ઘટ ફૂટી જવાથી તેનાં ઠીકરાં થયાં તે સમયે માટી રૂપ દ્રવ્યમાં ઉત્પાદ, વિનાશ અને સ્થિરતા એ ત્રણે છે. ઘટ અને ઠીકરાં એ બંને માટીના પર્યાયો છે, માટીનો ઘટરૂપ પર્યાય નાશ પામ્યો અને ઠીકરાંરૂપ પર્યાય ઉત્પન્ન થયો. આનો અર્થ એ થયો કે માટી ઘટરૂપે નાશ પામી અને ઠીકરાં

રૂપે ઉત્પન્ન થઇ, તથા માટીરૂપે સ્થિર રહી.

**પ્રશ્નઃ**–આવું તો ક્યારેક જ બને. જ્યારે ઘટ ઉત્પન્ન થાય કે નાશ પામે ત્યારે જ આવું બને. પણ જ્યારે ઘટ એમને એમ પડ્યો છે ત્યારે તેમાં ઉત્પાદાદિ ત્રણ ક્યાં દેખાય છે? તમે તો કહો છો કે દરેક વસ્તુમાં પ્રત્યેક ક્ષણે ઉત્પાદાદિ ત્રણ થાય છે.

**ઉત્તરઃ**–સ્થૂલદૃષ્ટિથી વિચાર કરતાં ઘણા કાળ સુધી આપણને ઘડો જેવો છે તેવોને તેવો જ દેખાય છે. તેમાં કોઈ જાતનું પરિવર્તન દેખાતું નથી. પણ સૂક્ષ્મ દૃષ્ટિથી વિચારવામાં આવે તો એ ઘડામાં પ્રતિ-ક્ષણ પરિવર્તન થઈ રહ્યું છે. દા. ત એ ઘડો બન્યો તેને અત્યારે (વિવક્ષિત કોઇ એક સમયે) બે વર્ષ થયાં છે. એટલે તે ઘડો અત્યારે બે વર્ષ જેટલો જુનો કહે-વાય. બીજા જ સમયે એ ઘડો બે વર્ષ અને એક સમય જેટલો જુનો બને છે. આથી પૂર્વસમયની અપેક્ષાએ વર્તમાન સમયમાં તેનામાં કાળકૃત પરિ-વર્તન થઇ ગયું. ત્યાર પછીના સમયે તે ઘડો બે વર્ષ અને બે સમય જેટલો જુનો બને છે. એ પ્રમાણે બીજા પણ રૂપ આદિના અનેક સૂક્ષ્મ ફેરફારો પ્રત્યેક સમયે થયા કરે છે. તે ફેરફારો અત્યંત સૂક્ષ્મ હોવાથી આપણા ખ્યાલમાં આવતા નથી. જ્યારે કોઈ સ્થૂલ

પરિવર્તન થાય છે ત્યારે જ આપણા ખ્યાલમાં આવે છે. આમ પ્રત્યેક સમયે ઘટમાં પરિવર્તન થવા છતાં ઘટ દ્રવ્ય રૂપે કાયમ રહે છે. આ પ્રમાણે દરેક વસ્તુમાં ઘટના થઇ શકે.

[ सदसद्वा भवतीत्यन्यथा– ] જો ઉત્પાદાદિ ત્રણેનો સ્વીકાર કરવામાં ન આવે (=ત્રણમાંથી કોઇ પણ એક કે બેનો જ સ્વીકાર કરવામાં આવે) તો સત્ અસત બની જાય અથવા અસત્ સત્ બની જાય.

[ अर्पितानर्पितविशेषात् ] પ્રશ્ન–જો વસ્તુમાં ઉત્પાદાદિ ત્રણે હોય તો, "જીવ ઉત્પન્ન થયો, ઘટ નાશ પામ્યો, આત્મા અજર અમર છે" આમ કેવળ ઉત્પત્તિ, કેવળ નાશ કે કેવળ સ્થિરતાના સૂચક વાક્યો ખોટાં ને?

ઉત્તરઃ–એ વાક્યો જરાય અસત્ય નથી. દરેક વસ્તુમાં ઉત્પાદાદિ ત્રણે ધર્મો હોવા છતાં વ્યવહારમાં આપણને જે ધર્મની અપેક્ષા (=વિવક્ષા) હોય તે ધર્મને અર્પિત=પ્રધાન બનાવીને વાણીનો પ્રયોગ કરીએ છીએ; અને જે ધર્મોની અપેક્ષા (=વિવક્ષા) નથી તે ધર્મોને અનર્પિત (=ગૌણ) બનાવીએ છીએ.

મનુષ્ય ઉત્પન્ન થયો એ વાક્યમાં વક્તાની જીવના મનુષ્ય રૂપ પર્યાયની વિવક્ષા હોવાથી વિનાશ અને

સ્થૈર્યને ગૌણ કરીને ઉત્પત્તિ ધર્મને આગળ કરવામાં આવ્યો છે. આ પ્રમાણે દરેક વાકયો સાપેક્ષ હોય છે.

વસ્તુમાં અનેક ધર્મો હોય છે. જે વખતે જે ધર્મની અપેક્ષા હોય છે તે વખતે તે ધર્મને પ્રધાન બનાવીને (=આગળ કરીને) વ્યવહાર કરવામાં આવે છે. દા. ત. એક વ્યક્તિ પિતા પણ છે અને પુત્ર પણ છે. આથી તે વ્યક્તિમાં પિતૃત્વ અને પુત્રત્વ આ બે પરસ્પર વિરુદ્ધ ધર્મો રહેલા છે. તેમાંથી ક્યારેક પિતૃત્વ ધર્મને આગળ કરીને તેને પિતા કહેવામાં આવે છે. ક્યારેક પુત્રત્વ ધર્મને આગળ કરીને તેને પુત્ર કહેવામાં આવે છે. જ્યારે તે વ્યક્તિની ઓળખાણ કરાવવામાં આવે છે ત્યારે કેટલાક લોકો તેના પિતાને ઓળખતા હોવાથી આ અમુક વ્યક્તિનો પુત્ર છે એમ કહીને તેની ઓળખાણ કરાવવામાં આવે છે. જ્યારે કેટલાક તેના પિતાને ઓળખતા નથી, પણ પુત્રને ઓળખે છે. આથી તેમને આ અમુક વ્યક્તિનો પિતા છે એમ કહીને તેની ઓળખાણ કરાવવામાં આવે છે. આમ પ્રત્યેક વસ્તુમાં પ્રત્યેક ક્ષણે અનેક ધર્મો (=પર્યાયો) રહેલા હોય છે, પણ વ્યવહાર તો કોઈ વિવક્ષિત એકાદિ પર્યાયથી જ થાય છે

**અર્થાંતર—**

આ ગાથાનો ઉક્ત અર્થ નાની ટીકાના આધારે કરવામાં આવ્યો છે. મોટી ટીકામાં આ ગાથાનો અર્થ જુદી રીતે કરવામાં આવ્યો છે. મોટી ટીકાની દૃષ્ટિએ આ ગાથામાં સપ્તભંગીનું સૂચન કરવામાં આવ્યું છે. તે આ પ્રમાણે-

જે ઉત્પાદ-વિગમ-નિત્યત્વ રૂપ લક્ષણથી યુક્ત હોય તે સત્ છે, યુક્ત ન હોય તે અસત્ છે. આમ પૂર્વાર્ધમાં 'स्यादस्ति' 'स्यान्नास्ति' એ બે વિકલ્પો બતાવવામાં આવ્યા છે. 'सदसद् वा भवति' એ શબ્દોથી "स्यादस्ति स्यान्नास्ति" એ ત્રીજો વિકલ્પ બતાવવામાં આવ્યો છે. 'अन्यथाऽर्पिताऽनर्पितविशेषात्' એ શબ્દોથી બાકીના ચાર વિકલ્પોનું સૂચન કર્યું છે. બાકીના ચાર વિકલ્પો આ પ્રમાણે છે-(૪) स्यादवक्तव्यः (૫) स्यादस्ति अवक्तव्यश्च (૬) स्यान्नास्ति अवक्तव्यश्च (૭) स्यादस्ति स्यान्नास्ति अवक्तव्यश्च.

**સાત વિકલ્પોની ઘટના**:-દરેક વસ્તુ સ્વરૂપે સત્ છે એ દૃષ્ટિએ स्यादस्ति એમ પ્રથમ વિકલ્પ છે. દરેક વસ્તુ પરરૂપે નથી એ દૃષ્ટિએ स्यान्नास्ति એમ બીજો વિકલ્પ છે. ઉક્ત બંને વાક્યોને ભેગા

કરવાથી (=એક વાક્ય કરવાથી) સ્યાદસ્તિ સ્યાન્નાસ્તિ એમ ત્રીજો વિકલ્પ બને છે. ત્રીજા વિકલ્પથી ક્રમશઃ સત્ત્વનું અને અસત્ત્વનું પ્રતિપાદન થાય છે. ત્રીજો વિકલ્પ પૂર્વના બે વિકલ્પોના સરવાળા રૂપ હોવાથી પૂર્વના બે વિકલ્પોથી થયેલ સમજ ત્રીજા વિકલ્પથી દૃઢ બને છે.

કોઈ એમ કહે કે વસ્તુ અપેક્ષાએ સત્ છે અને અપેક્ષાએ અસત્ છે એ સિદ્ધાંત ક્રમ વિના એકી સાથે સમજાવો; તો કહેવું પડે કે, તે સિદ્ધાંત એકી સાથે કહી શકાય તેમ નથી. કારણ કે સત્ત્વ અને અસત્ત્વ એકી સાથે કહી શકાય તેવો એક પણ શબ્દ નથી. આથી સ્યાદવક્તવ્યઃ (-સત્ત્વ અને અસત્ત્વ એકી સાથે કહી શકાય તેમ નથી) એમ ચોથો વિકલ્પ બને છે.

અથવા કોઈ પણ વસ્તુને પરપર્યાયોથી અને સ્વપર્યાયોથી એકી સાથે વિચારવામાં આવે તો તેને સત્ પણ ન કહેવાય અને અસત્ પણ ન કહેવાય. આથી જ્યારે એકી સાથે વિરુદ્ધ બે ધર્મોની વિવક્ષા કરવામાં આવે ત્યારે વસ્તુ કેવી છે તે વચનથી કહી શકાય તેમ ન હોવાથી અવક્તવ્ય છે. આ દૃષ્ટિએ પણ 'સ્યાદવક્તવ્યઃ' એમ ચોથો વિકલ્પ બને છે.

જ્યારે સ્વરૂપે તથા એકી સાથે સ્વ–પર ઉભય રૂપે વિવક્ષા કરવામાં આવે ત્યારે स्यादस्ति स्यादवक्तव्यः (અપેક્ષાએ–સ્વરૂપે વસ્તુ છે અને અપેક્ષાએ–સ્વપર ઉભય રૂપે વસ્તુ કેવી છે તે કહી શકાય તેમ નથી) એમ પાંચમો વિકલ્પ બને છે.

જ્યારે પર રૂપે અને સ્વ–પર ઉભય રૂપે વિવક્ષા કરવામાં આવે ત્યારે स्यान्नास्ति स्यादवक्तव्यश्च (પર રૂપે વસ્તુ નથી, એકી સાથે સ્વ–પર ઉભયરૂપે વસ્તુ અવક્તવ્ય છે.) એમ છઠ્ઠો વિકલ્પ થાય છે.

જ્યારે ક્રમશ: સ્વરૂપે અને પરરૂપે તથા એકી સાથે સ્વ–પર ઉભય રૂપે વિવક્ષા કરવામાં આવે ત્યારે स्यादस्ति स्यान्नास्ति स्यादवक्तव्यश्च (સ્વરૂપે છે, પરરૂપે નથી; એકી સાથે સ્વપર ઉભયરૂપે અવક્તવ્ય છે.) એ પ્રમાણે સાતમો વિકલ્પ બને છે.

આ પ્રમાણે દરેક વસ્તુમાં પરસ્પર વિરુદ્ધ છતાં ભિન્ન ભિન્ન અપેક્ષાએ સિદ્ધ થતા નિત્યત્વ–અનિત્યત્વ, એકત્વ–અનેકત્વ વગેરે ધર્મ યુગ્મને આશ્રયીને વિધિ અને પ્રતિષેધથી સાત સાત વિકલ્પો (=ભંગો) થાય છે. આ સાત ભંગોને સપ્તભંગી કહેવામાં આવે છે.

**योऽर्थो यस्मिन्नाभूत्, साम्प्रतकाले च दृश्यते तत्र ।**
**तेनोत्पादस्तस्य, विगमस्तु तस्माद्विपर्यासः ॥२०५॥**

---

**ઉત્પાદ-વિનાશની વ્યાખ્યા—**

[૨૦૫] જે વસ્તુમાં જે વસ્તુ (=પર્યાય) પૂર્વે ન હતી અને વર્તમાનકાળે (તે વસ્તુમાં) દેખાય છે; તે વસ્તુનો તે રૂપે ઉત્પાદ (ઉત્પત્તિ) થાય છે. ઉત્પાદથી વિપરીત રીતે વિનાશ થાય છે. અર્થાત્ જે વસ્તુમાં જે વસ્તુ પૂર્વે હતી અને વર્તમાન કાળે (તેમાં) દેખાતી નથી, તે વસ્તુનો તે રૂપે વિનાશ થાય છે.

જેમ કે-તાકા રૂપે રહેલા કાપડમાં પહેરવાનાં વસ્ત્રો નથી. દરજી તેમાંથી વસ્ત્રો બનાવે છે ત્યારે તે કાપડમાં જ વસ્ત્રો દેખાય છે. અર્થાત્ કાપડ જ વસ્ત્રરૂપે બની જાય છે. આથી કાપડની તે રૂપે (=વસ્ત્ર રૂપે) ઉત્પત્તિ થાય છે. તથા કાપડમાં પૂર્વે તાકાનો પર્યાય હતો, હવે તે દેખાતો નથી; આથી તેનો (=કાપડનો) તે રૂપે (=તાકારૂપે) વિનાશ થયો. આમ કાપડનો તાકા રૂપે નાશ થયો અને વસ્ત્રરૂપે ઉત્પાદ થયો.

ઉત્પાદ અને વિનાશ ત્રાજવાના બે પલ્લાની ઊંચાઈ અને નીચાઈની જેમ સહભાવી છે. એક પલ્લું

साम्प्रतकाले चानागते च यो यस्य भवति सम्बन्धी ।
तेनाविगमस्तस्येति स नित्यस्तेन भावेन ॥२०६॥

જે સમયે ઊંચું થાય તે સમયે બીજું પલ્લું નીચું થાય જ. એમ એક પલ્લું નીચું થાય તો બીજું ઊંચું થાય જ. એ પ્રમાણે એક પર્યાય વિનાશ પામે તે જ સમયે બીજો પર્યાય ઉત્પન્ન થાય જ. એક પર્યાય ઉત્પન્ન થાય તે જ સમયે બીજો પર્યાય અવશ્ય વિનાશ પામે. જૈન દર્શનમાં વિનાશ સર્વથા અભાવ રૂપ નથી, તથા સર્વથા અસત્‌ની ઉત્પત્તિ પણ થતી નથી. વિદ્યમાન વસ્તુ જ અમુક પર્યાય રૂપે નાશ પામીને પર્યાયાંતર રૂપે ઉત્પન્ન થાય છે.

**નિત્યત્વની (=સ્થિરતાની) વ્યાખ્યા—**

[૨૦૬] જે વસ્તુનું જે સ્વરૂપ ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રણે કાળમાં કાયમ રહે તે વસ્તુની તે રૂપે અવિગમ=નિત્યતા કે સ્થિરતા છે. આથી તે વસ્તુ તે રૂપે નિત્ય કહેવાય છે.

દા. ત. જીવ દેવ, મનુષ્ય, નારક વગેરે અનેક પર્યાયો પામે છે. પણ દરેક અવસ્થામાં આત્મારૂપે કાયમ રહે છે. કોઈ જીવ દેવ મટીને મનુષ્ય થયો છે અને પછી તિર્યંચ થશે; તો અહીં જીવનું ભૂત-

**धर्माधर्माकाशानि पुद्गलाः काल एव चाजीवाः ।**
**पुद्गलवर्जमरूपं, तु रूपिणः पुद्गलाः प्रोक्ताः ॥२०७॥**

---

કાળમાં (=દેવ અવસ્થામાં) આત્મસ્વરૂપ હતું અને વર્તમાનકાળમાં (=મનુષ્ય અવસ્થામાં) આત્મસ્વરૂપ છે અને ભવિષ્યમાં (=તિર્યંચ અવસ્થામાં) પણ આત્મસ્વરૂપ કાયમ રહેશે. આથી જીવ આત્મસ્વરૂપથી સ્થિર (=નિત્ય) છે.

**અજીવના ધર્મનો નિર્દેશ—**

[૨૦૭] ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ, પુદ્ગલ, અને કાલ એ પાંચ અજીવ દ્રવ્ય છે. પુદ્ગલ સિવાયનાં ચાર દ્રવ્યો અરૂપી (=રૂપરહિત) છે. પુદ્ગલ રૂપી છે.

પુદ્ગલમાં રૂપ ઉપરાંત રસ, ગંધ અને સ્પર્શ એ ત્રણ ગુણો પણ અવશ્ય હોય છે. આ ચાર ગુણો ન હોય તેવું કોઇ પુદ્ગલ દ્રવ્ય નથી. શેષ ચારેય દ્રવ્યોમાંએ ચારેય ગુણોનો અભાવ હોય છે.

**ધર્માસ્તિકાયઃ**–ગતિમાં પ્રવૃત્ત જીવ અને પુદ્ગલને ગતિમાં સહાય કરનાર દ્રવ્ય. માછલીને ગતિ કરવામાં પાણી સહાય કરે છે તેમ.

द्वयादिप्रदेशवन्तो, यावदनन्तप्रदेशकाः स्कन्धाः ।
परमाणुरप्रदेशो, वर्णादिगुणेषु भजनीयः ॥२०८॥

---

અધર્માસ્તિકાય:-જીવ અને પુદ્ગલને સ્થિતિમાં સહાયક.

આકાશ:—સર્વ દ્રવ્યોને અવગાહ-જગ્યા આપનાર.

પુદ્ગલ:-રૂપ, રસ, ગંધ અને સ્પર્શ એ ચાર ગુણો જેમાં હોય તે.

કાલ:-જુનું-નવું, નાનું-મોટું વગેરે વ્યવહારનું કારણ.

## પુદ્ગલ દ્રવ્યની વિશેષતાઓ—

[ ૨૦૮ ] બે પ્રદેશવાળા, ત્રણ પ્રદેશવાળા, ચાર પ્રદેશવાળા........એમ વધતાં વધતાં છેક અનંત પ્રદેશવાળા સ્કંધો હોય છે. પરમાણુ પ્રદેશથી રહિત છે. પરમાણુમાં રૂપાદિ ગુણોનું પ્રમાણ અનિયત હોય છે.

પુદ્ગલ દ્રવ્યના અનેક ભેદ છે. તેમાં મુખ્ય બે ભેદ છે. (૧) પરમાણુ અને (૨) સ્કંધ.

પરમાણુ એટલે પુદ્ગલનો છેલ્લામાં છેલ્લો અંશ. માટે જ તેને પરમ(=અંતિમ) અણુ (=અંશ)=પરમાણુ કહેવામાં આવે છે. આમ પરમાણુ પુદ્ગલ અવિભાજ્ય (=જેના કેવલી પણ બે વિભાગ ન કરી શકે તેવો) અંતિમ વિભાગ છે. એનાથી નાનો વિભાગ હોતો જ નથી. એના આદિ, મધ્ય અને અંત પણ એ પોતે જ છે. એ અબદ્ધ (=છૂટો) જ હોય છે.

પરમાણુ પ્રદેશથી રહિત હોય છે. પ્રદેશ એટલે વસ્તુ સાથે પ્રતિબદ્ધ વસ્તુનો નાનામાં નાનો અંશ. પરમાણુ પણ નાનામાં નાનો અંશ છે, પણ તે અન્ય વસ્તુ સાથે પ્રતિબદ્ધ નથી=છૂટો છે, આથી તેને પ્રદેશ ન કહેવાય. તથા તેની સાથે બીજા નાનામાં નાના અંશો પ્રતિબદ્ધ ન હોવાથી તે પ્રદેશોથી રહિત છે.

પરમાણુ જો સ્કંધમાં ભળી જાય તો વસ્તુ સાથે પ્રતિબદ્ધ થવાથી પ્રદેશ રૂપ બની જાય. હવે જો સ્કંધમાંથી કોઇ એક પ્રદેશ=અંતિમ અંશ છૂટો પડી જાય તો તે પ્રદેશ પરમાણુ રૂપ બની જાય છે. આમ પરમાણુ અને પ્રદેશ એ બંને નાનામાં નાના અંતિમ અંશ રૂપ છે. નાનામાં નાનો અંતિમ અંશ જો છૂટો હોય તો તે પરમાણુ કહેવાય, અને વસ્તુ સાથે પ્રતિબદ્ધ હોય તો પ્રદેશ કહેવાય. પ્રદેશ અને પર-

માણુમાં આ જ (પ્રતિબદ્ધતાનો અને અપ્રતિબદ્ધતાનો) તફાવત છે.

પરમાણુમાં રૂપાદિ ચારે ગુણો અવશ્ય હોય છે. પણ કેટલે અંશે હોય છે એ નિયત નથી. અર્થાત્ રૂપાદિ અમુક જ પ્રમાણુમાં હોય છે એવું નથી. વધારે ઓછા થયા કરે છે. દા. ત. કોઇ એક પરમાણુમાં વર્તમાન સમયમાં જેટલો રસ છે, બીજા સમયમાં રસ એનાથી ઓછો થઈ જાય કે વધી પણ જાય. આથી પરમાણુમાં ક્યારે કેટલા અંશે રૂપાદિ હોય તે ચોક્કસ કહી શકાય નહીં.

સ્કંધ એટલે પરસ્પર જોડાયેલા પરમાણુઓનો જથ્થો.

આપણે જોઇ ગયા કે પરમાણુ જ જયારે બીજાની સાથે જોડાઈ જાય છે ત્યારે પ્રદેશરૂપ બની જાય છે. એટલે સ્કંધમાં કેટલા પ્રદેશો છે એનો આધાર સ્કંધમાં રહેલા પરમાણુ ઉપર છે. જે સ્કંધમાં બે પરમાણુ હોય તે સ્કંધ બે પ્રદેશવાળો છે. જે સ્કંધમાં ત્રણ પરમાણુ હોય તે સ્કંધ ત્રણ પ્રદેશવાળો છે........ એમ જે સ્કંધમાં અનંતા પરમાણુ હોય તે સ્કંધ અનંત પ્રદેશવાળો છે.

**भावे धर्माधर्मा–म्बरकालाः पारिणामिके ज्ञेयाः ।**
**उदयपरिणामि रूपं, तु सर्वभावानुगा जीवाः ॥२०९॥**

**દ્રવ્યોમાં ભાવની વિચારણા—**

[૨૦૯] ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાલ એ ચાર દ્રવ્યો પારિણામિક ભાવે રહેલા છે. રૂપ=પુદ્ગલદ્રવ્ય ઔદયિક અને પારિણામિક ભાવે રહેલ છે. જીવો યથાસંભવ એ આદિ સર્વ ભાવવાળા છે.

પારિણામિકભાવઃ–દ્રવ્યોનો અનાદિ પરિણામ=સ્વાભાવિક સ્વરૂપ.

ઔદયિકભાવઃ– અજીવ દ્રવ્યોનો સાદિ પરિણામ=સ્વરૂપ.

ધર્માસ્તિકાય આદિ ચાર દ્રવ્યો સંસારની જેમ અનાદિ હોવાથી તેમનો પરિણામ પણ અનાદિ છે. આથી તે પારિણામિક ભાવે છે. અર્થાત્ ધર્માસ્તિકાય આદિ ચાર દ્રવ્યો અનાદિકાળથી રહેલાં છે.

પુદ્ગલોનો પરમાણુરૂપ પરિણામ અનાદિ છે. આથી પરમાણુદ્રવ્ય પારિણામિક ભાવે છે. ઇંદ્રધનુષ આદિ તથા દ્વયણુકાદિ સ્કંધ રૂપ પરિણામ આદિ

जीवाजीवा द्रव्यमिति षड्विधं भवति लोक-
पुरुषोऽयम् ।
[50]वैशाखस्थानस्थः, पुरुष इव कटिस्थकरयुग्मः॥२१०॥

હોવાથી તે ઔદયિક ભાવે છે.

પરમાણુ અને સ્કંધ એ બંનેના રૂપ-રસાદિ પરિણામ ઔદયિક છે. યદ્યપિ રૂપ-રસાદિ પરિણામ પુદ્ગલની જેમ અનાદિ છે, પણ તેમાં હાનિ-વૃદ્ધિ થયા કરે છે એ દૃષ્ટિએ સાદિ છે.

જીવોના ભાવ વિષે ૧૯૬મી ગાથામાં વિવેચન થઈ ગયું છે.

લોકનું સ્વરૂપ—

[૨૧૦] આ પ્રમાણે જીવ અને અજીવ દ્રવ્યો મળીને કુલ છ દ્રવ્યો એ જ લોક છે=આ છ દ્રવ્યો મળીને લોક કહેવાય છે. અર્થાત્ જેટલા ક્ષેત્રમાં આ છ દ્રવ્યો રહેલાં છે તેટલા ક્ષેત્રની લોકસંજ્ઞા છે. લોકનો આકાર બે પગ પહોળા કરીને અને

૫૦ વૈશાખ સ્થાન એ ધનુર્ધારીઓનું એક પ્રકારનું આસન છે. તેમાં ધનુર્ધારીઓ બંને પગ વચ્ચે એક વેંતનું અંતર રાખીને ઊભા રહે છે.

तत्राधोमुखमल्लक–संस्थानं वर्णयन्त्यधोलोकम् ।
स्थालमिव च तिर्यग्–लोकमूर्ध्वमथ मल्लकसमुद्गम् ॥
॥ २११ ॥

બંને હાથ બંને બાજુએ કેડ ઉપર રાખીને ઉભા રહેલા પુરુષના જેવો હોવાથી તેને લોકપુરુષ કહેવામાં આવે છે.

[૨૧૧] લોકના મુખ્ય ત્રણ વિભાગ છે. (૧) અધોલોક, (૨) તિર્છાલોક, (૩) ઊર્ધ્વલોક. અધો-લોક ઊંધા મૂકેલા શકોરાના આકારે છે. તિર્યગ્લોક થાળીના આકારે છે. ઊર્ધ્વલોક પ્રથમ ઊર્ધ્વમુખ (સીધું) અને તેની ઉપર અધોમુખ (ઊંધું) એ પ્રમાણે રહેલા બે શકોરાના આકારે છે, અર્થાત્ પ્રારંભમાં સીધા શકોરાના આકારે અને પછી ઊંધા શકોરાના આકારે છે.

અધોલોકના તળિયાનો વિસ્તાર સાત રજ્જુ છે. ત્યાંથી જેમ જેમ ઉપર જઈએ તેમ તેમ વિસ્તાર ક્રમશ: ઘટતો જાય છે. ક્રમશઃ ઘટતાં ઘટતાં તિર્ય-ગ્લોકમાં એક રજ્જુ જેટલો વિસ્તાર રહે છે. ત્યાર બાદ ઉપર જતાં વિસ્તાર. ક્રમશઃ વધતો જાય છે. વધતાં વધતાં ઊર્ધ્વલોકના મધ્ય ભાગમાં પાંચ રજ્જુ

**सप्तविधोऽधोलोक–स्तिर्यग्लोको भवत्यनेकविधः ॥
पञ्चदशविधानः पुन–रूर्ध्वलोकः समासेन ॥२१२॥**

---

પ્રમાણુ વિસ્તાર થાય છે. ત્યાર બાદ ક્રમશઃ ઘટતાં ઘટતાં છેક ઉપરનો વિસ્તાર એક રજ્જુ જેટલો રહે છે.

[૨૧૨] અધોલોકના સાત પ્રકાર છે. તિર્યગ્લોકના અનેક પ્રકાર છે. ઊર્ધ્વલોકના સંક્ષેપથી ૧૫ પ્રકાર છે.

અધોલોકમાં ક્રમશઃ રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા, મહાતમઃપ્રભા એ સાત પૃથ્વીઓ છે. એ સાત પૃથ્વીઓથી તેના સાત ભેદ છે.

તિર્યગ્લોકમાં જંબૂદ્વીપ–લવણુસમુદ્ર વગેરે દ્વીપ-સમુદ્રોનો તથા જ્યોતિષ્કદેવો વગેરેનો સમાવેશ થાય છે.

ઊર્ધ્વલોકના ૧૫ ભેદોઃ–વૈમાનિક દેવલોકના ૧૨ ભેદ, નવગ્રૈવેયકનો ૧ ભેદ, પાંચ અનુત્તરનો ૧ ભેદ, સિદ્ધશિલાનો ૧ ભેદ.

**लोकालोकव्यापक–माकाशं मर्त्यलौकिकः कालः ।**
**लोकव्यापि चतुष्टय–मवशेषं त्वेकजीवो वा ॥२१३॥**
**धर्माधर्माकाशान्येकैकमतः परं त्रिकमनन्तम् ।**
**कालं विनास्तिकाया, जीवमृते चाप्यकर्तृणि ॥२१४॥**

**ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોની સ્થિતિમર્યાદા—**

[૨૧૩] આકાશ લોક અને અલોકમાં વ્યાપક છે. કાળ અઢીદ્વીપપ્રમાણ મનુષ્યક્ષેત્રમાં છે. બાકીના ચાર દ્રવ્યો લોકવ્યાપક છે=સંપૂર્ણ લોકમાં રહેલા છે. [૫૧]એક જીવ અવશેષભાગમાં=લોકના બાકીના અસંખ્યાતમા ભાગ આદિમાં રહેલ છે, તથા(કેવળી-સમુદ્ઘાતકાળે) સંપૂર્ણ લોકવ્યાપી પણ છે.

**પ્રત્યેક દ્રવ્યની સંખ્યા વગેરે—**

[૨૧૪] ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ

૫૧ જેમ ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય એક જ દ્રવ્ય લોકવ્યાપી છે, તેમ જીવ અને પુદ્ગલ એક જ દ્રવ્ય લોકવ્યાપી નથી, કિંતુ અનંતા સૂક્ષ્મ જીવોની તથા અનંતા સૂક્ષ્મ પુદ્ગલોની અપેક્ષાએ લોકવ્યાપી છે. અથવા ક્યારેક (કેવળીસમુદ્ઘાતકાળે) એક જીવ પણ લોકવ્યાપી બને છે. તથા ક્યારેક એક જ પુદ્ગલદ્રવ્ય (–અચિત્ત મહાસ્કંધ) લોકવ્યાપી બને છે.

એ ત્રણ દ્રવ્યો એક એક છે. બાકીના કાલ, પુદ્ગલ અને જીવ એ ત્રણ દ્રવ્યો અનંત છે. કાલ સિવા-યના પાંચ દ્રવ્યો અસ્તિકાય=પ્રદેશના સમૂહરૂપ છે. જીવ સિવાયના પાંચ દ્રવ્યો અકર્તા છે=શુભાશુભ કર્મના કર્તા નથી; માત્ર જીવદ્રવ્ય જ શુભાશુભ કર્મ કરે છે.

જેમ એક જીવ, બે જીવ.... એમ જીવોની સંખ્યા અનેક = અનંત છે, તેમ એક ધર્માસ્તિકાય બે ધર્માસ્તિકાય.... એમ ધર્માસ્તિકાય આદિની એકથી વધારે સંખ્યા નથી. એક જ ધર્માસ્તિકાય અને એક જ અધર્માસ્તિકાય સંપૂર્ણ લોકમાં રહેલ છે. સર્વત્ર રહેલ આકાશ પણ એક જ છે.

પ્રશ્ન:- જો આકાશ એક જ છે તો તેના લોકા-કાશ અને અલોકાકાશ એવા બે ભેદ કેમ છે?

ઉત્તર:- આકાશ એક હોવા છતાં ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયની સ્થિતિની અપેક્ષાએ તેના બે ભેદ છે. જેટલા ક્ષેત્રમાં ધર્માસ્તિકાય આદિ છે તેટલા ક્ષેત્રમાં રહેલા આકાશને લોકાકાશ અને બાકીના આકાશને અલોકાકાશ કહેવામાં આવે છે.

કાલ દ્રવ્ય અતીત આદિ અનંત સમયોની અપેક્ષાએ અનંત છે.

**धर्मो गतिस्थितिमतां, द्रव्याणां गत्युपग्रहविधाता ।**
**स्थित्युपकृच्चाऽधर्मो-ऽवकाशदानोपकृद् गगनम् ।२१५।**

---

અસ્તિ=પ્રદેશ. કાય=સમૂહ. જેમાં પ્રદેશોનો સમૂહ હોય તે અસ્તિકાય. પ્રદેશ એટલે (વસ્તુ સાથે પ્રતિબદ્ધ) વસ્તુનો છેલ્લામાં છેલ્લો અંતિમ સૂક્ષ્મ અંશ. આવા પ્રદેશો ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, અને જીવ એ ત્રણમાં અસંખ્ય છે. લોકાકાશમાં અસંખ્ય છે. અલોકાકાશમાં અનંત છે. પુદ્ગલ દ્રવ્યમાં યથાસંભવ સંખ્યાત, અસંખ્યાત અને અનંત હોય છે. આથી ધર્માસ્તિકાય આદિ દ્રવ્યો અસ્તિકાય કહેવાય છે.

**ધર્માસ્તિકાય આદિનું કાર્ય—**

[૨૧૫] ધર્માસ્તિકાય ગતિમાં પ્રવૃત્ત જીવ અને પુદ્ગલને ગતિમાં, અધર્માસ્તિકાય સ્થિર રહેતા જીવ અને પુદ્ગલને સ્થિરતામાં ઉપગ્રહ=મદદ કરે છે. આકાશ સર્વ દ્રવ્યોને અવકાશ=જગ્યા આપે છે.

જેમ માછલીમાં ચાલવાની અને સ્થિર રહેવાની શક્તિ હોવા છતાં તેને ચાલવામાં અને સ્થિર રહેવામાં પાણીની સહાયતા જોઇએ છે, ચક્ષુમાં જોવાની શક્તિ હોવા છતાં પ્રકાશની અપેક્ષા રહે છે, તેમ જીવ અને પુદ્ગલમાં ગતિ અને સ્થિતિ કરવાની

स्पर्शरसगन्धवर्णाः, शब्दो बन्धश्च सूक्ष्मता स्थौल्यम् ।
संस्थानं भेदतम–श्छायोद्योतातपाश्चेति ॥२१६॥
कर्मशरीरमनोवाग्-विचेष्टितोच्छ्वासदुःखसुखदाः स्युः
जीवितमरणोपग्रहकराश्च संसारिणः स्कन्धाः॥२१७॥

---

શક્તિ હોવા છતાં ગતિ કરવામાં અને સ્થિતિ કરવામાં તેમને અનુક્રમે ધર્માસ્તિકાયની અને અધર્માસ્તિકાયની સહાય લેવી પડે છે. ધર્માસ્તિકાય વિના ગતિ ન થઈ શકે અને અધર્માસ્તિકાય વિના સ્થિતિ ન થઈ શકે.

પુદ્ગલ દ્રવ્યનું કાર્ય—

[૨૧૬–૨૧૭] સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, શબ્દ, બંધ, સૂક્ષ્મતા, સ્થૂલતા, સંસ્થાન, ભેદ, અંધકાર, છાયા, ઉદ્યોત અને આતપ એ સર્વ પુદ્ગલનો ઉપકાર=પરિણામ કે ધર્મ છે.

સંસારી જીવોના કર્મ (જ્ઞાના૦ આદિ), શરીર, મન(-વિચારો), વાણી, વિવિધ વ્યાપાર, ઉચ્છ્વાસ, દુઃખ, સુખ, જીવન અને મરણ એ સઘળાં કાર્યો સ્કંધ રૂપ પુદ્ગલદ્રવ્યના યોગે થાય છે.

(૧ થી ૪) સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ એ ચાર દરેક પુદ્‌ગલમાં રહેનાર ધર્મો છે.

(૫) વ્યક્ત કે અવ્યક્ત સર્વ પ્રકારના શબ્દો પુદ્‌ગલરૂપ છે. આજના વિજ્ઞાનવાદમાં આ હકીકત સુચારુ સિદ્ધ બની છે.

(૬) બંધ એટલે પરસ્પર બે વસ્તુઓનો સંયોગ=મીલન.

(૭) સૂક્ષ્મતા=સૂક્ષ્મપણું. (૮) સ્થૂલતા=જાડાપણું. (૯) સંસ્થાન=આકૃતિ. (૧૦) ભેદ=એક વસ્તુના ભાગ પાડવા.

બંધથી સંસ્થાન સુધીના છ ધર્મો પુદ્‌ગલમાં જ થતા હોવાથી પુદ્‌ગલના જ ધર્મો છે.

(૧૧) અંધકાર એ કાળા રંગે પરિણમેલા પુદ્‌ગલોનો સમૂહ છે, નહિ કે પ્રકાશના અભાવ રૂપ. આથી જ જેમ અન્ય વસ્તુથી દૃષ્ટિનો પ્રતિબંધ થાય છે તેમ અંધકારથી પણ દૃષ્ટિનો પ્રતિબંધ થાય છે. (૧૨) છાયા બે પ્રકારની છે. તદ્‌વર્ણપરિણતછાયા અને આકૃતિરૂપ છાયા. આરિસા આદિમાં પ્રતિબિંબ એ તદ્‌વર્ણપરિણત છાયા છે અને શરીરનો પડછાયો વગેરે આકૃતિરૂપ છાયા છે. (૧૩) ચંદ્ર, મણિ,

અગ્નિ, દીપક વગેરેનો પ્રકાશ ઉદ્યોત છે. (૧૪) સૂર્યનો પ્રકાશ આતપ છે. આતપ ઉષ્ણતાવાળા શ્વેતરંગે પરિણમેલા પુદ્ગલોનો જથ્થો છે. ઉદ્યોત અને પ્રકાશ એ બંને પ્રકાશ સ્વરૂપ છે. ઉષ્ણ પ્રકાશને આતપ અને અનુષ્ણ પ્રકાશને ઉદ્યોત કહેવામાં આવે છે. શબ્દથી આતપ સુધીના પદાર્થો સ્કંધરૂપ પુદ્ગલના પર્યાયો છે.

(૧૫ થી ૧૮) જ્ઞાનાવરણીયાદિ કર્મ, શરીર, મન અને વચન એ ચાર સ્વયં પુદ્ગલ રૂપ જ છે.

(૧૯) વિવિધ વ્યાપાર=લેવું મૂકવું વગેરે ક્રિયાઓ પુદ્ગલની સહાયથી જ થાય છે.

(૨૦) શ્વાસોચ્છ્વાસ પણ સ્વયં પુદ્ગલ સ્વરૂપ જ છે.

(૨૧–૨૨) સુખ-દુઃખનો અનુભવ પુદ્ગલના યોગથી (કર્મના કે ઈષ્ટ અનિષ્ટ વસ્તુના સંયોગથી) થાય છે.

(૨૩–૨૪) જીવન અને મરણ પણ પુદ્ગલની (આયુષ્ય કર્મની કે ઘી-દૂધ આદિ અને વિષ આદિની) સહાયથી થાય છે.

સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ એ ચાર ધર્મો પરમાણુ અને સ્કંધ એ બંને પ્રકારના પુદ્દગલમાં રહે છે. શબ્દથી આરંભી આતપ સુધીના ધર્મો=પર્યાયો પરમાણુઓમાં હોતા નથી, માત્ર સ્કંધોમાં જ હોય છે. સ્કંધોમાં પણ હરેક સ્કધોમાં હોય જ એવો નિયમ નથી.

કર્મ, શરીર, મન(-વિચાર), વાણી અને શ્વાસો-ચ્છ્વાસ એ પાંચ તથા શેષ ક્રિયા આદિ પાંચ એ દશેય પુદ્દગલોનો જ ઉપકાર=કાર્ય હોવા છતાં બંનેના ઉપકારમાં તફાવત છે.

કર્મ આદિ ઉપકારમાં=કાર્યમાં પુદ્દગલો પોતેજ કાર્યરૂપે બની જાય છે. જ્યારે ક્રિયા આદિ કાર્યમાં પુદ્દગલો પોતે જ ક્રિયા આદિ રૂપે બની જતા નથી, કિન્તુ ક્રિયા આદિમાં મદદ કરે છે. જેમ કે, ઘટ બનાવવામાં માટી અને દંડ બંનેનો ઉપકાર છે, છતાં તે બંનેના ઉપકારમાં ભેદ છે. માટી પોતે જ ઘટ રૂપે બનીને ઉપકાર કરે છે. દંડ પોતે ઘટ રૂપે નથી બનતો, કિંતુ સ્વતંત્ર અલગ રહીને ઘટ બનાવવામાં સહાયતા કરે છે. પ્રસ્તુતમાં કર્મ આદિ પાંચમાં ઘડામાં માટીના જેવો અને ક્રિયા આદિમાં ઘડામાં દંડના જેવો પુદ્દગલોનો ઉપકાર છે.

**परिणामवर्तनाविधि–परापरत्वगुणलक्षणः कालः ।
सम्यक्त्वज्ञानचारित्रवीर्यशिक्षागुणा जीवाः ॥२१८॥**

---

**કાળ તથા જીવનો ઉપકાર—**

[૨૧૮] પરિણામ, વર્તના, પરત્વ, અને અપરત્વ એ કાલનો ઉપકાર=કાર્ય છે. આથી પરિણામ આદિ કાલનું લક્ષણ છે=કાલને બતાવનાર છે.

(૧) પરિણામ=દ્રવ્યોમાં થતો ફેરફાર. જેમકે શીત આદિ ઋતુમાં ફેરફાર. બાલ્યાવસ્થા, યુવાવસ્થા આદિ અવસ્થાના ફેરફારો, નવામાંથી જૂનું વગેરે.

(૨) વર્તના=વર્તવું–હોવું તે. યદ્યપિ દ્રવ્યો સ્વયં વર્તેલા (=રહેલા) છે, પણ તેમાં કાળ નિમિત્ત છે.

(૩) પરત્વ–અપરત્વઃ– નાનું મોટું કે જૂનું નવું વગેરે. જેમકે ૧૬ વર્ષના યુવાનની અપેક્ષાએ ૨૦ વર્ષનો યુવાન મોટો છે અને ૨૦ વર્ષના યુવાનની અપેક્ષાએ ૧૬ વર્ષનો યુવાન નાનો છે.

આ વસ્તુ નવી છે અને આ વસ્તુ જૂની છે એવો વ્યવહાર પણ કાળના યોગે થાય છે.

સમ્યક્ત્વ, જ્ઞાન, ચારિત્ર, વીર્ય અને શિક્ષા–એ જીવોના ગુણો (=ઉપકાર) છે.

पुद्‌गलकर्म शुभं यत्, तत्पुण्यमिति जिनशासने दृष्टम्।
यदशुभमथ तत्पापमिति भवति सर्वज्ञनिर्दिष्टम् ॥
॥२१९॥

योगः शुद्धः पुण्यास्रवस्तु पापस्य तद्विपर्यासः।
वाक्कायमनोगुप्ति–र्निरास्रवः संवरस्तूक्तः ॥२२०॥

---

એક જીવ અન્ય જીવ ઉપર સમ્યગ્દર્શનાદિ ગુણોની પ્રાપ્તિ, વૃદ્ધિ કે રક્ષા આદિ દ્વારા ઉપકાર કરે છે.

વીર્ય=આત્મશક્તિ. શિક્ષા=લિપિ–અક્ષર આદિનું શિક્ષણ, અથવા ગ્રહણ અને આસેવન રૂપ શિક્ષા.

**પુણ્ય પાપની વ્યાખ્યા—**

[૨૧૯] શુભકર્મ પુણ્ય છે અને અશુભકર્મ પાપ છે એમ સર્વજ્ઞ ભગવંતોએ કહ્યું છે.

**આસ્રવ–સંવરની વ્યાખ્યા—**

[૨૨૦] મન, વચન અને કાયાની જિનાજ્ઞા પૂર્વક શુભ પ્રવૃત્તિ પુણ્યનો આસ્રવ છે=પુણ્યબંધનું કારણ છે અને અશુભ પ્રવૃત્તિ પાપનો આસ્રવ છે= પાપબંધનું કારણ છે. મન, વચન અને કાયાની ગુપ્તિથી સર્વ આસ્રવોનો નિરોધ એ સંવર છે.

**संवृततप उपधानन्तु निर्जरा कर्मसन्ततिर्बन्धः ।**
**बन्धवियोगो मोक्षस्त्विति संक्षेपान्नव पदार्थाः ॥२२१॥**

---

નિર્જરા-બંધ-મોક્ષની વ્યાખ્યા—

[૨૨૧] સંવરયુક્ત આત્માના પૂર્વે બંધાયેલાં કર્મોનો [૫૨] તપ અને ઉપધાન (યોગોદ્વહન) થી ક્ષય થવો એ નિર્જરા છે.

નવાં કર્મોનો પ્રવાહ એ બંધ છે, અર્થાત્ પૂર્વ પૂર્વ કર્મના યોગે નવાં નવાં કર્મોનો આત્માની સાથે ક્ષીરનીરવત્ સંબંધ તે બંધ છે.

અજ્ઞાન જીવોને પૂર્વ પૂર્વ કર્મનો ઉદય નવાં નવાં કર્મોનો બંધ કરાવે છે. આથી કર્મબંધનો પ્રવાહ ચાલ્યા કરે છે. આ કર્મબંધ પ્રવાહ જ મુખ્ય-બંધ (-સંસારનું કારણ) હોવાથી પ્રસ્તુત ગાથામાં કર્મપ્રવાહને બંધ કહ્યો છે.

કર્મબંધનો સંપૂર્ણ અભાવ= સઘળા કર્મોનો ક્ષય એ મોક્ષ છે.

---

૫૨ મોટી ટીકામાં તપને જ ઉપધાન (ઓસિકા) રૂપ કહેવામાં આવેલ છે.

**उपधानमिवोपधानं शिरोधरायाः सुखहेतुर्यथा तथा तपोऽपि जीवस्य सुखहेतुत्वादुपधानमुच्यते ।**

## (૧૫) મોક્ષસાધન અધિકાર

एतेष्वध्यवसायो, योऽर्थेषु विनिश्चयेन तत्त्वमिति ।
सम्यग्दर्शनमेतत्, तु तन्निसर्गादधिगमाद्वा ।२२२।
शिक्षागमोपदेश-श्रवणान्येकार्थिकान्यधिगमस्य ।
एकार्थः परिणामो, भवति निसर्गः स्वभावश्च ।२२३।

---

આ પ્રમાણે અહીં સંક્ષેપમાં નવતત્ત્વોનું સ્વરૂપ જણાવી દીધું.

### સમ્યગ્દર્શનનું સ્વરૂપ—

[૨૨૨] આ જીવાદિ તત્ત્વોમાં "પરમાર્થથી આ જ તત્ત્વો સત્ય છે" એવો ભાવ તે સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન ગુણ નિસર્ગ અને અધિગમ એમ બે રીતે પ્રગટ થાય છે.

### અધિગમ-નિસર્ગની વ્યાખ્યા—

[૨૨૩] શિક્ષા(=જિનોક્ત ક્રિયાઓનો અભ્યાસ), આગમ (=આગમનો અભ્યાસ), ઉપદેશશ્રવણ એ બધા શબ્દો અધિગમના એકાર્થક છે, અર્થાત્ એ સર્વ

સમ્યગ્દર્શન પ્રગટ થવાના અધિગમ=નિમિત્ત છે. પરિણામ, નિસર્ગ, સ્વભાવ એ ત્રણનો સમાન અર્થ છે.

અધિગમ એટલે બાહ્ય નિમિત્ત. કોઈને દેવદર્શન, ગુરુવંદન આદિ જિનોક્ત ક્રિયાઓ કરતાં કરતાં, કોઇને આગમનો અભ્યાસ કરતાં કરતાં, કોઇને ધર્મનો ઉપદેશ સાંભળતાં સાંભળતાં સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. કેટલાક જીવોને કોઈ પણ જાતના બાહ્ય નિમિત્ત વિના નિસર્ગથી=સ્વાભાવિક રીતે જ સમ્યગ્દર્શન ગુણ પ્રગટ થાય છે.

સમ્યગ્દર્શનની ઉત્પિત્તમાં બાહ્ય અને અંતરંગ એમ બે કારણો છે. આંતરિક શુભ પરિણામથી તીવ્ર રાગ–દ્વેષ રૂપ ગ્રંથિનો ભેદ એ અંતરંગ કારણ છે. દેવદર્શન, ગુરુવંદન, શાસ્ત્રશ્રવણ આદિ બાહ્ય કારણ છે.

જે જીવને દેવદર્શન આદિ બાહ્ય નિમિત્તદ્વારા આંતરિક શુભ પરિણામથી તીવ્ર રાગદ્વેષની ગ્રંથિનો ભેદ થાય તે જીવના સમ્યગ્દર્શનની ઉત્પત્તિ અધિગમથી=બાહ્ય નિમિત્તથી થઈ કહેવાય. જે જીવને બાહ્ય નિમિત્ત વિના જ આંતરિક શુભ પરિણામ થાય અને એના દ્વારા તીવ્ર રાગ–દ્વેષની ગ્રંથિનો ભેદ થાય તે

[53]एतत्सम्यग्दर्शन-मनधिगमविपर्ययौ [54]तु मिथ्यात्वम्
ज्ञानमथ पञ्चभेदं, तत्प्रत्यक्षं परोक्षं च ॥२२४॥
तत्र परोक्षं द्विविधं, श्रुतमाभिनिबोधिकं च विज्ञेयम् ।
प्रत्यक्षं त्ववधिमनः-पर्यायौ केवलं चेति ॥२२५॥

---

જીવના સમ્યગ્દર્શનની ઉત્પત્તિ નિસર્ગથી થઈ કહેવાય.

દરેક જીવને સમ્યગ્દર્શનની ઉત્પત્તિમાં આંતરિક કારણ તો જોઇએ જ, બાહ્ય કારણ હોય કે ન પણ હોય. બાહ્ય કારણ વિના કેવળ આંતરિક કારણથી સમ્યગ્દર્શનની ઉત્પત્તિ એ નિસર્ગથી છે. બાહ્ય કારણ દ્વારા આંતરિક કારણથી સમ્યગ્દર્શનની ઉત્પત્તિ એ અધિગમથી છે. નિસર્ગ અને અધિગમની વચ્ચે આ જ ભેદ છે.

**મિથ્યાત્વનુ સ્વરૂપ અને જ્ઞાનના પ્રકાર—**

[ ૨૨૪–૨૨૫ ] આ પ્રમાણે સમ્યગ્દર્શનની વાત કરી. અનધિગમ, વિપર્યય અને સંશય એમ ત્રણ પ્રકારે મિથ્યાત્વ છે.

અનધિગમ=તત્ત્વાર્થની શ્રદ્ધાનો અભાવ. વિપર્યય=અતત્ત્વમાં તત્ત્વબુદ્ધિ. સંશય=તત્ત્વમાં આ તત્ત્વ

---

૫૩ एतत्सम्यग्दर्शनं क्लेशतोऽभिहितम् ।

૫૪ तु शब्दात् संशयश्च ।

एषामुत्तरभेदविषयादिभिर्भवति विस्तराधिगमः ।
एकादीन्येकस्मिन् , भाज्यानि त्वाचतुर्भ्य इति॥२२६॥

હશે કે નહિ એવી શંકા.

જ્ઞાનના પાંચ પ્રકાર છે. પાંચ પ્રકારનું જ્ઞાન પ્રત્યક્ષ અને પરોક્ષરૂપ છે. મતિ અને શ્રુતજ્ઞાન પરોક્ષ છે. અવધિ, મનઃપર્યવ અને કેવળજ્ઞાન પ્રત્યક્ષ છે.

પરોક્ષ=ઇંદ્રિયો અને મનની સહાયથી થતું જ્ઞાન.

પ્રત્યક્ષ=ઇંદ્રિયો અને મનની સહાય વિના કેવળ આત્માથી થતું જ્ઞાન.

મતિ આદિ જ્ઞાનની વ્યાખ્યા ૧૯૫ મા શ્લોકમાં આવી ગઈ છે.

[૨૨૬] અહીં જ્ઞાનની સામાન્યથી વાત કરી. પાંચ જ્ઞાનના ઉત્તર ભેદો તથા તે તે જ્ઞાનનો વિષય વગેરે જાણવાથી જ્ઞાનનો વિસ્તારથી બોધ થાય છે. એક જીવમાં એકી સાથે એક, બે, ત્રણ કે ચાર જ્ઞાન હોઈ શકે.

[૫૫]મતિ અથવા કેવળજ્ઞાન. ૨ મતિ–શ્રુત.

૫૫ एकस्मिन् जीवे एकं मतिज्ञानं, शास्त्रपाठश्रवणाभावात्, तत्त्वतस्तु मति–श्रुते स्तः ।

सम्यग्दृष्टेर्ज्ञानं, सम्यग्ज्ञानमिति नियमतः सिद्धम् ।
आद्यत्रयमज्ञानमपि भवति मिथ्यात्वसंयुक्तम्॥२२७॥
सामायिकमित्याद्यं, छेदोपस्थापनं द्वितीयं तु ।
परिहारविशुद्धिः सूक्ष्मसम्परायं यथाख्यातम् ॥२२८॥

---

૩ મતિ, શ્રુત, અવધિ. ૪ મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ. [તત્ત્વાર્થસૂત્ર આદિમાં એક જ્ઞાનમાં માત્ર કેવળજ્ઞાનનો ઉલ્લેખ છે]

**સમ્યગ્જ્ઞાન-અજ્ઞાનની વ્યાખ્યા—**

[૨૨૭] સમ્યગ્દૃષ્ટિનું જ્ઞાન નિયમા સમ્યગ્જ્ઞાન છે. પ્રથમના ત્રણ જ્ઞાન જો મિથ્યાત્વયુક્ત હોય તો અજ્ઞાન છે.

પ્રશ્ન:-મિથ્યાદૃષ્ટિના જ્ઞાનને અજ્ઞાન કેમ કહેવામાં આવે છે?

ઉત્તર:-જ્ઞાન એ મુક્તિનું સાધન છે. આથી જે જ્ઞાન મુક્તિનું સાધન બને એ જ જ્ઞાન વાસ્તવિક જ્ઞાન છે. જે જ્ઞાન મુક્તિમાં બાધક બને તે જ્ઞાન પરમાર્થથી અજ્ઞાન છે. મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન કદાગ્રહાદિ દોષોથી દૂષિત હોવાને કારણે મુક્તિનું બાધક હોવાથી અજ્ઞાન છે.

**ચારિત્રનું વર્ણન—**

[૨૨૮-૨૨૯] સામાયિક, છેદોપસ્થાપનીય,

**इत्येतत्पञ्चविधं, चारित्रं मोक्षसाधनं प्रवरम् ।**
**नैकैरनुयोगनय–प्रमाणमार्गैः समनुगम्यम् ॥२२९॥**

---

પરિહાર વિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત–એમ પાંચ પ્રકારનું ચારિત્ર છે. આ ચારિત્ર મોક્ષનું ઉત્તમ સાધન છે. અનેક અનુયોગ, નય અને પ્રમાણ–એ સાધનોથી ચારિત્ર વિષે વિશિષ્ટ જ્ઞાન મેળવવું જોઇએ.

**સામાયિક—**

સમ એટલે રાગ–દ્વેષનો અભાવ=સમતા. આય એટલે લાભ. જેનાથી સમતાની પ્રાપ્તિ થાય તે સામાયિક. એના ઈત્વરકાલ (થોડા ટાઈમ માટે) અને યાવજ્જીવિક (સદા માટે) એમ બે ભેદ છે. પ્રથમ અને અંત્ય તીર્થંકરના તીર્થમાં ઇત્વરકાલ અને બાવીસ તીર્થંકરોના તીર્થમાં યાવજ્જીવિક સામાયિક હોય છે.

**છેદોપસ્થાપનીય—**

છેદોપસ્થાપનીયમાં છેદ અને ઉપસ્થાપનીય એમ બે શબ્દો છે, જેમાં પૂર્વપર્યાયનો છેદ અને ઉત્તર પર્યાયનું ઉપસ્થાપન થાય તે છેદોપસ્થાપનીય. પહેલા અને છેલ્લા જિનેશ્વરોના સાધુઓને સામાયિક ચારિત્ર બાદ આ ચારિત્ર હોય છે.

**सम्यक्त्वज्ञानचारित्र–सम्पदः साधनानि मोक्षस्य ।**
**तास्वेकतराभावेऽपि, मोक्षमार्गोऽप्यसिद्धिकरः॥२३०॥**
**पूर्वद्वयसम्पद्यपि, तेषां भजनीयमुत्तरं भवति ।**
**पूर्वद्वयलाभः पुन–रुत्तरलाभे भवति सिद्धः ॥२३१॥**

---

**પરિહારવિશુદ્ધિ—**

અમુક પ્રકારના તપને પરિહાર કહેવામાં આવે છે. પરિહાર તપથી વિશુદ્ધ ચારિત્ર તે પરિહાર વિશુદ્ધિ.

**સૂક્ષ્મસંપરાય—**

સંપરાય એટલે લોભ. જ્યારે સૂક્ષ્મ=અતિ અલ્પ પ્રમાણમાં લોભ હોય છે ત્યારે (દશમા ગુણસ્થાને) આ ચારિત્ર હોય છે.

**યથાખ્યાત—**

જિનેશ્વર ભગવંતોએ જેવું કહ્યું છે તેવું ચારિત્ર તે યથાખ્યાત. જિનેશ્વરોએ શ્રેષ્ઠ ચારિત્ર તરીકે અક-ષાય=કષાયરહિત ચારિત્ર કહ્યું છે. કષાયરહિત ચારિત્ર ૧૧-૧૨-૧૩-૧૪ એ ચાર ગુણસ્થાનોમાં હોય છે.

**મોક્ષસાધન—**

[૨૩૦-૩૩૧] સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્

**धर्मावश्यकयोगेषु, भावितात्मा प्रमादपरिवर्जी ।**
**सम्यक्त्वज्ञानचारित्राणामाराधको भवति ॥२३२॥**
**आराधनास्तु तेषां, तिस्रस्तु जघन्यमध्यमोत्कृष्टाः ।**
**जन्मभिरष्टत्र्येकैः, सिध्यन्त्याराधकास्तासाम्॥२३३।**

---

ચારિત્ર રૂપ સંપત્તિ મોક્ષનું સાધન છે. તે ત્રણમાંથી એકનો પણ અભાવ હોય તો મોક્ષમાર્ગ=મોક્ષસાધન ન બને.

પૂર્વની બે સંપત્તિ (=સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન) હોય ત્યારે સમ્યક્ ચારિત્ર હોય જ એવો નિયમ નથી, હોય અથવા ન પણ હોય. સમ્યક્ ચારિત્ર હોય ત્યારે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન અવશ્ય હોય છે.

**મોક્ષમાર્ગના આરાધકનું સ્વરૂપ—**

[૨૩૨] દશ પ્રકારના ધર્મમાં તથા આલોચના, પ્રતિક્રમણ, પ્રતિલેખના, સ્વાધ્યાય આદિ આવશ્યક યોગોમાં "આના વિના મારું કલ્યાણ નથી" એવી ભાવનાવાળો અને પ્રમાદનો ત્યાગ કરનાર જીવ સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્રનો આરાધક બને છે.

**આરાધનાના પ્રકાર—**

[૨૩૩] મોક્ષમાર્ગની આરાધના ત્રણ પ્રકારની

तासामाराधनतत्परेण तेष्वेव भवति यतितव्यम् ।
यतिना[५६] तत्परजिनभक्त्युपग्रहसमाधिकरणेन॥२३४॥

---

છે. (૧) જઘન્ય, (૨) મધ્યમ, (૩) ઉત્કૃષ્ટ. જઘન્ય આરાધના કરનાર આઠ ભવોથી, મધ્યમ આરાધના કરનાર ત્રણ ભવોથી અને ઉત્કૃષ્ટ આરાધના કરનાર એક જ (તે જ) ભવથી મોક્ષ પામે છે.

[૨૩૪] મોક્ષમાર્ગની આરાધના માટે ઉદ્યત બનેલા સાધુએ સમ્યગ્દર્શનાદિની રક્ષા અને વૃદ્ધિ થાય એ માટે જ પ્રયત્ન કરવો જોઈએ. એ માટે સાધુ અને જિનેશ્વર વિષે બહુમાન રાખવું જોઈએ, અન્ન-પાન આદિ લાવી આપીને સાધુઓની સેવા કરવી જોઈએ. તથા માંદગી આદિમાં સાધુઓને સમાધિ રહે એ માટે પ્રયત્ન કરવો જોઇએ.

તાત્પર્ય કે જિનેશ્વર અને સાધુઓ વિશે બહુમાન રાખવું, સાધુઓની સેવા-ભક્તિ કરવી, અને તેમને સમાધિ રહે તેમ કરવું એ સમ્યગ્દર્શનાદિની રક્ષા અને વૃદ્ધિનો શ્રેષ્ઠ ઉપાય છે.

---

५६ तत्परजिनभक्त्युपग्रहसमाधिकरणेन–तत्परा –ज्ञानाद्याराधनापरायणाः साध्वादयस्ते च जिनाश्च ते तथा तेषु, भक्तिश्च बहुमानः उपग्रहश्च भक्तपानप्रदानादि- रूपः, समाधिश्च स्वास्थ्यं, तेषां करणं क्रिया तेनेति ।

## (१६) પ્રશમ સુખ અધિકાર

**स्वगुणाभ्यासरतमतेः, [५७]परवृत्तान्तान्धमूकबधिरस्य ।**
**मदमदनमोहमत्सर–रोषविषादैरधृष्यस्य ॥२३५॥**
**प्रशमाव्याबाधसुखा–भिकांक्षिणः सुस्थितस्य सद्धर्मे ।**
**तस्य किमौपम्यं स्यात्, सदेवमनुजेऽपि लोके**
**ऽस्मिन् ॥२३६॥**

---

[૨૩૫-૨૩૬] સમ્યગ્દર્શનાદિ ત્રણમાં રત, પરવૃત્તાંત જોવા, બોલવા અને સાંભળવા માટે અનુક્રમે અંધ, મૂક અને બધિર બનેલા, મદ, કામ, મોહ, મત્સર, રોષ અને વિષાદથી અપરાભૂત, પ્રશમસુખ અને મોક્ષસુખના અભિલાષી, મૂલગુણ અને ઉત્તરગુણ રૂપ સુધર્મમાં નિશ્ચલ રહે એવા સાધુને આ મનુષ્યલોકમાં કોની સાથે ઓળખાવી શકાય? મનુષ્યલોકમાં તો શું, દેવલોકમાં પણ એવો કોઈ દેવ નથી, જે આ મહાત્માની તોલે આવી શકે.

આવા સાધુ મહાત્મા પ્રશમસુખમાં મહાલે છે. પ્રશમસુખ પાસે દેવલોકનું ઊંચામાં ઊંચું સુખ પણ

---

५७ न पश्यति परदोषान् गुणान् वा........

**स्वर्गसुखानि परोक्षा–ण्यत्यन्तपरोक्षमेव मोक्षसुखम् ।**
**प्रत्यक्षं प्रशमसुखं, न परवशं न ५८ व्ययप्राप्तम्॥२३७**
**निर्जितमदमदनानां, वाक्कायमनोविकाररहितानाम् ।**
**विनिवृत्तपराशाना-मिहैव मोक्षः सुविहितानाम्॥२३८**

---

તરણા તુલ્ય તુચ્છ છે. પ્રશમસુખનો મહિમા તો કોઈ ઓર જ છે! જુઓ ત્યારે પ્રશમસુખનો મહિમાઃ-

[૨૩૭] પરોક્ષ છે સ્વર્ગના સુખો, મોક્ષના સુખો તો વળી અત્યંત પરોક્ષ છે; જ્યારે પ્રશમસુખ પ્રત્યક્ષ છે, અત્યારે જ સ્વાનુભવગમ્ય છે. न परवशम्= પ્રશમસુખ માટે બાહ્ય કોઇ વસ્તુની જરૂર પડતી નથી. न व्ययप्राप्तम्=પ્રશમસુખનો અનુભવ કરવામાં કોઈ વિઘ્ન કરી શકે તેમ નથી, આ સુખને કોઈ ઝુંટવી શકે તેમ નથી.

પ્રશમસુખના સાગરમાં ઝીલતા એ મહાત્માઓના સુખની તો શી પ્રશંસા કરવી!

[૨૩૮] મદ-મદનને જીતી લેનારા, મન, વચન અને કાયાના વિકારોથી રહિત, પૌદ્ગલિક આશાઓથી મુક્ત અને શાસ્ત્રોક્ત વિધિનું પાલન કરનારા

---

૫૮ केनाऽपि व्ययं प्रापितं–बाधितम् ।

शब्दादिविषयपरिणाममनित्यं दुःखमेव च ज्ञात्वा ।
ज्ञात्वा च रागदोषात्मकानि दुःखानि संसारे ॥२३९॥
स्वशरीरेऽपि न रज्यति, शत्रावपि न प्रदोषमुपयाति ।
रोगजरामरणभयै-रव्यथितो यः स नित्यसुखी॥२४०॥
धर्मध्यानाभिरत-[५९]स्त्रिदण्डविरतस्त्रिगुप्तिगुप्तात्मा ।
सुखमास्ते निर्द्वन्द्वो, जितेन्द्रियपरीषहकषायः ॥२४१॥

---

સાધુ મહાત્માઓને તો અહીં જ મોક્ષ છે!

[૨૩૯-૨૪૦] શબ્દાદિ વિષયોનું પરિણામ અનિત્ય અને દુઃખસ્વરૂપ જ છે, તથા સંસારનાં સઘળાં દુઃખો રાગદ્વેષના યોગે જ થાય છે એમ જાણીને, જે પોતાના શરીરમાં પણ રાગ કરતો નથી, શત્રુ ઉપર પણ દ્વેષ કરતો નથી, રોગ, જરા, મરણ અને ભયથી જરાય ગભરાતો નથી, તે સદા જ સુખી રહે છે.

[૨૪૧] ધર્મધ્યાનમાં રત, આગમવિરુદ્ધ પ્રવૃત્તિનો ત્યાગ કરનાર, ત્રણ ગુપ્તિનું પાલન કરનાર, સકલ ક્લેશોથી રહિત, ઇંદ્રિય, કષાય અને પરીષહો ઉપર વિજય મેળવનાર સાધુ સુખપૂર્વક રહે છે.

---

५९ अनागमको मनोवाक्कायव्यापारो दण्डः ।

**विषयसुखनिरभिलाषः,प्रशमगुणगणाभ्यलङ्कृतः साधुः द्योतयति यथा न तथा, सर्वाण्यादित्यतेजांसि [ यथा सर्वा–ण्यादित्यः सर्वतेजांसि ] ॥२४२**

---

[૨૪૨] વિષયસુખોથી નિરપેક્ષ, સ્વાધ્યાય, સંતોષ આદિ પ્રશમના ગુણોથી અલંકૃત સાધુ જેવો પ્રકાશ પાથરે છે તેવો પ્રકાશ સઘળા સૂર્યો ભેગા મળે તોય ન [૬૦] થાય!

---

૬૦ અહીં પ્રકાશ એટલે બાહ્ય વસ્તુ બતાવનાર તેજ નહિ, કિંતુ સંતોષ આદિ ગુણોના યોગે શરીરના મુખાદિ અંગો ઉપર તરવરતી અલૌકિક કાંતિ. આ પ્રકાશના યોગે ભવ્યજીવોને આત્મદર્શન થાય છે.

## (૧૭) શીલાંગ અધિકાર

सम्यग्दृष्टिर्ज्ञानी, विरतितपोध्यानभावनायोगैः ।
शीलाङ्गसहस्राष्टादशकमयत्नेन साधयति ॥२४३॥
धर्माद् भूम्यादीन्द्रिय–संज्ञाभ्यः करणतश्च योगाच्च ।
शीलाङ्गसहस्राणा–मष्टादशकस्यास्ति निष्पत्तिः २४४॥

---

[૨૪૩] સમ્યગ્દૃષ્ટિ અને જ્ઞાની મહાત્મા વિરતિ, તપ, ધ્યાન, ભાવના અને આવશ્યક ક્રિયાઓથી શીલના (=ચારિત્રના) ૧૮૦૦૦ અંગોને (ભેદોને) અનાયાસે સાધે છે.

### ૧૮૦૦૦ શીલાંગોને જાણવાનો ઉપાય—

[૨૪૪] ક્ષમાદિધર્મ–૧૦, ભૂમ્યાદિ–૧૦, ઇંદ્રિય –૫, આહારાદિસંજ્ઞા–૪, કરણ–૩, યોગ–૩, આ સર્વને ક્રમશઃ ગુણવાથી ૧૮૦૦૦ શીલાંગો બને છે.

ધર્મ ૧૦×૧૦ ભૂમ્યાદિ=૧૦૦, ૧૦૦×૫ ઇંદ્રિયો =૫૦૦, ૫૦૦×૪ સંજ્ઞા=૨૦૦૦, ૨૦૦૦×૩ કરણ= ૬૦૦૦, ૬૦૦૦×૩ યોગ=૧૮૦૦૦.

ભૂમ્યાદિ શબ્દમાં ભૂમિ અને આદિ એ બે શબ્દો છે. ભૂમિ એટલે પૃથ્વી=પૃથ્વીકાય. ભૂમ્યાદિ એટલે પૃથ્વીકાય આદિ દશ. તે આ પ્રમાણે–પૃથ્વીકાય આદિ ૫ એકેંદ્રિય, બેઇંદ્રિય આદિ ૪ ત્રસ, અને અજીવકાય.

કરણઃ– ન કરવું, ન કરાવવું, ન અનુમોદવું એમ ત્રણ કરણ છે.

शीलार्णवस्य पारं, गत्वा संविग्नसुगममार्गस्य ।
धर्मध्यानमुपगतो, वैराग्यं प्राप्नुयाद्योग्यम्॥२४५॥

## (૧૮) ધ્યાન અધિકાર

आज्ञाविचयमपाय–विचयं स ध्यानयोगमुपसृत्य ।
तस्माद्विपाकविचय-मुपयाति संस्थानविचयं च ॥
॥२४६॥

आप्तवचनं प्रवचनं, चाज्ञाविचयस्तदर्थनिर्णयनम् ।
आस्रवविकथागौरव–परीषहाद्येष्वपायस्तु ॥२४७॥

---

[૨૪૫] સુસાધુઓથી સુખે તરી શકાય એવા શીલ રૂપ સમુદ્રને તરીને ધર્મધ્યાનમાં મગ્ન રહેનાર સાધુ યોગ્ય (–તે કાળની અવસ્થાને ઉચિત) વૈરાગ્ય પામે છે.

**ધર્મધ્યાનના ભેદો—**

[૨૪૬] તે સાધુ આજ્ઞાવિચય અને અપાયવિચય એ બે ધ્યાન કર્યા પછી વિપાકવિચય અને સંસ્થાન વિચય એ બે ધ્યાન ધરે છે.

**ધર્મધ્યાનના પહેલા બે ભેદોનું સ્વરૂપ—**

[૨૪૭] રાગદ્વેષ અને મોહથી સર્વથા રહિત આપ્તનું વચન જ પ્રવચન છે=સર્વ દોષોથી રહિત

**अशुभशुभकर्मपाका-नुचिन्तनार्थो विपाकविचयःस्यात्।**
**द्रव्यक्षेत्राकृत्यनुगमनं संस्थानविचयस्तु ॥२४८॥**

---

વચન છે. પ્રવચનના અર્થનો નિર્ણય=વિચાર કરવો એ આજ્ઞા વિચય (=આજ્ઞાનો વિચાર) ધ્યાન છે. અર્થાત્ જિનેશ્વરની આજ્ઞાનો વિચાર કરવો એ આજ્ઞા વિચય રૂપ ધર્મધ્યાન છે.

આસ્રવ, વિકથા, ગૌરવ, પરીષહ આદિમાં અપાયનો=અનર્થનો વિચાર કરવો એ અપાયવિચય (અનર્થનો વિચાર) છે. અર્થાત્ સંસારનાં દુઃખોનો અને દુઃખોનાં કારણોનો વિચાર કરવો એ અપાય વિચય રૂપ ધર્મધ્યાન છે.

**ધર્મધ્યાનના અંત્ય બે ભેદોનું સ્વરૂપ**

[૨૪૮] અશુભ અને શુભ કર્મના વિપાકનું ચિંતન કરવું એ વિપાકવિચય ધર્મધ્યાન છે. છ દ્રવ્યોની અને ઊર્ધ્વાદિ ત્રિવિધ ક્ષેત્રની આકૃતિનો વિચાર કરવો તે સંસ્થાનવિચય ધર્મધ્યાન છે.

## (૧૯) ક્ષપકશ્રેણિ અધિકાર

जिनवरवचनगुणगणं, संचिन्तयतो वधाद्यपायांश्च ।
कर्मविपाकान् विविधान् , संस्थानविधीननेकांश्च ॥
नित्योद्विग्नस्यैवं, [६१]क्षमाप्रधानस्य निरभिमानस्य ।
*धुतमायाकलिमलनिर्मलस्य जितसर्वतृष्णस्य ॥२५०॥
तुल्यारण्यकुलाकुल–विविक्तबन्धुजनशत्रुवर्गस्य ।
×समवासीचन्दनकल्पनप्रदेहादिदेहस्य ॥२५१॥
आत्मारामस्य सतः समतृणमणिमुक्तलोष्ठकनकस्य ।
स्वाध्यायध्यानपरायणस्य दृढमप्रमत्तस्य ॥२५२॥
अध्यवसायविशुद्धेः, प्रशस्तयोगैर्विशुद्ध्यमानस्य ।
चारित्रशुद्धिमग्र्या-मवाप्य लेश्याविशुद्धिं च ॥२५३॥

---

[૨૪૯થી૨૫૪] (૧) જિનાજ્ઞાના ગુણોનું, હિંસાદિથી થતા અનર્થોનું, શુભાશુભ કર્મનાં વિવિધ ફળોનું અને વિવિધ લોકાકૃતિનું ચિંતન કરનાર, (૨) સદા સંસારથી ઉદ્વિગ્ન, (૩) ક્ષમામૂર્તિ, (૪)

---

६१ एवमुक्तेन प्रकारेण *मायैव कलिमलः पापम् ।
× समस्तुल्यो वासीचन्दनाभ्यां कल्पनप्रदेहादिः=छेदनानुलेपनादिः यस्य स तथैवंविधो देहो यस्य ।

[૬૨]**तस्यापूर्वकरणमथ, घातिकर्मक्षयैकदेशोत्थम् ।**
[૬૩]**ऋद्धिप्रवेकविभवव–दुपजातं जातभद्रस्य ॥२५४॥**

નમ્ર, (૫) ઋજુ, (૬) નિર્મલ, (૭) સંતોષી, (૮) જંગલ અને શહેરમાં સમાન બુદ્ધિ રાખનાર, (૯) બંધુજન અને શત્રુવર્ગને પોતાના આત્માથી ભિન્ન માનનાર, અર્થાત્ બંનેમાં સમાનરૂપે અન્યત્વ ભાવનાથી યુક્ત, (૧૦) શરીર ઉપર ચંદનનો શીતળ લેપ કરનાર અને વાંસલાથી શરીરનું છેદન કરનાર ઉપર તુલ્યભાવ રાખનાર, (૧૧) આત્મામાં જ રમણ કરનાર, (૧૨) તૃણ અને મણિને સમાન ગણનાર, (૧૩) લોષ્ઠ અને કંચનનો સમાનરૂપે ત્યાગ કરનાર, (૧૪) સ્વાધ્યાય અને ધ્યાનમાં દત્તચિત્ત, (૧૫) અને અતિશય અપ્રમત્ત એ મહામુનિના અધ્યવસાયો =માનસિક પરિણામો અત્યંત શુદ્ધ બની જાય છે, એના યોગે એ મહાત્માના મન, વચન અને કાયા એ ત્રણ યોગો ઉત્તરોત્તર અધિક અધિક શુભ બનતા જાય છે, તથા ચારિત્રની અને લેશ્યાની પ્રકૃષ્ટ શુદ્ધિ

૬૨ આ અપૂર્વકરણ આઠમા ગુણસ્થાનનું છે.

૬૩ ऋद्धिप्रवेकाः=ऋद्धिप्रकराः तेषां विभवः=प्राचुर्यं ते यत्र विद्यन्ते (? स यत्र विद्यते) ।

सातर्द्धिरसेष्वगुरुः,* प्राप्यर्द्धिविभूतिमसुलभामन्यैः ।
सक्तः प्रशमरतिसुखे, न भजति तस्यां मुनिः सङ्गम् ॥
या सर्वसुरवरर्द्धि-र्विस्मयनीयापि साऽनगारर्द्धेः ।
नार्घति सहस्रभागं, कोटिशतसहस्रगुणितापि ॥२५६॥

થાય છે; ત્યારબાદ કલ્યાણસંપન્ન એ મહાત્મામાં ઘાતીકર્મોના તીવ્ર ક્ષયોપશમના યોગે (પૂર્વબદ્ધ કર્મોને બાળીને ભસ્મ કરી નાખનાર અને પૂર્વે કદી ઉત્પન્ન ન થયા હોય તેવા આત્મપરિણામરૂપ) અપૂર્વકરણ ઉત્પન્ન થાય છે. સાથે સાથે આમર્ષ ઔષધિ વગેરે વિવિધ ઋદ્ધિઓ પણ ઘણી પ્રગટે છે.

[ ૨૫૫ ] રસ, ઋદ્ધિ અને સાતા એ ત્રણ ગારવથી મુક્ત અને પ્રશમરતિના સુખમાં આસક્ત મુનિ, પ્રાકૃત પુરુષોને દુર્લભ એવી આમર્ષ ઔષધિ વગેરે ઋદ્ધિને પ્રાપ્ત કરીને, તેમાં જરાય આસક્ત બનતા નથી=ઉદાસીન જ રહે છે, અર્થાત્ લબ્ધિઓનો (નિષ્કારણ) જરાય ઉપયોગ કરતા નથી.

[૨૫૬] અજ્ઞાન જીવોને આશ્ચર્ય પમાડનારી ઈંદ્રની ઋદ્ધિને લાખક્રોડથી ગુણવામાં આવે તો

* अगुरुगौरवरहितः अकृतादर इत्यर्थः ।

×तज्जयमवाप्य जितविघ्नरिपुर्भवशतसहस्रदुष्प्रापम् ।
चारित्रमथाख्यातं, सम्प्राप्तस्तीर्थकृत्तुल्यम् ॥२५७॥
शुक्लध्यानाद्यद्वय-मवाप्य कर्माष्टकप्रणेतारम् ।
संसारमूलबीजं, मूलादुन्मूलयति मोहम् ॥२५८॥
पूर्वं करोत्यनन्तानुबन्धिनाम्नां क्षयं कषायाणाम् ।
मिथ्यात्वमोहगहनं, क्षपयति सम्यक्त्वमिथ्यात्वम् ॥

પણ, અણગાર મહાત્માની ઋદ્ધિ પાસે તેનું હજારમાં ભાગનુ પણ મૂલ્ય નથી, હજારમા ભાગે પણ તેની સરખામણી ન થઈ શકે.

[૨૫૭-૨૫૮] વિઘ્નકારી રાગાદિશત્રુઓ ઉપર વિજય મેળવી ચૂકેલ મુનિ મહાત્મા ઋદ્ધિ-વૈભવમાં અનાસક્ત રહીને લાખો ભવોમાં દુર્લભ અને તીર્થંકરના ચારિત્ર તુલ્ય યથાખ્યાત નામના ચારિત્રને પ્રાપ્ત કરે છે. તથા શુક્લધ્યાનના આદ્ય બે ભેદોને પ્રાપ્ત કરીને આઠ કર્મોના નાયક અને સંસારના મુખ્ય બીજ મોહને મૂળથી ઉખેડી નાખે છે=બંધ, ઉદય, ઉદીરણા અને સત્તા એ ચારે રીતે નાશ કરે છે.

[૨૫૯ થી ૨૬૧] એ મહાત્મા (૧) અનંતાનુ-

× तस्या जयस्तज्जयस्तमवाप्य, तज्जयं विभूतेरनुपजीवनम् ।

सम्यक्त्वमोहनीयं, क्षपयत्यष्टावतः कषायांश्च ।
क्षपयति ततो नपुंसक–वेदं स्त्रीवेदमथ तस्मात्॥२६०॥
हास्यादि ततः षट्कं, क्षपयति तस्माच्च पुरुषवेदमपि ।
संज्वलनानपि हत्वा, प्राप्नोत्यथ वीतरागत्वम्॥२६१॥
सर्वोद्घातितमोहो, निहतक्लेशो यथा हि सर्वज्ञः ।
[६४]भात्यनुपलक्ष्यराह्वंशोन्मुक्तः पूर्णचन्द्र इव॥२६२॥

---

બંધી ૪ કષાયો, (૨) મિથ્યાત્વમોહનીય, (૩) મિશ્ર-મોહનીય (૪) સમ્યક્ત્વ મોહનીય, (૫) અપ્રત્યાખ્ય ની ૪ અને પ્રત્યાખ્યાનાવરણ ૪ એ ૮ કષાયો, (૬) નપુંસકવેદ, (૭) સ્ત્રીવેદ, (૮) હાસ્યાદિષટ્ક. (૯) પુરુષ–વેદ, (૧૦) સંજ્વલન ૪ કષાયો–એ ક્રમે મોહકર્મની ૨૮ પ્રકૃતિઓનો ક્ષય કરીને વીતરાગને પામે છે.

[૨૬૨] સંપૂર્ણ મોહનો નાશ કરી ચૂકેલ અને ક્લેશથી=દુઃખથી રહિત બનેલ એ મહાત્મા સર્વજ્ઞ જેવા બને છે, તથા રાહુના અંશથી=મુખાદિ વિભાગથી મુક્ત અનુપલક્ષ્ય પૂર્ણ ચંદ્રનીજેમ દીપી ઉઠે છે.

---

૬૪ અનુપલક્ષ્ય શબ્દનો બંને ટીકાઓમાં રાહુ–અંશના વિશેષણરૂપે અને અવચૂરિમાં પૂર્ણચદ્ર શબ્દના વિશેષણરૂપે અર્થ કર્યો છે. (૧૮૨ મા પેજમાં ટીપ્પણું જૂઓ.)

**सर्वेन्धनैकराशी–कृतसन्दीप्तो ह्यनन्तगुणतेजाः ।**
**ध्यानालस्तपःप्रशम-संवरहविर्विवृद्धबलः ॥२६३॥**

---

બારમા ગુણસ્થાને રહેલા મહાત્મા સંપૂર્ણ મોહનો ક્ષય થઈ જવાથી વીતરાગ બને છે, પણ કેવળજ્ઞાની હોતા નથી. તેરમા ગુણસ્થાને રહેલા મહાત્મા વીતરાગ અને કેવલજ્ઞાની પણ હોય છે. આથી બારમા અને તેરમા ગુણસ્થાને રહેલા મહાત્માઓમાં વીતરાગતાનું સામ્ય હોવાથી અહીં બારમા ગુણસ્થાને રહેલા મહાત્માને સર્વજ્ઞ જેવા કહેવામાં આવ્યા છે.

[ ૨૬૩–૨૬૪ ] ક્ષપકશ્રેણિ પર આરૂઢ થયેલા મહાત્મા સઘળા શુભ અધ્યવસાય રૂપ કાષ્ઠોને એકઠા કરીને ધ્યાનરૂપ અગ્નિ સળગાવે છે. આ અગ્નિમાં કાષ્ઠાગ્નિના તેજ કરતાં અનંતગણું તેજ હોય છે. અગ્નિને સળગાવ્યા પછી તેમાં તપ, પ્રશમ અને

---

ટીકા–न उपलक्ष्यते अनुपलक्ष्यो राहुवंशो–मुखादिविभागस्तेनोन्मुक्तो–दुष्टग्रहांशविकलः पूर्णचन्द्र इव ।
અવચૂરિ–अनुपलक्ष्यो नाऽद्यापि स्वविषयां प्रतीतिमुत्पादयितुं प्रत्यलः, यथा राहुणा पूर्णचन्द्रो मुक्तोऽपि कियन्तं कालमनुपलक्ष्यो भवति; तथा क्षीणमोह इति ।

क्षपकश्रेणिमुपगतः, स [65]समर्थः सर्वकर्मिणां कर्म।
क्षपयितुमेको यदि कर्मसंक्रमः स्यात्परकृतस्य ॥२६४॥
परकृतकर्मणि यस्मा-न्नाक्रामति संक्रमो [66]विभागो वा।
तस्मात्सत्त्वानां कर्म यस्य यत्तेन तद्वेद्यम् ॥२६५॥
मस्तकसूचिविनाशात्,तालस्य यथा ध्रुवो भवति नाशः
तद्वत्कर्मविनाशो, हि मोहनीयक्षये नित्यम्॥२६६॥

---

સંવર રૂપ ઘૃતનો પ્રક્ષેપ કરીને એવો પ્રબળ પ્રજ્વલિત બનાવે છે કે, જો બીજા આત્માઓમાં રહેલાં કર્મોનો તે મહાત્માના આત્મામાં સંક્રમ થઈ શકે તો, તે અગ્નિ જગતના સમસ્ત જીવોનાં કર્મોને બાળી ખાખ કરી નાખે.

[૨૬૫] પણ એક જીવે કરેલાં કર્મોનો અન્ય જીવે કરેલા કર્મોમાં સંપૂર્ણ કે આંશિક પણ સંક્રમ થઈ શકતો નથી. આથી જે કર્મો જે જીવના હોય તે કર્મો તે જીવને જ ભોગવવા પડે છે.

[૨૬૬] તાળવૃક્ષના છેક ઉપરના ભાગમાં રહેલી સોયનો (=સોયના આકારે રહેલા નાના ભાગનો)

---

૬૫ स ध्यानानलः ।

૬૬ संक्रमः सामस्त्येन कर्मप्रवेशः, अथ विभागः एकदेशोऽपि नाऽऽक्रामति ।

छद्मस्थवीतरागः कालं सोऽन्तर्मुहूर्तमथ भूत्वा ।
युगपद्द्विविधावरणा–न्तरायकर्मक्षयमवाप्य ॥२६७॥
[६७]शाश्वतमनन्तमनतिशयमनुपममनुत्तरं निरवशेषम् ।
संपूर्णमप्रतिहतं, सम्प्राप्तः केवलं ज्ञानम् ॥२६८॥

---

વિનાશ થતાં તાલનો અવશ્ય નાશ થાય છે, તેમ મોહનીય કર્મનો ક્ષય થતાં અન્ય કર્મોનો ક્ષય અવશ્ય થાય છે.

**કેવળજ્ઞાનની પ્રાપ્તિ—**

[૨૬૭-૨૬૮] મોહનો ક્ષય કરી ચૂકેલ તે મહાત્મા અંતર્મુહૂર્ત સુધી છદ્મસ્થ (=કેવલજ્ઞાનરહિત) વીતરાગ અવસ્થામાં રહે છે, ત્યારબાદ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય એ ત્રણ કર્મોની સઘળી પ્રકૃતિઓનો એકી સાથે ક્ષય કરીને શાશ્વત, અનંત, અનતિશય, અનુપમ, અનુત્તર, નિરવશેષ, સંપૂર્ણ અને અપ્રતિહત કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે.

---

६७ शाश्वतमनवरतभवनशीलत्वात्, अनन्तं क्षयाभावात्, अनतिशयं केनाऽपि तस्याऽतिशयितुमशक्यत्वात् अनुपममपगतोपमानत्वात्, अनुत्तरमविद्यमानोत्तरत्वात् निरवशेषं परिपूर्णत्वेनोत्पत्तेः संपूर्णं सकलज्ञेयग्राहित्वात् अप्रतिहतं सदाऽपि प्रतिघातकाभावात् ।

**कृत्स्ने लोकालोके, व्यतीतसाम्प्रतभविष्यतः कालान् ।**
**द्रव्यगुणपर्यायाणां, ज्ञाता द्रष्टा च सर्वार्थैः ॥२६९॥**

---

સતત પ્રવર્તતું હોવાથી શાશ્વત, કદીય ક્ષય ન થવાથી અનંત. એનાથી ચઢિયાતી બીજી કોઈ વસ્તુ ન હોવાથી અનતિશય. તેની સરખામણીમાં આવે તેવી અન્ય વસ્તુ ન હોવાથી અનુપમ. એનાથી ઉત્તર=પછી અન્ય કોઇ જ્ઞાન ન હોવાથી અનુત્તર. સંપૂર્ણરૂપે ઉત્પન્ન થવાથી નિરવશેષ. સકલ પદાર્થોનું જ્ઞાન કરાવતું હોવાથી સંપૂર્ણ. ક્યારે પણ કોઇ પણ વસ્તુનો (જોવામાં આંખને ભીંત આદિનો પ્રતિબંધ થાય છે તેમ) પ્રતિબંધ ન હોવાથી અપ્રતિહત.

[૨૬૯] આવા પ્રકારના જ્ઞાનના યોગે એ મહાત્મા સંપૂર્ણ લોકમાં અને અલોકમાં ત્રણે કાળનાં સર્વ દ્રવ્યો, સર્વ ગુણો અને સર્વ પર્યાયોના સર્વપ્રકારે જ્ઞાતા અને દ્રષ્ટા બને છે.

**ગુણ-પર્યાય:**–દરેક દ્રવ્યમાં કોઇને કોઈ ધર્મો અવશ્ય રહેલા હોય છે. આ ધર્મો બે પ્રકારના છે. (૧) સહભાવી (૨) ક્રમભાવી. વસ્તુ જ્યારથી છે ત્યારથી અને જ્યાં સુધી રહે ત્યાં સુધી વસ્તુની સાથે

જ રહેનારા ધર્મો સહભાવી છે. જે ધર્મોનું પરિવર્તન થયા કરે છે તે ક્રમભાવી છે. સહભાવી ધર્મો ગુણ છે અને ક્રમભાવી ધર્મો પર્યાય છે.

દા. ત. પુદ્ગલ દ્રવ્યના રૂપ, રસ વગેરે ધર્મો સહભાવી છે માટે ગુણો છે, પણ કૃષ્ણ રૂપ, શ્વેત રૂપ, મધુર રસ, તિક્ત રસ વગેરે ધર્મો ક્રમભાવી હોવાથી પર્યાયો છે.

પુદ્ગલ દ્રવ્યમાં રૂપ, રસ વગેરે કાયમ છે. પુદ્ગલમાં રૂપ, રસ વગેરે ન હોય એવું ક્યારે ય બનતું નથી. પણ કૃષ્ણરૂપ, શ્વેતરૂપ વગેરે ધર્મો કાયમ રહેતા નથી. ક્યારેક કૃષ્ણરૂપ તો ક્યારેક શ્વેત રૂપ હોય છે, ક્યારેક લાલ રૂપ હોય છે...ક્યારેક કૃષ્ણરૂપમાંથી શ્વેત રૂપ બની જાય છે, શ્વેતરૂપમાંથી લાલ રૂપ બની જાય છે....એ પ્રમાણે મધુરરસાદિ વિશે પણ પરિવર્તન થયા કરે છે. આથી રૂપ, રસ વગેરે ગુણો છે અને કૃષ્ણરૂપ, મધુરરસ વગેરે પર્યાયો છે.

આ પ્રમાણે આત્મા વગેરે દ્રવ્યોમાં પણ ગુણ–પર્યાયની વિચારણા થઇ શકે છે.

क्षीणचतुष्कर्मांशो, वेद्यायुर्नामगोत्रवेदयिता ।
विहरति मुहूर्तकालं, देशोनां पूर्वकोटिं वा ॥२७०॥
तेनाभिन्नं चरमभवायुर्दुर्भेदमनपवर्तित्वात् ।
तदुपग्रहं च वेद्यं, तत्तुल्ये नामगोत्रे च ॥२७१॥

---

**કેવળજ્ઞાન બાદ સંસારસ્થિતિનો કાળ—**

[૨૭૦] ચાર ઘાતી કર્મોનો ક્ષય કરી ચૂકેલ અને વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર એ ચાર અઘાતી કર્મોને અનુભવતા એ મહાત્મા (પોતાના આયુષ્ય પ્રમાણે) ઓછામાં ઓછો કાળ એક મુહૂર્ત (બે ઘડી) સુધી અને વધારેમાં વધારે કાળ દેશોનપૂર્વકોટિ સુધી સંસારમાં વિચરે છે.

[૨૭૧] પ્રશ્નઃ–જેમ ઘાતીકર્મોનો ક્ષય કરી નાંખ્યો તેમ શેષ આયુષ્ય આદિ કર્મોનો પણ ક્ષય કરી નાખે તો તુરત મોક્ષપ્રાપ્તિ ન થાય ?

ઉત્તરઃ–ના. કેવલજ્ઞાની આત્માનું આયુષ્ય અનપવર્તનીય=ભોગવ્યા વિના ક્ષય ન થઈ શકે તેવું હોય છે. જ્યાં સુધી બાકી રહેલું આયુષ્ય ભોગવવું પડે છે ત્યાં સુધી શેષ ત્રણ કર્મો પણ ભોગવવા પડે છે. આથી કેવળજ્ઞાનીને કેવળજ્ઞાન થયા પછી જેટલું

# (૨૦) સમુદ્‌ઘાત અધિકાર.

यस्य पुनः केवलिनः, कर्म भवत्यायुषोऽतिरिक्ततरम् ।
स समुद्‌घातं भगवा–नथ गच्छति तत्समीकर्तुम् ॥

---

આયુષ્ય બાકી હોય તેટલા કાળ સુધી સંસારમાં અવશ્ય વિચરવું પડે છે.

तेनाऽभिन्नं (तेनायुषा अभिन्नं सदृशमित्यर्थः) =વેદનીય કર્મ પણ તેના જેવું છે=આયુષ્ય સુધી ભોગવવું જ પડે છે. કારણ કે तदुपग्रहं च वेद्यं (तेनायुषोपगृह्यते उपष्टभ्यते=तदुपग्रहम्) વેદનીય કર્મ આયુષ્ય કર્મ ઉપર જ આધાર રાખે છે. तत्तुल्ये नामगोत्रे च=નામ અને ગોત્ર કર્મ પણ આયુષ્યની તુલ્ય હોય છે, અર્થાત્ આયુષ્ય સુધી ભોગવવા જ પડે છે.

સાર:–આયુષ્ય વગેરે ચારેય કર્મોનો એકી સાથે જ ક્ષય થાય છે.

[ ૨૭૨ ] પ્રશ્ન:–કેવળજ્ઞાનીના વેદનીય, નામ અને ગોત્ર એ ત્રણ કર્મોની સ્થિતિ આયુષ્યની સ્થિતિ જેટલી જ હોય કે વધારે ઓછી પણ હોય ? જો વધારે ઓછી હોય તો શું કરે ?

ઉત્તર:–કેવળજ્ઞાનીના વેદનીયાદિ ત્રણ કર્મોની

સ્થિતિ આયુષ્યની સ્થિતિથી સમ અથવા વધારે હોઇ શકે, પણ ઓછી કદીય ન હોય. જે કેવળજ્ઞાનીના વેદનીયાદિ ત્રણ કર્મોની સ્થિતિ આયુષ્યની સ્થિતિથી વધારે હોય એ મહાત્મા અંતર્મુહૂર્ત આયુષ્ય બાકી રહે ત્યારે વેદનીયાદિ ત્રણ કર્મોની સ્થિતિને આયુષ્યની સ્થિતિ તુલ્ય કરવા સમુદ્‌ઘાત (પ્રક્રિયા વિશેષ) કરે છે. (સમુદ્‌ઘાતની શરૂઆતથી સયોગિના ચરમ સમય સુધી એ ત્રણ કર્મોને દરેક સમયે અસંખ્યગુણ અસંખ્યગુણ ખપાવે છે.)

## સમુદ્‌ઘાતનું સ્વરૂપ

સમુદ્‌ઘાતમાં આત્મા સમયે સમયે આત્મપ્રદેશોને ફેલાવીને લોકવ્યાપી બની જાય છે, ત્યાર બાદ સમયે સમયે આત્મપ્રદેશોને સંકોચીને શરીરસ્થ બની જાય છે. સમુદ્‌ઘાતનો કાળ આઠ સમયનો છે. સમુદ્‌ઘાત કરનાર આત્મા પ્રથમ સમયથી આરંભી આઠમા સમય સુધીમાં આત્મપ્રદેશોનો વિકાસ–સંકોચ કેવી રીતે કરે છે તે ૨૭૩–૨૭૪ એ બે ગાથાઓમાં બતાવવામાં આવ્યું છે.

**दण्डं प्रथमे समये,कपाटमथ चोत्तरे तथा समये ।**
**मन्थानमथ तृतीये, लोकव्यापी चतुर्थे तु॥२७३॥**
**संहरति पञ्चमे त्वन्तराणि मन्थानमथ पुनः षष्ठे ।**
**सप्तमके तु कपाटं, संहरति ततोऽष्टमे दण्डम्॥२७४॥**

---

[ ૨૭૩–૨૭૪ ] સમુદ્ઘાતમાં આત્મા પ્રથમ સમયે દંડરૂપે બની જાય છે, અર્થાત્ સ્વશરીર પ્રમાણ જાડા દંડના આકારે આત્મપ્રદેશોને લોકના નીચેના છેડાથી ઉપરના છેડા સુધી ફેલાવે છે, એથી આત્મપ્રદેશો એક મોટો દંડ ઊભો હોય તેવા બની જાય છે. બીજા સમયે આત્મા કપાટ બની જાય છે, અર્થાત્ દક્ષિણ ઉત્તરના લોકના એક છેડાથી બીજા છેડા સુધી આત્મ-પ્રદેશોને ફેલાવે છે. પ્રથમ સમયે ઉપર નીચે છેડા સુધી આત્મપ્રદેશો ફેલાવેલા છે, અને બીજા સમયે દક્ષિણ–ઉત્તર લોકના છેડા સુધી આત્મપ્રદેશો ફેલાવ્યા; આથી ફેલાયેલા આત્મપ્રદેશો કપાટ (પાટીયા) જેવા બની જાય છે. ત્રીજા સમયે મન્થાન=રવૈયો બનાવે છે. અર્થાત્ પૂર્વ–પશ્ચિમ લોકના છેડા સુધી આત્મપ્રદેશો ફેલાવે છે, આથી આત્મપ્રદેશો રવૈયા જેવા બને છે. ચોથા સમયે બધા આંતરામાં=બાકી રહેલા સઘળા આકાશપ્રદેશોમાં આત્મપ્રદેશોને ફેલાવીને સંપૂર્ણ લોકવ્યાપી બની જાય છે.

**औदारिकप्रयोक्ता, प्रथमाष्टमसमययोरसाविष्टः ।**
**मिश्रौदारिकयोक्ता, सप्तमषष्ठद्वितीयेषु ॥२७५॥**
**कार्मणशरीरयोगी, चतुर्थके पञ्चमे तृतीये च ।**
**समयत्रयेऽपि तस्मिन् ,भवत्यनाहारको नियमात् ।२७६।**

---

હવે પાંચમા સમયથી ક્રમશઃ આત્મપ્રદેશોનો સંકોચ થાય છે. પાંચમા સમયમાં આંતરામાં રહેલા આત્મપ્રદેશોને સંહરી લઈને મંથાન બનાવે છે. છઠ્ઠા સમયમાં પૂર્વ-પશ્ચિમ આત્મપ્રદેશોને સંહરીને કપાટ બનાવે છે. સાતમા સમયે દક્ષિણ-ઉત્તર આત્મપ્રદેશોને સંહરીને દંડ બનાવે છે. આઠમા સમયે દંડાકારે ફેલાયેલા આત્મપ્રદેશોને સંહરીને શરીરસ્થ બની જાય છે.

## સમુદ્‌ઘાતમાં યોગવિચાર—

સમુદ્‌ઘાતની ક્રિયા કાયયોગથી (=કાયાના વ્યાપારથી) થાય છે. કાયયોગના ઔદારિક આદિ સાત ભેદો છે. સમુદ્‌ઘાતમાં કયા કયા સમયે કયો કયો કાય યોગ છે, તે ૨૭૫-૨૭૬ એ બે ગાથાઓમાં બતાવવામાં આવ્યું છે.

[ ૨૭૫-૨૭૬ ] **પહેલા અને આઠમા સમયે**

## (૨૧) યોગનિરોધ અધિકાર

**स समुद्घातनिवृत्तो-ऽथ मनोवाक्काययोगवान् भगवान्।**
**यतियोग्ययोगयोक्ता, योगनिरोधं मुनिरुपैति॥२७७॥**

---

ઔદારિક, બીજા, છઠ્ઠા અને સાતમા સમયે ઔદારિક-મિશ્ર, ત્રીજા, ચોથા અને પાંચમા સમયે કાર્મણ કાય-યોગ હોય છે.

ત્રીજા, ચોથા અને પાંચમા સમયે આત્મા અવશ્ય અનાહારક (=સર્વ પ્રકારના આહારથી રહિત) હોય છે.

[ ૨૭૭ ] મન, વચન અને કાયાના યોગથી યુક્ત તે મુનિ ભગવંત સમુદ્ઘાતથી નિવૃત્ત થયા પછી અંતર્મુહૂર્ત સુધી યતિયોગ્ય વ્યાપાર[૬૮] કરીને યોગનિરોધ (ત્રણે યોગોને રોકવાની પ્રક્રિયા) કરે છે.

---

૬૮ અનુત્તરૌપપાતિક આદિ દેવો મનથી પ્રશ્ન કરે તો મનના પુદ્ગલોને ગ્રહણ કરીને ઉત્તર આપે તેમાં સત્ય કે અસત્યા-મૃષારૂપ મનોયોગ હોય. કોઇ મનુષ્ય પૂછે તો તેના ઉત્તરમાં અથવા ગૃહસ્થો પાસેથી લાવેલી પાટ-પાટલા આદિ વસ્તુઓ આપવામાં સત્ય કે અસત્યામૃષારૂપ વચનયોગ હોય. ગમનાદિ ક્રિયામાં કાયયોગનો વ્યાપાર હોય. આમ યથાસંભવ ત્રણે યોગનો વ્યાપાર કરે.

**पञ्चेन्द्रियोऽथ संज्ञी, यः पर्याप्तो जघन्ययोगी स्यात् ।**
**निरुणद्धि मनोयोगं,ततोऽप्यसंख्यातगुणहीनम्॥२७८।**
**द्वीन्द्रियसाधारणयोर्वागुच्छ्वासावधो जयति तद्वत् ।**
**पनकस्य काययोगं, जघन्यपर्याप्तकस्याधः ॥२७९॥**

---

## યોગનિરોધ

[ ૨૭૮–૨૭૯ ] પર્યાપ્ત પંચેંદ્રિય સંજ્ઞીના જઘન્યયોગથી પણ અસંખ્યગુણહીન મનોયોગનો સમયે સમયે નિરોધ કરીને સર્વથા મનોયોગથી રહિત બને છે. પર્યાપ્ત દ્વીન્દ્રિયના જઘન્યયોગથી અસંખ્યગુણહીન વચનયોગનો સમયે સમયે નિરોધ કરીને સર્વથા વચનયોગથી રહિત બને છે. પર્યાપ્ત સાધારણ વનસ્પતિ કાયના જઘન્ય શ્વાસોશ્વાસથી અસંખ્યગુણહીન શ્વાસોશ્વાસનો સમયે સમયે નિરોધ કરીને સર્વથા શ્વાસોશ્વાસથી રહિત બને છે. પર્યાપ્ત સાધારણ વનસ્પતિ કાયના જઘન્યયોગથી અસંખ્યગુણહીન કાયયોગનો સમયે સમયે નિરોધ કરીને સર્વથા અયોગી બની જાય છે.

सूक्ष्मक्रियमप्रतिपाति, काययोगोपगस्ततो ध्यात्वा ।
विगतक्रियमनिवर्ति–त्वमुत्तरं ध्यायति परेण ॥२८०॥
चरमभवे संस्थानं, यादृग्यस्योच्छ्रयप्रमाणं च ।
तस्मात्त्रिभागहीना–वगाहसंस्थानपरिणाहः ॥२८१॥

---

**અંતિમ બે ધ્યાન—**

[ ૨૮૦ ] મનોયોગ અને વચનયોગનો સર્વથા નિરોધ થયા પછી સૂક્ષ્મ કાયયોગનો નિરોધ થાય ત્યારે સૂક્ષ્મક્રિયાપ્રતિપાતી નામનું ત્રીજું શુક્લ-ધ્યાન કરે છે. સૂક્ષ્મ કાયયોગનો પણ નિરોધ થઈ ગયા પછી વિગત ( વ્યુપરત ) ક્રિયાનિવર્તી નામનું ચોથું ધ્યાન કરે છે.

જેમાં માત્ર શ્વાસોશ્વાસ રૂપ સૂક્ષ્મ ક્રિયા જ રહી છે અને ધ્યાન કરનારના પરિણામવિશેષનું પતન નથી તે ધ્યાન સૂક્ષ્મક્રિયાપ્રતિપાતી. આ ધ્યાન તેરમા ગુણસ્થાને હોય છે. જેમાં મન આદિ ત્રણે યોગોનો સર્વથા નિરોધ થઈ ગયો છે, તથા પરિ-ણામ વિશેષનું પતન નથી તે ધ્યાન વ્યુપરત ક્રિયા-નિવર્તી. આ ધ્યાન ચૌદમા ગુણસ્થાને હોય છે.

**અયોગી આત્માની અવગાહના—**

[ ૨૮૧ ] ચરમભવમાં શરીરના આકારથી અને

## (૨૨) શૈલેશી અધિકાર.

**सोऽथ मनोवागुच्छ्वासकाययोगक्रियार्थविनिवृत्तः ।**
**[६९]अपरिमितनिर्जरात्मा, संसारमहार्णवोत्तीर्णः ॥२८२॥**

---

ઊંચાઇથી આત્માનો આકાર અને ઊંચાઇ ત્રીજો ભાગ હીન થઈ જાય છે.

તાત્પર્ય—દરેક આત્માનું પ્રમાણ સ્વશરીર જેટલું હોય છે. આથી કેવલીનો આત્મા પણ સ્વશરીર પ્રમાણ હોય છે. પરંતુ નાક, કાન વગેરેની પોલાણમાં જીવ=આત્મપ્રદેશો ન હોય. સૂક્ષ્મક્રિય અપ્રતિપાતી ધ્યાનના બળે એ ખાલી ભાગો આત્મપ્રદેશોથી પૂરીને આત્મપ્રદેશોને ઘન=સંકુચિત બનાવે છે. એટલે શરીરની અવગાહનાથી જીવની=આત્મપ્રદેશોની અવગાહના ત્રીજો ભાગ ન્યૂન થઇ જાય છે. તેરમા ગુણઠાણે ત્રીજા ધ્યાન વખતે આત્મા દેહથી ત્રિભાગહીન થઇ જાય છે.

[૨૮૨] યોગનિરોધ થતાં મન, વાણી, શ્વાસોશ્વાસ અને કાયાના સઘળા વ્યાપારોથી રહિત બનેલ અને (अपरिमितनिर्जरात्मा=) બાકી રહેલા ચાર કર્મોનો

---

६९ अन्तर्मुहूर्तमात्रेण षड्शीतिकर्मक्षयकारी ।

ईषद्‌ध्रस्वाक्षरपञ्चकोद्‌गिरणमात्रतुल्यकालीयाम् ।
संयमवीर्याप्तबलः, शैलेशीमेति गतलेश्यः ॥२८३॥
पूर्वरचितं च तस्यां, समयश्रेण्यामथ प्रकृतिशेषम् ।
समये समये क्षपयत्यसंख्यगुणमुत्तरोत्तरतः ॥२८४॥
चरमे समये संख्या-तीतान्विनिहन्ति चरमकर्मांशान् ।
क्षपयति युगपत् कृत्स्नं, वेद्यायुर्नामगोत्रगणम् ॥२८५॥

---

ક્ષય કરી નાખનાર આત્મા સંસારરૂપ મહાસાગરને તરી જાય છે.

**શૈલેશી-અવસ્થા—**

[ ૨૮૩ ] લેશ્યારહિત બનેલા તે મહાત્મા સર્વ-સંવર રૂપ સંયમના વીર્યથી આત્મબળ પ્રાપ્ત કરીને શૈલેશીને (=મેરુ જેવી નિષ્પ્રકંપ અવસ્થાને) પ્રાપ્ત કરે છે, અર્થાત્ મેરુસમ નિશ્ચળ બની જાય છે. શૈલેશી અવસ્થાનો કાળ અ, ઇ, ઉ, ઋ, લૃ એ પાંચ હ્રસ્વાક્ષરના ઉચ્ચારણ જેટલો અતિ અલ્પ છે.

આવી અવસ્થા ચૌદમા ગુણસ્થાને હોય છે.

[ ૨૮૪ ] કાયયોગના નિરોધ કાળે છેલ્લા અંતર્મુહૂર્તમાં વેદનીય આદિ કર્મોની સ્થિતિ અપવર્તના કરણ વડે ઘટાડીને શૈલેશી (કરણ)માં જેટલા સમયો

છે તેટલા સમયપ્રમાણ વેદનીય આદિ પ્રત્યેક કર્મની શ્રેણિ રચે છે. તેમાં પૂર્વ પૂર્વના સમયથી પછી પછીના સમયમાં અસંખ્યગુણાં કર્મો ગોઠવે છે. અર્થાત્ પ્રથમ સમયે જેટલાં કર્મો છે, તેથી બીજા સમયમાં અસંખ્યગુણાં ગોઠવે છે, તેથી ત્રીજા સમયમાં અસંખ્યગુણા ગોઠવે છે, એમ ક્રમશઃ પછી પછીના સમયમાં અસંખ્યગુણાં અસંખ્યગુણાં કર્મો ગોઠવે છે. આથી આ શ્રેણિને ગુણશ્રેણિ કહેવામાં આવે છે. આ પ્રમાણે ગોઠવી રાખેલાં કર્મદલિકોને શૈલેશી અવસ્થાના પ્રથમ સમયથી ક્રમશઃ ખપાવવા માંડે છે. જે ક્રમે ગોઠવ્યા છે એ જ ક્રમે ખપાવે છે. પૂર્વ પૂર્વના સમયથી પછી પછીના સમયમાં અસંખ્યગુણા ગોઠવેલા છે. એટલે ખપાવવામાં પણ પૂર્વ પૂર્વના સમયથી પછી પછીના સમયમાં અસંખ્યગુણા ખપાવે છે.

[૨૮૫] આમ પ્રત્યેક સમયે ખપાવતાં ખપાવતાં અંતિમ સમયે બાકી રહેલાં અંતિમ ભાગનાં અસંખ્ય કર્મદલિકો ખપાવીને વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર એ ચાર કર્મોનો એકી સાથે સંપૂર્ણ ક્ષય કરી નાખે છે.

सर्वगतियोग्यसंसारमूलकरणानि सर्वभावीनि ।
औदारिकतैजसकार्मणानि सर्वात्मना त्यक्त्वा ॥२८६॥
देहत्रयनिर्मुक्तः, प्राप्यर्जुश्रेणिवीतिमस्पर्शाम् ।
समयेनैकेनाविग्रहेण गत्वोर्ध्वगतिमप्रतिघः ॥२८७॥
सिद्धक्षेत्रे विमले, जन्मजरामरणरोगनिर्मुक्तः ।
लोकाग्रगतः सिध्यति, साकारेणोपयोगेन ॥२८८॥

---

[૨૮૧ થી ૨૮૮] નરકાદિ ચાર ગતિને પ્રાયોગ્ય, સંસારના મૂલ કારણુ અને સંસારમાં સર્વત્ર પ્રાપ્ત થનારા ઔદારિક, તૈજસ અને કાર્મણુ એ ત્રણુ શરીરનો સર્વથા ત્યાગ કરીને ત્રણુ દેહથી તથા (દેહના યોગે પ્રાપ્ત થતાં) જન્મ, જરા, મરણુ અને રોગથી મુક્ત બનેલા મહાત્મા ઋજુશ્રેણિએ, અસ્પર્શ ગતિએ, એક જ સમયમાં, કોઈ પણુ જાતના વળાંક વિના, ક્યાંય પણુ અટક્યા વિના, ઊંચે નિર્મલ સિદ્ધિક્ષેત્રમાં લોકાગ્રભાગે જઈને, સાકાર (=જ્ઞાન) ઉપયોગથી સિદ્ધ થાય છે.

**લોકાગ્રે રહેલ સિદ્ધિક્ષેત્રનું સ્વરૂપ—**

લોકના ઉપરના અંતિમ એક ગાઉને અંતિમ છઠ્ઠો ભાગ લોકાગ્ર છે. ૨૦૦૦ ધનુષનો એક ગાઉ

થતો હોવાથી ગાઉનો છઠ્ઠો ભાગ ૩૩૩⅓ ધનુષ થાય સિદ્ધ કોઈ પણ જીવની ૩૩૩⅓ ધનુષથી વધારે અવગાહના હોતી નથી. કારણ કે સિદ્ધોની અવગાહના પૂર્વે (૨૮૧મી ગાથામાં) કહ્યું તેમ પોતાના પૂર્વ શરીરના ⅔ ભાગની રહે છે. વધારેમાં વધારે ૫૦૦ ધનુષની કાયાવાળા જ જીવો મોક્ષે જઈ શકે છે. ૫૦૦ ધનુષની કાયાનો ⅔ ભાગ ૩૩૩⅓ ધનુષ થાય. આમ એક ગાઉનો છઠ્ઠો ભાગ અને ઉત્કૃષ્ટ અવગાહનાવાળા સિદ્ધના પૂર્વશરીરનો ⅔ ભાગ (૩૩૩⅓ ધનુષ) સમાન થાય છે. આથી સિદ્ધના જીવોની અવગાહના ૩૩૩⅓ ધનુષ જેટલી કે તેનાથી ઓછી હોય છે, પણ તેનાથી વધારે તો ન જ હોય. આમ લોકાકાશના સૌથી ઉપરના ૩૩૩⅓ ધનુષપ્રમાણ ભાગને લોકાગ્ર કે સિદ્ધિક્ષેત્ર કહેવામાં આવે છે.

પ્રશ્ન:-સિદ્ધિક્ષેત્ર અને સિદ્ધશિલા એ બંને એક જ છે કે જુદા જુદા ?

ઉત્તર:-બંને જુદા છે. સિદ્ધિક્ષેત્રની વાત ઉપર કહી. હવે સિદ્ધશિલાની વિચારણા કરીએ.

આકાશના ઉપરના છેડાથી નીચે એક યોજન બાદ સિદ્ધશિલા છે. જેમ રત્નપ્રભા વગેરે સાત

પૃથ્વીઓ છે, તેમ આ સિદ્ધશિલા આઠમી પૃથ્વી છે. આ પૃથ્વી સ્ફટિક જેવી સફેદ છે. ઉપરના ભાગમાં સપાટ છે. કથરોટ જેવી ગોળ છે. તેનો વિષ્કંભ= લંબાઈ પહોળાઇ ૪૫ લાખ યોજન છે. તે બરોબર મધ્યભાગમાં આઠ યોજન જાડી છે. મધ્ય ભાગ પછી બધી બાજુ તેની જાડાઈ ક્રમશ: ઘટતી જાય છે. આથી તે છેડાના ભાગમાં માખીની પાંખ કરતાં પણ પાતળી છે. આથી એનો આકાર બીજના ચંદ્રમા જેવો છે.

આ સિદ્ધશિલાના ઉપરના ભાગથી સિદ્ધિક્ષેત્રના નીચેના અંતિમ ભાગ સુધીમાં ૩$\frac{૫}{૬}$ ગાઉ થાય છે. એટલે સિદ્ધિક્ષેત્ર અને સિદ્ધશિલા વચ્ચે ૩$\frac{૫}{૬}$ ગાઉનું અંતર છે. આનો અર્થ એ થયો કે સિદ્ધશિલા પછી ૩$\frac{૫}{૬}$ ગાઉ ઉપર જતાં સિદ્ધિક્ષેત્ર આવે છે.

પ્રશ્ન:-સિદ્ધ જીવો સિદ્ધિક્ષેત્રમાં રહે છે, સિદ્ધ-શિલામાં રહેતા નથી; તો એનું સિદ્ધશિલા એવું નામ કેમ છે?

ઉત્તર:-જેટલા ભાગમાં સિદ્ધશિલા છે, ઉપર સિદ્ધિક્ષેત્રમાં તેટલા જ ભાગમાં સિદ્ધના જીવો રહેતા હોવાથી અને સિદ્ધજીવોની અત્યંત નજીક હોવાથી એ પૃથ્વીને સિદ્ધશિલા કહેવામાં આવે છે.

૭૦(प्राप्त्यर्जुश्रेणिवीतिम्–) પ્રશ્ન:–જીવ લોકાગ્ર ભાગે કેવી રીતે જાય છે ?

ઉત્તર:–જે સ્થાને જીવ કર્મોથી સર્વથા મુક્ત બને છે, ત્યાંથી આકાશપ્રદેશોની સીધી શ્રેણિએ (–આડું અવળું ગયા વિના બરોબર સીધી લાઇનમાં) લોકાગ્ર ભાગે જાય છે.

(समयेनैकेन–) પ્રશ્ન:–સિદ્ધજીવ કેટલા સમયમાં સિદ્ધિક્ષેત્રે પહોંચે છે ?

ઉત્તર:–સિદ્ધજીવ એક જ સમયમાં સિદ્ધિક્ષેત્રે પહોંચી જાય છે.

( अस्पर्शाम् ) સિદ્ધજીવ એક જ સમયમાં સિદ્ધિક્ષેત્રે પહોંચી જવાથી બીજા સમયનો સ્પર્શ થતો નથી. તથા આકાશપ્રદેશોની સીધી શ્રેણિએ ગમન કરવાથી જે શ્રેણિએ ગમન કરે છે, તેનાથી અન્ય એક પણ શ્રેણિને સ્પર્શ થતો નથી. આ પ્રમાણે સિદ્ધિની ગતિમાં ( ગમનમાં ) અન્ય સમયનો અને અન્ય આકાશશ્રેણિનો સ્પર્શ નહિ થવાથી તેને

---

૭૦ ऋजुश्रेणिवीतिम्–अवक्रश्रेणीगतिम्, विशिष्टा इतिर्वीतिरिति कृत्वा ।

અસ્પર્શ (=અસ્પૃશદ્ગતિ) કહેવામાં આવે છે.

(अविग्रहेण) પ્રશ્ન:–શું સિદ્ધની ઊર્ધ્વગતિમાં વળાંક ન થાય ?

ઉત્તર:–ના. સિદ્ધજીવ જરા પણ વળાંક વિના ઊર્ધ્વગતિ કરે છે. વળાંક કરે તો સમશ્રેણિએ ન જઈ શકે. સિદ્ધજીવ સમશ્રેણિએ ઊર્ધ્વગમન કરે છે એ નિયમ છે.

(अप्रितघ:–) પ્રશ્ન:–સિદ્ધજીવની ઊર્ધ્વગતિમાં વચ્ચે ક્યાંય થોડી–ઘણી પણ રુકાવટ થાય કે નહિ ?

ઉત્તર:-ના. કોઈપણ જાતની રુકાવટ વિના જ ઊર્ધ્વગતિ થાય છે. જો રુકાવટ થાય તો એક સમયમાં લોકાંતે પહોંચી ન શકે.

(–साकारेणोपयोगेन–) પ્રશ્ન:–સાકારોપયોગથી એટલે કે સાકારોપયોગમાં (=જ્ઞાનોપયોગમાં) વર્તમાન હોય ત્યારે જ સિદ્ધ થાય છે એનું શું કારણ ?

ઉત્તર:–બધી લબ્ધિઓ સાકારોપયોગથી જ થાય છે એમ આગમપાઠ છે. આથી સિદ્ધિગમન પણ સાકારોપયોગથી જ થાય છે.

सादिकमनन्तमनुपम–मव्याबाधसुखमुत्तमं प्राप्तः ।
केवलसम्यक्त्वज्ञान–दर्शनात्मा भवति मुक्तः॥२८९॥
मुक्तः सन्नाभावः, स्वालक्षण्यात्स्वतोऽर्थसिद्धेश्च ।
भावान्तरसंक्रान्तेः, सर्वज्ञाज्ञोपदेशाच्च ॥२९०॥

---

[૨૮૯] સિદ્ધિક્ષેત્રમાં ગયેલ જીવ સાદિ, અનંત, અનુપમ અને અવ્યાબાધ એવું ઉત્તમ પ્રકારનું સુખ પામે છે, તથા મુક્ત જીવ ક્ષાયિક સમ્યક્ત્વ, કેવલ-જ્ઞાન અને કેવળદર્શન સ્વરૂપ થાય છે.

સાદિ=આદિથી સહિત. જે સમયે જીવ સિદ્ધ થાય છે તે સમયથી સુખનો પ્રારંભ થાય છે માટે સાદિ=આદિથી સહિત છે.

અનંત=કદી ક્ષય થતો નથી.

અનુપમ=એ સુખ તુલ્ય અન્ય કોઈ સુખ નથી.

અવ્યાબાધ=રોગ આદિ દુઃખોથી સર્વથા રહિત છે.

[૨૯૦] મુક્ત આત્મા અભાવ સ્વરૂપ બની જતો નથી=તેનો નાશ થઈ જતો નથી. તેના ચાર કારણો છે. (૧) સ્વલક્ષણ, (૨) સ્વતઃ અર્થસિદ્ધિ, (૩) ભાવાંતર સંક્રાંતિ, (૪) જિનાગમપાઠ.

(૧) **સ્વલક્ષણ**– જ્ઞાન-દર્શનનો ઉપયોગ જીવનું

લક્ષણુ છે. આ લક્ષણુ સદા=મોક્ષમાં પણુ વિદ્યમાન હોય છે. જ્યાં જે વસ્તુનું લક્ષણુ હોય ત્યાં તે વસ્તુ અવશ્ય હોય છે. આત્માનું લક્ષણુ મોક્ષમાં વિદ્યમાન હોવાથી આત્મા મોક્ષમાં વિદ્યમાન છે.

(૨) **સ્વતઃઅર્થસિદ્ધિ**- પ્રશ્નઃ-જ્ઞાનદર્શનનો ઉપયોગ એ જીવનો સ્વભાવ છે એમાં શું કારણુ છે?

ઉત્તરઃ-અમુક વસ્તુનો અમુક સ્વભાવ કેમ છે એ પ્રશ્ન જ અસ્થાને છે. દરેક પદાર્થનો સ્વભાવ સ્વતઃ સિદ્ધ હોય છે. તેમાં આમ કેમ એ દલીલ નકામી છે. અગ્નિનો ઉષ્ણુ સ્વભાવ કેમ છે એ પ્રશ્ન કરી શકાય? નહિ. તેમ આત્માનો જ્ઞાન-દર્શનોપયોગ રૂપ સ્વભાવ કોઈ કારણુથી ઉત્પન્ન થયો નથી, કિંતુ અનાદિ કાળથી સ્વતઃ સિદ્ધ છે.

(૩) **ભાવાંતર સંક્રાન્તિ**-જગતની કોઈ વસ્તુ સર્વથા કદી નાશ પામતી જ નથી, માત્ર એના ભાવમાં=પરિણુામમાં સંક્રાન્તિ=ફેરફાર થયા કરે છે. અમદાવાદમાં રહેતો મનુષ્ય મુંબઈ જાય છે તો તેની અવસ્થાનું પરિવર્તન થાય છે, પણુ તેનો સર્વથા નાશ થતો નથી. મનુષ્ય મૃત્યુ પામી દેવલોકમાં ઉત્પન્ન થાય છે તો તેનો સર્વથા નાશ થતો નથી, કિંતુ અવસ્થા બદલાય છે=મનુષ્યાવસ્થા મટી દેવા-

## (૨૩) શિવગમન અધિકાર

त्यक्त्वा शरीरबन्धन–मिहैव कर्माष्टकक्षयं कृत्वा ।
न स तिष्ठत्यनिबन्धा–दनाश्रयादप्रयोगाच्च ॥२९१॥

વસ્થા થાય છે. તેમ સિદ્ધજીવમાં સંસારની અવસ્થાનો નાશ થાય છે અને મુક્ત અવસ્થા પ્રગટે છે. આથી તેમાં અવસ્થાનું પરિવર્તન થાય છે, પણ તેનો સર્વથા નાશ=અભાવ થતો નથી.

(૪) **જિનાગમપાઠ**–આપ્તપુરુષના વચનથી પણ મુક્તજીવ સત્‌રૂપ છે. આપ્ત કદી અસત્ય કહે નહિ. આપ્તનું વચન અને અસત્ય! ત્રિકાળમાં પણ તેમ ન બને.

[૨૯૧] આઠ કર્મોનો ક્ષય કરી શરીરરૂપ બંધનને છોડયા પછી તે મહાત્મા અહીં સંસારમાં રહેતા જ નથી. આમાં ત્રણ કારણો છે, (૧) કારણનો અભાવ, (૨) આશ્રયનો અભાવ, (૩) વ્યાપારનો અભાવ.

(૧) કર્મ, શરીર વગેરે સંસારમાં રહેવાનાં કારણો છે. આ કારણો મુક્તાત્મામાં હોતા નથી,

(૨) મુક્ત આત્માને રહેવાનો આધાર મનુષ્યગતિ

**नाधो गौरवविगमा–दशक्यभावाच्च गच्छति विमुक्तः।**
**लोकान्तादपि न परं, प्लवक इवोपग्रहाभावात् ॥**
**॥२९२॥**

---

નથી, કિંતુ લોકાગ્ર છે. મુક્ત આત્મા અત્યંત લઘુ (=હળવો) હોવાથી તેનો આશ્રય લોકાગ્ર જ છે.

(૩) સંસારમાં શરીર આદિના વ્યાપાર વિના રહી ન શકાય. મુક્તાત્મામાં શરીર આદિના વ્યાપારો હોતા નથી.

[ ૨૯૨ ] પ્રશ્નઃ–મુક્તાત્મા નીચે કેમ ન જાય ?

ઉત્તરઃ–ગુરુ=ભારે વસ્તુઓ જ નીચે જાય. મુક્તાત્મા કર્મરૂપ ભાર દૂર થવાથી અત્યંત લઘુ બની જાય છે, એથી નીચે ન જાય.

પ્રશ્નઃ–મુક્તાત્મા લોકાંતથી ઉપર અલોકમાં કેમ ન જાય ?

ઉત્તરઃ–જેમ વહાણ પાણીની સહાય વિના નહિ ચાલી શકવાથી પાણી હોય ત્યાં સુધી જ જાય છે, આગળ નહિ; તેમ આત્મા ધર્માસ્તિકાય દ્રવ્યની સહાયતા વિના ગતિ નહિ કરી શકવાથી ધર્માસ્તિકાય હોય ત્યાં સુધી જ જાય છે. અલોકાકાશમાં ધર્માસ્તિકાય ન હોવાથી જીવ ત્યાં જઈ શકતો નથી.

**योगप्रयोगयोश्चाभावात्तिर्यग् न तस्य गतिरस्ति ।**
**सिद्धस्योर्ध्वं मुक्तस्यालोकान्ताद् गतिर्भवति ॥२९३॥**
**पूर्वप्रयोगसिद्धे-र्बन्धच्छेदादसङ्गभावाच्च ।**
**गतिपरिणामाच्च तथा, सिद्धस्योर्ध्वं गतिः सिद्धा ॥**

---

[ ૨૯૩ ] પ્રશ્નઃ-મુક્તાત્મામાં ગુરુતા ન હોવાથી નીચે ભલે ન જાય, પણ તિર્છી ગતિ કેમ ન કરે ?

ઉત્તરઃ-મન, વચન અને કાયા એ ત્રણ યોગનો તથા (એ ત્રણ યોગના વ્યાપાર માટે) પ્રયોગનો (=આત્મક્રિયાનો) અભાવ હોવાથી મુક્તાત્મા તિર્છીગતિ કરતો નથી.

આ પ્રમાણે મુક્તાત્માની નીચે કે તિર્છી ગતિ થતી નથી, કિંતુ ઊર્ધ્વગતિ થાય છે; તે પણ લોકાંત સુધી જ.

[ ૨૯૪ ] (૧) સિદ્ધાત્માની ગતિ ઊર્ધ્વ જ કેમ થાય છે ? (૨) આત્માને ગતિ કરવામાં યોગ સહાયક છે. યોગ વિના આત્મા ગતિ કરી શકતો નથી. મુક્તાત્મા યોગરહિત હોવાથી ગતિ કેમ કરી શકે ? આ બે પ્રશ્નોના ઉત્તરો આ ગાથામાં આપવામાં આવ્યા છે.

મુક્તાત્માની ઊર્ધ્વગતિ જ થાય છે તેનાં ત્રણ કારણો છે, (૧) બંધછેદ, (૨) અસંગભાવ, (૩) તથાગતિપરિણામ.

(૧) એરંડાનું ફળ પાકતાં તેના ઉપરના પડ સૂકાઈને ફાટી જાય છે ત્યારે તેમાં રહેલ બીજ બંધન દૂર થવાથી ઉપર ઉછળે છે, તેમ સિદ્ધાત્મા કર્મરૂપ બંધનથી રહિત બનતાં ઉપર જાય છે.

(૨) માટીનો લેપ લગાડીને જળમાં ડુબાવેલું તુંબડું લેપનો સંગ દૂર થતાં પાણીની ઉપર આવી જાય છે. તેમ મુક્તાત્મા કર્મરૂપ સંગથી રહિત થતાં ઉપર જાય છે.

(૩) તથાગતિપરિણામ એટલે ઊર્ધ્વગતિ કરવાનો સ્વભાવ. જેમ દીપકજ્યોતિ આદિનો ઊર્ધ્વ-ગમન સ્વભાવ છે, તેમ આત્માનો ઊર્ધ્વગતિ કરવાનો સ્વભાવ હોવાથી મુક્તાત્મા ઉપર જાય છે.

પૂર્વપ્રયોગસિદ્ધિ શબ્દથી બીજા પ્રશ્નનો ઉત્તર આપ્યો છે. મુક્તાત્મામાં યોગનો અભાવ હોવા છતાં યોગનિરોધની પહેલાના યોગના=પ્રયોગના સંસ્કારો રહેલા હોય છે, એ સંસ્કારોની સહાયથી આત્મા ઊર્ધ્વગતિ કરે છે. જેમ કુંભાર ચાકડાને હાથથી

**देहमनोवृत्तिभ्यां, भवतः शारीरमानसे दुःखे ।**
**तदभावस्तदभावे, सिद्धं सिद्धस्य सिद्धिसुखम् ॥२९५॥**

---

ગતિમાન કરીને હાથ લઇ લે છે છતાં પૂર્વના સંસ્કારથી ચક્રની ગતિ થયા કરે છે, તે પ્રમાણે મુક્તાત્માઓમાં વર્તમાનમા યોગનો અભાવ હોવા છતાં પૂર્વ-યોગના સંસ્કારોથી તે ઊર્ધ્વગતિ કરે છે.

[૨૯૫] પ્રશ્નઃ–સિદ્ધ જીવોને એકાંતે સુખ જ હોય, ક્યારે પણ કોઈ પણ જાતનું જરા પણ દુઃખ ન હોય એનું શું કારણ ?

ઉત્તરઃ–આત્મામાં સ્વભાવિક સુખ રહેલું જ છે. પણ જેમ વાદળ સૂર્યના પ્રકાશને દબાવે છે, તેમ દુઃખનાં કારણોએ એ સુખને દબાવી દીધું છે. આથી વાદળ દૂર થતાં સૂર્યના પ્રકાશની જેમ દુઃખનાં કારણો દૂર થતાં આત્માનું સ્વાભાવિક સુખ પ્રગટ થાય છે. સંસારમાં મુખ્યતયા શારીરિક અને માનસિક. એ બે પ્રકારનું દુઃખ છે. એ બે પ્રકારના દુઃખનું કારણ શરીર અને મન છે. સિદ્ધના જીવોને શરીર અને મન ન હોવાથી બંને પ્રકારનું દુઃખ હોતું નથી અને સ્વાભાવિક સુખ હોય છે.

## (૨૪) સાધુ ધર્મ ફલ અધિકાર.

यस्तु यतिर्घटमानः, सम्यक्त्वज्ञानशीलसम्पन्नः ।
वीर्यमनिगूहमानः शक्त्यनुरूपप्रयत्नेन ॥२९६॥

संहननायुर्बलकालवीर्यसम्पत्समाधिवैकल्यात् ।
कर्मातिगौरवाद्वा, स्वार्थमकृत्वोपरममेति ॥२९७॥

सौधर्मादिष्वन्यतमकेषु सर्वार्थसिद्धिचरमेषु ।
स भवति देवो वैमानिको महर्द्धिद्युतिवपुष्कः ॥२९८॥

---

[૨૯૬ થી ૨૯૮] સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ રત્નત્રયીથી સંપન્ન જે સાધુ (સકલ કર્મોનો ક્ષય કરવા) પોતાના વીર્યને જરા પણ ગોપવ્યા વિના સ્વશક્તિ મુજબ પ્રયત્ન કરવા છતાં, (૧) વિશિષ્ટ સંઘયણ, (૨) દીર્ઘાયુ, (૩) વિશિષ્ટબળ (૪) ચોથો આરો આદિ વિશિષ્ટકાળ, (૫) ઉત્સાહરૂપ સમૃદ્ધિ અને વિશિષ્ટ ચિત્તસ્વાસ્થ્યના અભાવે કે કર્મના અધિક ભારના યોગે, સકલ કર્મોનો ક્ષય કર્યા વિના મૃત્યુ પામે તો, સૌધર્મથી સર્વાર્થસિદ્ધિ સુધી કોઈ પણ એક દેવલોકમાં અતિશય દેદીપ્યમાન મહર્દ્ધિક વિમાનવાસી દેવ થાય છે.

तत्र सुरलोकसौख्यं, चिरमनुभूय स्थितिक्षयात्तस्मात् ।
पुनरपि मनुष्यलोके, गुणवत्सु मनुष्यसङ्घेषु ॥२९९॥
जन्म समवाप्य कुलबन्धुविभवरूपबलबुद्धिसम्पन्नः ।
श्रद्धासम्यक्त्वज्ञानसंवरतपोबलसमग्रः ॥३००॥
पूर्वोक्तभावनाभावितान्तरात्मा विधूतसंसारः ।
सेत्स्यति ततः परं वा, स्वर्गान्तरितस्त्रिभवभावात् ॥

---

[૨૯૯ થી ૩૦૧] દેવલોકમાં લાંબા કાળ સુધી દૈવી સુખો ભોગવીને આયુષ્યનો ક્ષય થતાં, ત્યાંથી ચ્યવી ફરી મનુષ્યલોકમાં શ્રદ્ધા અને જૈનત્વને યોગ્ય આચાર આદિ ગુણોથી સંપન્ન વિશાળ કુટુંબમાં જન્મ લે છે. ત્યાં વિશિષ્ટ કુળ, વિશિષ્ટ સ્વજન-પરિવાર, વૈભવ, રૂપ, બલ અને બુદ્ધિ આદિની પ્રાપ્તિ થાય છે. એને દેવ, ગુરુ અને ધર્મ પ્રત્યે અતિશય શ્રદ્ધા=પ્રેમ હોય છે તે નિર્મળ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને આસ્રવનિરોધ રૂપસંવરથી યુક્ત બને છે. અત્યંત ઉત્સાહથી તપનું સેવન કરે છે. પૂર્વોક્ત અનિત્યાદિ ભાવનાઓથી મનને ભાવિત કરે છે. તે જ ભવે સંસારનો નાશ કરી મોક્ષને પામે છે. અથવા મૃત્યુ પામી, દેવલોકમાં જઈ, ફરી મનુષ્યભવમાં આવે, એમ ત્રણ ભવો કરીને સિદ્ધ થાય છે.

## (૨૫) ગૃહસ્થ ધર્મ ફલ અધિકાર.

यश्चेह जिनवरमते, गृहाश्रमी निश्चितः सुविदितार्थः ।
दर्शनशीलव्रतभावनाभिरभिरञ्जितमनस्कः ॥३०२॥
स्थूलवधानृतचौर्य–परस्त्रीरत्यरतिवर्जितः सततम् ।
दिग्व्रतमिह देशावकाशिकमनर्थविरतिं च ॥३०३

---

**ગૃહસ્થધર્મનું સ્વરૂપ અને ફળ—**

[૩૦૨ થી ૩૦૮] જે ચારિત્ર નહિ લઈ શકવાથી ગૃહવાસમાં રહીને (૧) જિનેશ્વરના વચનમાં નિશ્ચિત રહે છે=જિનપ્રવચન જ સંસારથી પાર ઉતારનાર છે એવો અટલ વિશ્વાસ રાખે છે, (૨) સર્વજ્ઞ-વચનના અનુસારે જીવાદિ પદાર્થોને સારી રીતે જાણે છે, (૩) સમ્યક્ત્વ, મૂલગુણ, ઉત્તરગુણ અને અનિ-ત્યાદિ ભાવનાથી મનને ભાવિત કરે છે, [૩૦૨] (૪) સદા સ્થૂલહિંસા, સ્થૂલઅસત્ય, સ્થૂલચોરી, પરસ્ત્રીગમન, અને ઇષ્ટ–અનિષ્ટ વિષયોમાં રતિ–અરતિનો ત્યાગ કરે

---

૭૧ મોટી ટીકામાં તથા અવચૂરિમાં અરતિપદનો 'વ્રત-પરિપાલન આદિ વિશે ઉદ્વેગ' એ અર્થ કર્યો છે, પણ પ્રસ્તુત પ્રકરણાનુસાર 'અનિષ્ટ વિષયો વિશે અરતિ=દ્વેષ' એ અર્થ વધારે સંગત લાગે છે.

**सामायिकं च कृत्वा, पौषधमुपभोगपारिमाण्यं च ।**
**न्यायागतं च कल्प्यं, विधिवत्पात्रेषु विनियोज्यम् ॥**
**चैत्यायतनप्रस्थापनानि कृत्वा च शक्तितः प्रयतः ।**
**पूजाश्च गन्धमाल्या–[७४]धिवासधूपप्रदीपाद्याः ॥३०५॥**

---

છે, [૭૨]પરિગ્રહનું પરિમાણ કરે છે, (૫) [૭૩]દિગ્વ્રત, દેશાવગાસિક, અનર્થવિરતિ, સામાયિક, પૌષધ અને ભોગોપભોગ પરિમાણ–એ વ્રતોને ધારણ કરે છે, (૬) ન્યાયસંપન્ન અને કલ્પ્ય અન્નાદિનું વિધિપૂર્વક સુપાત્રમાં દાન કરીને અતિથિસંવિભાગ કરે છે, [૩૦૩ ૩૦૪]

(૯) શક્તિ મુજબ પ્રયત્ન પૂર્વક=શાસનપ્રભાવના થાય

---

૭૨ સ્થૂલપરિગ્રહ ત્યાગનો નિર્દેશ મૂળમાં નથી. પણ ટીકાકારોએ ઉપલક્ષણથી તેનો નિર્દેશ કર્યો છે.

૭૩ દિગ્વ્રતથી આરંભી અતિથિસંવિભાગ સુધીના સાત વ્રતોના અહીં બતાવેલા ક્રમથી આગમમાં બતાવેલ ક્રમ જુદો છે. આગમમાં દિગ્વ્રત, ભોગપભોગપરિમાણ, અનર્થદંડવિરતિ, સામાયિક, દેશાવગાસિક, પૌષધ, અતિથિસંવિભાગ એ ક્રમ છે. આ ક્રમ વધારે પ્રચલિત છે.

૭૪ **गन्धमाल्यादिना यस्तु संस्कारः सोऽधिवासनम्** (અભિ. ચિંતા. શ્લોક ૬૩૭). માલ્ય એટલે પુષ્પ, ગંધમાલ્ય એટલે સુગંધી પુષ્પ. અર્થાત્ સુગંધી પુષ્પો, આદિથી સંસ્કાર કરવો તે અધિવાસ.

प्रशमरतिनित्यतृषितो, जिनगुरुसाधुजनवन्दनाभिरतः।
संलेखनां च काले, योगेनाराध्य सुविशुद्धाम् ॥३०६॥
प्राप्तः कल्पेष्विन्द्रत्वं सामानिकत्वमन्यद्वा ।
स्थानमुदारं तत्रानुभूय च सुखं तदनुरूपम् ॥३०७॥
नरलोकमेत्य सर्वगुणसम्पदं दुर्लभां पुनर्लब्ध्वा ।
शुद्धः स सिद्धिमेष्यति, भवाष्टकाभ्यन्तरे नियमात् ॥

---

તે રીતે) જિનબિંબ અને જિનમંદિર કરાવે છે, તથા જિનબિંબોની પ્રતિષ્ઠા કરાવે છે, (૧૦) સુગંધી પુષ્પો ચઢાવવા, સુગંધી ધૂપ કરવો, દીપક ધરવો વગેરે અનેક પ્રકારે જિનબિંબની પૂજા કરે છે, [૩૦૫] (૧૧) હું ક્યારે સાધુપણું લઈને કષાયોને જીતીશ એ પ્રમાણે સદા પ્રશમપ્રેમનો પિપાસુ રહે છે, (૧૨) તીર્થંકર, આચાર્યાદિ, તથા સાધુઓને વંદન કરવામાં તત્પર રહે છે, (૧૩) મૃત્યુકાળે ધર્મધ્યાનથી અતિચારરહિત સંલેખના કરે છે, [૩૦૬] તે મૃત્યુ પામી સૌધર્મ આદિ ઇંદ્ર, સામાનિક દેવ, કે અન્ય કોઈ વિશિષ્ટ દેવ બને છે. ત્યાં પોતાના સ્થાનને અનુરૂપ સુખનો અનુભવ કરીને સ્થિતિનો ક્ષય થતાં મનુષ્ય લોકમાં

---

૭૫ प्रशमः कषायादिजयः

इत्येवं प्रशमरतेः, फलमिह स्वर्गापवर्गयोश्च शुभम् ।
सम्प्राप्यतेऽनगारै-रगारिभिश्चोत्तरगुणाढ्यैः ॥३०९॥

(૨૬) સજ્જનપ્રાર્થના અધિકાર

जिनशासनार्णवादा-कृष्टां धर्मकथिकामिमां श्रुत्वा ।
रत्नाकरादिव जरत्कपर्दिकामुद्धृतां भक्त्या ॥३१०॥

---

જન્મે છે. ત્યાં પુનઃ દુર્લભ સર્વ ગુણો રૂપી સંપત્તિ મેળવીને સકલ કર્મોના કલંકથી મુક્ત બને છે અને સિદ્ધિને પ્રાપ્ત કરે છે. આવો જીવ વધારેમાં વધારે આઠ ભવોની અંદર નિયમા મોક્ષે જાય છે. [૩૦૭-૩૦૮]

**પ્રશમરતિનું ફળ—**

[૩૦૯] આ પ્રમાણે મૂલગુણ અને ઉત્તરગુણોથી સંપન્ન સાધુઓ અને શ્રાવકો પ્રશમરતિના યોગે આ લોકમાં, સ્વર્ગમાં અને મોક્ષમાં શુભફળ મેળવે છે.

**સજ્જન પ્રાર્થના—**

[૩૧૦-૩૧૧] રત્નાકરમાંથી ઘસાયેલી કોડી લીધી હોય તેમ, જિનશાસનરૂપ સમુદ્રમાંથી ભક્તિ પૂર્વક લીધેલી આ ધર્મકથાને (પ્રશમરતિ પ્રકરણને) સાંભળીને ગુણ-દોષના જ્ઞાતા સજ્જનોએ આમાં રહેલા

सद्भिर्गुणदोषज्ञै-र्दोषानुत्सृज्य गुणलवा ग्राह्याः ।
सर्वात्मना च सततं, प्रशमसुखायैव यतितव्यम् ॥
यच्चासमञ्जसमिह, छन्दःशब्दसमयार्थतोऽभिहितम् ।
पुत्रापराधवन्मम, मर्षयितव्यं बुधैः सर्वम् ॥३१२॥
सर्वसुखमूलबीजं, सर्वार्थविनिश्चयप्रकाशकरम् ।
सर्वगुणसिद्धिसाधन-मर्हच्छासनं जयति ॥३१३॥
॥ प्रशमरतिप्रकरणं समाप्तमिति ॥

---

દોષોની ઉપેક્ષા કરીને જે થોડા ગુણો હોય તેને ગ્રહણ કરવા જોઇએ; તથા સદા સઘળા ઉપાયો કરીને પ્રશમસુખ મેળવવા પ્રયત્ન કરવો જોઇ એ.

[૩૧૨] આ ગ્રંથમાં છન્દશાસ્ત્ર, શબ્દશાસ્ત્ર અને જિનપ્રણીત શાસ્ત્રના અર્થથી વિરુદ્ધ જે કંઇ મારાથી કહેવાયું હોય તે સઘળું પંડિતોએ મને માફ કરવું.

[૩૧૩] આલોક, પરલોક અને મોક્ષના સુખનું મૂલ કારણ જૈનશાસન છે. તે સઘળા પદાર્થોને ચોક્કસ રૂપે જણાવે છે. જૈનશાસન ક્ષમા આદિ સર્વ ગુણોની સિદ્ધિ કરી આપનાર અણમોલ સાધન છે. આવું જૈન શાસન અત્યારે પણ જયવંતુ વર્તે છે.

પૂ. પંન્યાસ શ્રી રાજશેખર વિ. ગણિવર્યના

# સંપાદિત–અનુવાદિત

| ગ્રંથ | સાઈઝ | વિષય |
|---|---|---|
| જ્ઞાનસાર | પોકેટ બુક | મૂળ શ્લોકો |
| યોગશાસ્ત્ર | ,, | ,, |
| તત્ત્વાર્થ | ,, | ગુજરાતી અર્થ સાથે મૂળ સૂત્રો |
| ધર્મબિંદુ | ક્રાઉન ૧૬ પેજી | ,, |
| પંચસૂત્ર | ,, | ,, |
| વીતરાગ સ્તોત્ર | ,, | ગુ અ. સાથે મૂળ ગાથાઓ |
| પ્રશમરતિ | ફૂલ્સકેપ ૧૬ પેજી | ,, |
| હારિભદ્રીય અષ્ટક | ,, | ,, |
| જ્ઞાનસાર | ,, | ,, |
| તત્ત્વાર્થ | ક્રાઉન ૧૬ પેજી | ગુજરાતી વિવેચન |
| પંચાશક | ,, | સટીક ગુજરાતી અનુવાદ |
| ગુરુતત્ત્વવિનિશ્ચય | ક્રાઉન ૮ પેજી | ,, ,, |
| પંચવસ્તુક | ,, | ,, ,, |